# પ્રકરણ : ૨

# ચૌધરી સમાજનો ઐતિહાસિક,સામાજિક અને સાંસ્કૃતિક પરિચય

## ૨.૧ પ્રસ્તાવના :

ગુજરાતની પૂર્વીય સરહદી પટ્ટી આદિવાસી વસ્તીનો પ્રદેશ છે.દાંતાથી ડાંગ સુધી;એટલે કે ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળા,પૂર્વમાં સાતપુડા અને વિધ્યાંચળની પર્વતમાળા તથા સહ્યાદ્રિ પર્વતમાળાની વચ્ચે આવેલ જંગલોથી આચ્છાદિત પર્વતીય વિસ્તારોમાં આદિવાસીઓની વસ્તી જોવા મળે છે.ઇ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આદિવાસીઓની વસ્તી ૮૯,૧૭,૧૭૪ જેટલી નોંધાઈ છે,જે ગુજરાતની કુલ વસ્તી ૬,૦૪,૩૯,૬૯૨ના ૧૪.૭૫% જેટલી થાય છે.અહીં ખાસ કરીને ભીલ, વસાવા, ચૌધરી, ગામીત, કુંકણા,વારલી, ઢોડિયા, નાયકા, કોટવાડિયા,દુબળા વગેરે લોકોનો વસવાટ છે.ચૌધરીઓ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લામાં જોવા મળે છે.ચૌધરીઓની કુલ વસ્તીના ૯૦ % વસ્તી એકલા સુરત અને તાપી જિલ્લામાં વસે છે.જેમાં માંડવી,માંગરોળ,વ્યારા,વાલોડ,મહુવા,બારડોલી તેમજ ડોલવણ વગેરે તાલુકામાં તેમની વસ્તી વિશેષ પ્રમાણમાં  જોવા મળે છે.આ ઉપરાંત નવસારી,ભરૂચ તેમજ નર્મદા જિલ્લામાં ચૌધરીઓની જૂજ વસ્તી જોવા મળે છે.તો પોતાના નોકરી ધંધાર્થે સ્થળાંતર થયેલા ચૌધરીઓ ગાંધીનગર,અમદાવાદ તેમજ વડોદરા જેવાં મોટા શહેરોમાં પણ વસેલા જોવા મળે છે.

આમ,ભૌગોલિક દષ્ટિકોણથી જોઈએ તો અંબિકા નદીની ઉત્તરેથી  લઈ તાપી નદીના બંને કાંઠે તેમજ સુરત જિલ્લાના માંગરોળ સુધી ચૌધરીઓ વિપુલ પ્રમાણમાં વસે છે.

## ૨.૨ ચૌધરી જાતિનો ઉદ્ભવ :

વસ્તીની દષ્ટિએ ગુજરાતમાં ચોથું સ્થાન ધરાવતી આ ચૌધરી જનજાતિના  ઉદ્ભવ તેમજ તેમના મૂળ વતન અંગે અનેક મતમતાંતરો પ્રવર્તે છે.આ જાતિ અહીં જ વસતી હતી કે પછી કયાંકથી આવીને વસી છે એ અંગેની આધારભૂત જાણકારી મળતી નથી,તેમ છતાં કેટલાક સરકારી દસ્તાવેજ અને કિવદંતીઓ મળી આવે છે,જેના આધારે ઉદ્ભવેલી બે પ્રચલિત માન્યતાઓ ખાસ ધ્યાન પર આવે છે.જેમાં,પહેલો મત ચૌધરીઓના મૂળ પાવાગઢના રાજપૂતોમાં હોવાનું માને છે,તો બીજો મત તેમને આ જ ભૂમિના મૂળ વતની હોવાનું માને છે. તો આપણે અહીં આ બંને મતોની થોડી છણાવટો કરી વધુ સ્વીકાર્ય લાગતા  નિષ્કર્ષ પર પહોંચવાનો પ્રયત્ન કરીએ :

એક કિવદંતી મુજબ ચૌધરીઓના વડવાઓ મૂળ પાવાગઢના વતની હતા.તેઓ પાવાગઢના રાજા રજવાડામાં સિપાહી કે રક્ષકો તરીકે સેવા આપતા હતા,કાં તો આમ જનતા તરીકે વસવાટ કરતા હતા.એક સમયે જ્યારે પાવાગઢમાં રાજા પતઈ રાવલથી ખ્યાતિ પામેલ રાજવી જયસિંહદેવ મહારાઓલજી રાજ્ય કરતા હતા,ત્યારે તેમના શાસનમાં ચાંપાનેર એક સમૃદ્ધ અને બળવાન રાજ્ય હતું.પણ જ્યારે અમદાવાદના સુલતાન મહંમદ બેગડાએ(ઈ.સ.૧૪૮૪)પાવાગઢને જીતી લીધું, ત્યારે તેણે અહીંની હિંદુ પ્રજા પર જુલમ ગુજારવાની શરૂઆત કરી; સાથે તેમને મુસ્લિમ ધર્મ અપનાવવા માટેની પણ ફરજ પાડવામાં આવી.તેથી આ હિંદુ પ્રજા પોતાના ધર્મની રક્ષા માટે ઉત્તર ગુજરાત,પૂર્વમાં મધ્યપ્રદેશ તથા ઠેઠ મહારાષ્ટ્ર સુધી હિજરત કરી ગયા હોવાના ઉલ્લેખ જોવા મળે છે.જેમાંથી કેટલાંક પરિવારો દક્ષિણ ગુજરાતમાં તાપી નદીની ઉત્તર-દક્ષિણે તેમજ સુરત જિલ્લાના નળધરા વિસ્તારમાં આવીને વસી ગયા,અને અહીંની સ્થાનિક સ્ત્રીઓ સાથે જોડાઈને ચૌધરી જાતિ સ્વરૂપે વિકસ્યા હશે.જે ધીમેધીમે સમગ્ર સુરત જિલ્લામાં તેમજ તેને અડીને આવેલા ભરૂચ તથા વલસાડ જિલ્લામાં ફેલાઈ ગયા હશે એવી સંભાવનાઓ આંકવામાં આવે છે.તેથી આજે પણ ચૌધરીઓમાં પાવાગઢી અટક ધરાવનારી પેટાજ્ઞાતિ જોવા મળે છે.

ચૌધરી જાતિની આ ઉત્પત્તિ અને સ્થળાંતર વિશેની માન્યતા અંગે પ્રાપ્ત થતા કેટલાંક સરકારી અહેવાલો તેમજ સંશોધન કર્તાઓએ તેમની નોંધો અને અહેવાલોમાં જે પ્રકાશ પાડયો છે જે નીચે મુજબ છે :

- **મુંબઈ ગેઝેટીયર્સ (૧૯૦૯)** દર્શાવે છે કે તેઓ મૂળ પાવાગઢના રાજપૂતો છે.મહંમદ બેગડાએ ઈ.સ.૧૪૮૪માં પતઈ રાવળને હરાવ્યો,તેથી પોતાના ધર્મને બચાવવા માટે રાજપૂતો ત્યાંથી ભાગીને દક્ષિણ ગુજરાતમાં ગયા,જે કોઈક કારણોથી ચૌધરી તરીકે જાણીતા થયા.[૧]
- **વસ્તી ગણતરી અહેવાલ (૧૯૧૧)** ના ઉલ્લેખના આધારે " દક્ષિણ ગુરાતની ચૌધરી જાતિ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ખેરાળુ વિસ્તારના આંજણા ચૌધરીઓ જેવા દેખાય છે.તેમના રીત રિવાજો પણ આંજણાઓને મળતા આવે છે." [૨]
- **એન્થોવન (૧૯૨૦)** પણ પોતાની નોંધમાં ચૌધરી મૂળ પાવાગઢના વતની હશે એવી દંતકથાને સમર્થન આપે છે.

- **પ્રો.ડી.એન મજુમદાર ( ૧૯૪૬ )** માં ગુજરાતના પ્રજાતિય અભ્યાસમાં એમના મતો રજૂ કરતા જણાવે છે કે, " ચૌધરી આદિવાસીઓ અને આંજણા ચૌધરીઓમાં રીત રિવાજોની દષ્ટિએ કોઈ સમાન લક્ષણોના ઉલ્લેખો જોવા મળતા નથી.ચૌધરી જાતિના લોકો પોતાને દંતકથામાં વર્ણવેલી કથા સાથે જોડવાનો પ્રયત્ન કરે છે.તો બીજી બાજુ આંજણા ચૌધરીઓ સાથેનો કોઈ જ સંબંધ જોડવાનો પ્રયત્ન કરતા નથી." તેમના આ મત અંગે શ્રી શંકરભાઈ ન. ચૌધરી પોતાનું તારણ આપતા નોંધે છે કે પ્રો.ડી.એન મજુમદારે વસ્તી ગણતરી અહેવાલ (૧૯૧૧) ને લક્ષમાં લીધો હોય તેમ લાગતું નથી.વળી તેઓ નોંધે છે કે ચૌધરીઓ પોતાને દંતકથામાં વર્ણવેલી કથા સાથે જોડવાનો પ્રયત્ન કરે છે એટલે કે પાવાગઢનું પતન થવાથી પોતાના વડવાઓ હિજરત કરીને સુરત જિલ્લામાં આવીને વસ્યા એમ સ્વીકારે છે.તેનો મતલબ એ થયો કે શ્રી મજુમદારના અભ્યાસ દરમિયાનના સંપર્ક માધ્યમો પોતાના પૂર્વજો પાવાગઢના રહેવાસી હતા તે વાતને સ્વીકારી; ત્યાં સુધીની જ માહિતી જાણતા હશે તે વાત પ્રકાશમાં આવે છે.પરંતુ પાવાગઢના રાજપૂતોના મૂળ આબુ પર વસવાટ કરતા અને આબુથી ધીરેધીરે ઉત્તર ગુજરાત અને ઠેઠ પાવાગઢ સુધી આવીને વસેલા આંજણા ચૌધરીઓમાં છે તે બાબતથી તેના સંપર્ક માધ્યમો અજાણ હોય તેમ બની શકે.આમ કહીને તેઓ **પ્રો.ડી.એન મજુમદાર** પણ ચૌધરીઓના વડવા મૂળ પાવાગઢના વતની હશે તેવી સંભાવનાને નકારતા નથી."[૩] એવા તારણ પર પહોંચે છે.
- **ઓગષ્ટા ગ્લેટર (૧૯૬૯)** પોતાનો મત રજૂ કરતા મુંબઈ ગેઝેટીયરે (૧૯૦૧)માં દર્શાવેલ વિગતો અને દંતકથાના આધારે ચૌધરી જાતિના મૂળ પાવાગઢ ના રજપૂતોમાં છે તેમ દર્શાવે છે. આ વિધાનના સમર્થન રૂપે ચૌધરી જાતિમાં આજે કુળદેવી તરીકે કાલીમાતા તેમજ રાવળિયા કુળનો ઉલ્લેખ વગેરે વિગતોનો આધાર લે છે.[૪]

ઉપર મુજબના અહેવાલો; અને તેમાં પણ ખાસ કરીને વસ્તીગણતરી અહેવાલના આધારે શ્રી શંકરભાઈ ન.ચૌધરી મત રજૂ કરતા નોંધે છે કે,

" અત્યારના સમયમાં પણ આંજણા ચૌધરીઓ અને દક્ષિણ ગુજરાતના ચૌધરીઓના રીતરિવાજ તથા પહેરવેશમાં કેટલીક સામ્યતાઓ જોવા મળે છે.ઉપરાંત આંજણા ચૌધરીઓ પણ પોતાના પૂર્વજોનો પાવાગઢમાં વસવાટ હતો,તથા પતઈ રાજાના

પતન સાથે તેઓ હિજરત કરીને મહેસાણાના ખેરાળુ વિસ્તારમાં આવીને વસ્યા હતા એમ સ્વીકારે છે.અર્થાત પાવાગઢમાં આ પ્રજા આમ પ્રજાજન તરીકે તથા રાજાના સૈનિકો,સેવકો કે દરબારી તરીકે સેવા આપતી હશે.રાજાના પતન સાથે કેટલાંક પરિવારો ત્યાંથી હિજરત કરીને ખેરાળુ વિસ્તારમાં પહેલેથી બહુલ પ્રમાણમાં વસવાટ કરતા પોતાના આંજણા ચૌધરી પરિવારો સાથે ભળી ગયા હશે.જ્યારે કેટલાક પરિવારો દક્ષિણ ગુજરાત તરફ હિજરત કરી સુરત જિલ્લામાં આવી સ્થાયી થયા હશે,તે જોતા દક્ષિણ ગુજરાતના ચૌધરીઓના મૂળ પાવાગઢના રજપૂતોમાં હોવાના તથા આંજણા ચૌધરીઓ અને દક્ષિણ ગુજરાતના ચૌધરીઓના વડવાઓના મૂળ એક હોવાનો પ્રબળ મત ઊભો થાય છે.”[૫]

આમ ઉપર મુજબના અહેવાલો પરથી તારવેલા તારણોના આધારે શ્રીશંકરભાઈ ચૌધરી દક્ષિણ ગુજરાતના ચૌધરીઓનાં મૂળ પાવાગઢના રજપૂતોમાં હોવાના તથા તેમનો સબંધ ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરીઓ સાથે હોવાનો મત રજૂ કરી;આદિવાસી ચૌધરીઓ અને આંજણા ચૌધરીઓનું મૂળ એક જ હોવાના મતની પ્રબળ દાવેદારી દર્શાવે છે.પરંતુ આંજણા ચૌધરીઓના પરંપરાગત લક્ષણો અને સ્પષ્ટ રીતે ભિન્ન અને વિરોધાભાષી છે.

તો આ મતની સામે પોતાની પ્રબળ દાવેદારી ધરાવતો બીજો મત જે ચૌધરીઓને દક્ષિણ ગુજરાતના મૂળ વતની હોવાનું ગણાવે છે,તે અંગે પ્રાપ્ત થતા સરકારી અહેવાલો અને વિદ્વાનોના મંતવ્યો નીચે મુજબ છે :

- **રેવરંડ જ્હોન વિલ્સન (૧૮૭૬)** ના જણાવ્યા અનુસાર ચૌધરીઓ તાપી નદીના અસ્તિત્વ કાળથી હયાતી ધરાવે છે.અર્થાત તેઓ ચૌધરી જાતિ આદિ કાળથી અહીં વસવાટ કરતી હશે એમ માને છે.[૬]
- **સ્ટેન કોનોવ (૧૯૦૮)** પણ પોતાના મતને આ રીતે દર્શાવતા જણાવે છે કે,ચૌધરી બોલી ગામીત અને ઢોડિયા બોલીની જેમ ગુજરાતી ભીલ સાથે મળતી આવે છે.આમ તેઓ ચૌધરી બોલીને ભીલી બોલીના ભાગરૂપે ગણાવે છે.
- **શાંતિભાઈ આચાર્યએ** પોતાને પ્રાપ્ત થયેલી એક કિવદંતી અનુસાર, “ ઈ.સ.૧૪૮૪માં મહંમદ બેગડાએ જ્યારે પાવાગઢ જીતી લીધું ત્યારે ત્યાંના રજપૂતોએ ટુકડીઓમાં વિભાજીત થઈ ત્યાંથી સ્થળાંતર કર્યુ,આ ટુકડીઓમાંથી

કેટલાક રજપૂતો નર્મદા નદીને ઓળંગીને આવ્યા.જેમાં ગોકુળ નામનો એક રજપૂત સુરત જિલ્લાના મહુવા તાલુકાના નળધરા ગામમાં પહોંચ્યો અને ત્યાં સ્થાયી થયો.આ રાજપૂત ઘોડા પર આવ્યો હતો.તેણે પોતાના ઘોડાની દેખભાળ માટે ચોધરી સ્ત્રીને કામ પર રાખી.સમય જતા તેણે એ સ્ત્રી સાથે લગ્ન કર્યા,અને તેનાથી જે પ્રજા થઈ તે પાછળથી ચૌધરી જાતિ તરીકે ઓળખાતી થઈ એવું માનવામાં આવે છે."[૭] આ કિવદંતીથી આ વાત સ્પષ્ટ થાય છે કે ચૌધરી જાતિના લોકો અહીં પહેલેથી જ વસતા હશે,ને તેથી જ ચૌધરી સ્ત્રી સાથે લગ્ન કર્યાનો ઉલ્લેખ છે.

- **ડો.અરવિંદ ભટ્ટ** પોતાના પુસ્તકમાં લખે છે કે સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટિએ ચૌધરીઓનો વસાવા ભીલોની સાથે નિકટનો સબંધ હોવાનું સંભવ છે.ચૌધરી અને વસાવા જાતિની ઉત્પતિ વિશેની ધાર્મિક કિવદંતીઓમાં ઘણી બધી સમાનતા જોવા મળે છે.એમની દંતકથાઓમાં રાજા પાંઠા અને બાલો વિંધાણની કથા આવે છે.બંને જાતિઓમાં તેમને એમના આદિ પુરૂષો માનવામાં આવે છે.માંગરોળ,ભરૂચ,માંડવી વિસ્તારના ચૌધરીઓમાં આ દંતકથાના બીજ આજે પણ મળી આવે છે.[૮]

તેમની આ માન્યતાના પીઠબળ તરીકે આપણે ચૌધરીઓની જીવનશૈલીને જોઈશું તો આ સમાજ પ્રકૃતિ પૂજક છે.તેમના જન્મ સંસ્કાર,લગ્ન સંસ્કાર તેમજ મૃત્યુ સંસ્કાર ઉપરાંત તેમના તહેવારો,દેવ પૂજા,ભાષા-બોલી અને રીત રિવાજો વગેરે; કે જે કોઈ પણ સમાજની સંસ્કૃતિનાં મુખ્ય અંગો કહેવાય તે તમામ તેમનાં પોતીકા અને આગવા છે.એટલું જ નહીં અક્ષર જ્ઞાનના અભાવે પણ તેઓએ જે રીતે પોતપોતાનાં જ્ઞાતિ,પરિવાર અને સમાજનાં પારંપારિક રીતરિવાજો,ભાષા-બોલી,પહેરવેશ,જ્ઞાતિગત જીવન મૂલ્યો તથા વારસાને જાળવી રાખ્યો છે,એ જોતા ચૌધરી સમાજ પણ જંગલ વિસ્તારોમાં વસતી અનેક આદિવાસી જન જાતિઓ પૈકીનો જ એક આદિવાસી સમાજ હોવાનું પ્રતીત થાય છે,અને એટલા માટે જ તેઓનો પ્રકૃતિના ખોળે,અહીંની ભૂમિમાં જ ઉદ્ભવ થયો હોવાનું,તેમજ તેઓ આ વિસ્તારના જ આદિવાસી હોવાના મતને;આ સમાજનાં જ કેટલાક વ્યક્તિઓ વધુ પ્રબળ રીતે આગળ કરે છે.

આમ,સમગ્રતયા જોતા પાવાગઢથી નાસી છૂટેલાં રજપૂતોમાંથી સમગ્ર ચૌધરી જાતિ વિકસી હોય તે સાથે સહમત થઈ શકાતું નથી.રાવળિયા કુળ અને કાળિકા માતાનો સંબંધ પણ નળધરા અને તેની આજુબાજુના ગામડાઓ પૂરતો સીમિત બની રહે છે,જ્યારે ચૌધરી સમાજ અને તેનું સાંસ્કૃતિક માળખું તેમને ઘણી પુરાણી જાતિ માનવા પ્રેરે છે.એ જોતા ચૌધરીઓ પ્રાચીનકાળથી આ જ ભૂમિ પર વસવાટ કરતા હશે;અને અન્ય આદિજાતિના ઉદ્ભવ સાથે તેમનો પણ ઉદ્ભવ થયો હશે એમ માની શકાય.

## ૨.૩ ચૌધરીઓની પેટા જ્ઞાતિઓ :

વિવિધ અભ્યાસ નોંધો અને કિવદંતીઓના આધારે ચૌધરીઓની બાર જેટલી પેટાજ્ઞાતિના ઉલ્લેખો મળી આવે છે,જે નીચે મુજબ છે :

૧.ટાંકરીયા ચૌધરી
૨.પેનાળિયા કે પેનાળ્યા ચૌધરી
૩.નલધરી ચૌધરી
૪.પાવાગઢી ચૌધરી
૫.બોંડા ચૌધરી
૬.નાની ચૌધરી
૭.મોટી ચૌધરી
૮.છાંટલા ( ચાઉટાલા ) ચૌધરી
૯.ચોખાપુરી ( ચોકાપુરી ) ચૌધરી
૧૦.વલીવડા ( વલવાઈ ) ચૌધરી
૧૧.ભારોટીયા ચૌધરી
૧૨.રાવલીયા ચૌધરી

પરંતુ આમાની મોટાભાગની જ્ઞાતિઓ  સ્થળ,ઘટના,વ્યવસાય કે પ્રસંગ ના આધારે ઉદ્ભવી હોય કે ઊભી  થઈ હશે એમ જણાય છે.જેમ કે પેનાળિયા ચૌધરીની વાત કરીએ તો તેના મૂળમાં **'પેનાળ'** શબ્દ રહેલો છે,જેનો ચૌધરી બોલી મુજબ સંધિ વિગ્રહ કરીએ તો : 'પે' એટલે પેલી પાર અને 'નાળ' એટલે નદી કે નાળું.આમ **પેનાળ્યે** એટલે નદી કે નાળાની પેલે પારના એવો અર્થ થાય છે.ચૌધરીઓ મુખ્યત્વે તાપી નદીના બંને કાંઠે વસેલા છે.તેથી

તાપી નદીની ઉત્તરે વસેલા ચૌધરીઓ નદીની દક્ષિણમાં વસેલા ચૌધરીઓને;ને એવી જ રીતે દક્ષિણના ચૌધરીઓ ઉત્તરે વસેલા ચૌધરીઓને પેનાળ્યા તરીકે ઓળખે છે.આમ પેનાળ્યા નામની ચૌધરીઓની કોઈ પેટાજ્ઞાતિ નથી,પણ વસવાટ કે સ્થળના આધારે મળેલી ઓળખ છે.ચૌધરીઓની બીજી કેટલીક પેટાજ્ઞાતિઓ વિશે પણ કંઈક આવું જ છે.ચૌધરીઓ પોતાના વડવાઓ મૂળ પાવાગઢના વતની હતા એમ માને છે,તેથી કેટલાક ચૌધરીઓ પોતાની અટક **પાવાગઢી** તરીકે લખાવે છે.તેવી જ રીતે નળધરી ચૌધરી,રાવલીયા ચૌધરી અને ભારોટિયા ચૌધરી તરીકેની તેમની પેટા ઓળખો;મહુવા તાલુકાના નળધરા ગામ તથા તેની આજુબાજુના ગામમાં વસવાટ કરતા ચૌધરીઓ પૂરતી સીમિત બનીને રહી જાય છે.રાવલીયા અને ભારોટીયા પેટાજ્ઞાતિ વિશે ઓગષ્ટા ગ્લેટર(૧૯૬૯) નોંધે છે કે,'પતઈ રાવળના વંશજોની એક રજપૂત ટુકડી નળધરામાં આવીને વસી ગઈ.જેઓ રાવળ ઉપરથી રાવલીયા કહેવાયા,તેમાંથી કેટલાંક બહારવટીયાઓ સાથે લડેલા,તેથી તેઓ બહારવટીયાઓનું અપભ્રંશ થઈને ભારતીયાઓ કે ભાઢટીયા,ને પછી બહાદુરીના પ્રતીકરૂપે ભારોટીયા તરીકે ઓળખાયા હશે.'[૯] હાલના તબક્કે જોઈએ આ બધી જ્ઞાતિઓ નાની ચૌધરીઓના જૂથમાં ભળી ગયેલી જોવા મળે છે.આમ,સમગ્રતઃ જોતા ચૌધરી જાતિમાં પ્રચલિત અને સમાજ માન્ય એવા મુખ્ય ત્રણ સામાજિક પેટાજૂથો ગણાવી શકાય :

૧. નાની ચૌધરી
૨. મોટી ચૌધરી
૩. વલવાઈ કે વલવડા ચૌધરી

એક કિવદંતી મુજબ કુટુંબના બે ભાઈઓના આચરણભેદના કારણે ચૌધરી જાતિમાં નાની ચૌધરી અને મોટી ચૌધરી એવા બે પેટા જ્ઞાતિ જૂથ અસ્તિત્વમાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.

પ્રાચીન સમયમાં એક ગામમાં બે ભાઈઓ સાથે રહેતા હતા.તેઓ ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા.એક દિવસ તેમની એક ગાય બિમાર પડી.સારવાર કરવા છતાં તેઓ ગાયને બચાવી ન શક્યા,ગાયનું મૃત્યુ થયું.એટલે બંને ભાઈઓએ ગાયના મૃત દેહની દફનવિધિ કરી.ગાયની દફન વિધિ કર્યા પછી મોટા ભાઈએ માત્ર હાથ પગ ધોઈ,શરીર ઉપર પાણીના છાંટા નાખી લીધા.જ્યારે નાના ભાઈએ વસ્ત્રો સહિત નદીમાં સ્નાન કર્યું

અને પવિત્ર થયા.આમ નાના ભાઈ વિધિ પૂર્વક નદીમાં સ્નાન કરીને પવિત્ર થયા એટલે તેમના કુળમાંથી ઉતરી આવેલા વંશજો 'નાની ચૌધરી' કે 'ચોખાપુરી ચૌધરી' તરીકે ઓળખાયા. જ્યારે મોટાભાઈએ સ્નાન ન કરતા માત્ર શરીર ઉપર પાણીના છાંટા નાખ્યા એટલે તેમના વંશજો 'મોટા ચૌધરી' કે 'છાંટાલા ચૌધરી' કહેવાયા.એટલું ન નહીં એક જ પરિવારના બંને ભાઈઓના વંશજોમાં આ આચરણ માત્રના ભેદથી સમય જતા ઊચા ચૌધરી અને નીચા ચૌધરી એવો સામાજિક ભેદ ઊભો થયો.વિધિ મુજબ પવિત્રતાનો ખ્યાલ રાખનાર ઊંચા ચૌધરી અને વિધિ મુજબની પવિત્રતા નહીં જાળવનારને નીચા ચૌધરી તરીકે ઓળખવાનું ચાલું થયું.ધીરે ધીરે તેમના પહેરવેશ અને સામાજિક રીત રિવાજોમાં પણ થોડી ભિન્નતા આવતી ગઈ.પણ હવે વર્તમાન પ્રવાહમાં બંને પેટા જ્ઞાતિઓ એકબીજાની નજીક આવી ગઈ છે.

તો વલવડા કે વલવાઈ ચૌધરીઓના ઉદ્ભવ અંગે પણ એક કિવદંતી સાંભળવા મળે છે કે, એક ઘરમાં ત્રણ ભાઈઓ રહેતા હતા.એકવાર તેમની પત્નીઓ વચ્ચે ઝગડો થવાથી ત્રણે ભાઈઓ વચ્ચે પણ ઝગડો થયો,જેમાં મોટો ભાઈ બંને નાના ભાઈઓને દબાવી દઇ,પોતે મોટો હોવાથી પોતાની જ વાત મનાવવા માટે હોશિયારી બતાવવા લાગ્યો,તેથી સૌથી નાનો ભાઈ આ ઝગડામાં ન પડતા વલે ( એક તરફ,ખસી જવુ ) થઈ ગયો.આ રીતે 'વલે' પરથી 'વલવડા' કહેવાયા એવું માનવામાં આવે છે.એ ચૌધરી જાતિનું ત્રીજું મુખ્ય જૂથ છે.જોકે ચૌધરીઓના ત્રણે જૂથોમાં વલવડા કે વલવાઈ જૂથનો સામાજિક દરજ્જો સૌથી નીચો માનવામાં આવે છે.

## ૨.૪ જ્ઞાતિભેદનું પ્રમાણ :

આ ત્રણે જૂથો ખૂબ જ રૂઢિચુસ્ત છે. તેઓ સગાઈ કે લગ્ન વહેવાર આંતર જૂથોમાં કરતા નથી,પરંતુ પોતાના જૂથમાં જ કરે છે.એટલું જ નહી આજથી ત્રણ ચાર દાયકા આગળની વાત કરીએ તો નાની ચૌધરી જૂથ ખાનપાનમાં પણ અન્ય બંને જૂથો સાથે વહેવાર રાખતું નહોતું;તેવી જ રીતે મોટી ચૌધરી જૂથ વલવાઈ જૂથ સાથે ખાનપાનનો વહેવાર રાખતું ન હતું.આમ,ખાનપાનનાં વ્યવહારમાં પણ તેઓ આભડછેટ અનુભવતા

હતા,ને જો જાણ્યે અજાણ્યે ખાનપાન થઈ જાય તો ન્યાતું કરવાની પ્રથા સમાજે વિકસાવેલી હતી.

પરંતુ હવે આધુનિકતા અને મૂડીવાદના પ્રભાવમાં તેમની આ રૂઢિચુસ્તતા ઓસરી રહી છે.વધતા જતા શિક્ષણના વ્યાપને કારણે આ સમાજમાં સ્વચ્છતા અને સુઘડતાના ખ્યાલો બદલાયા છે,જેના પરિણામે હવે આ ત્રણે જૂથો એક બીજાને ત્યાં ખાન પાન લેવામાં આભડછેટ માનતા નથી.તેઓ વાર તહેવારે એક સાથે બેસીને જમે છે તેમજ એકબીજાના ઘરે ખાન પાન સ્વીકારે છે.પરંતુ હજુ પણ આંતરજ્ઞાતિય લગ્નો ભાગ્યે જ થાય છે.સિવાય કે જો બે યુવા હૈયાઓ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા પછી તેમને કોઈ રીતે છૂટા પાડી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં જ તેમને આંતરજ્ઞાતિય લગ્ન ગ્રંથિથી જોડવામાં આવે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી આ જનસમૂહ હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયોમાં રસ લેતો થયો છે.તેથી તેમની રહેણીકરણી,પહેરવેશ તથા રીતભાત વગેરે સભ્ય સમાજને અનુરૂપ થતા જાય છે.સમાજના આગેવાનોનું પણ માનસ પરિવર્તન થઈ રહ્યું છે,તેથી રોટીના વહેવારની સાથે હવે બેટીનો વહેવાર પણ  સ્વીકારાતો થયો છે.

## ૨.૫ ચૌધરીઓનો વસવાટ :

ચૌધરીઓની મોટા ભાગની વસ્તી સુરત અને તાપી જિલ્લામાં જોવા મળે છે.ઇ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ચૌધરીઓની કુલ વસ્તી ૩,૦૨,૯૫૮ છે,જેમાંથી ૯૦% જેટલી વસ્તી એકલા સુરત અને તાપી જિલ્લામાં વસે છે.વસ્તીની દૃષ્ટિએ ગુજરાતના આદિવાસીઓમાં તેમનો પાંચમો નંબર આવે છે. માંડવી, વાલોડ, વ્યારા, માંગરોળ, બારડોલી,મહુવા અને સોનગઢ ચૌધરીઓની સૌથી વધુ વસ્તી ધરાવતા તાલુકા છે.આ ઉપરાંત વાંસદા,ધરમપુર,ઉમરપાડા તેમજ નર્મદા જિલ્લામાં તેમની વસ્તી જોવા મળે છે,પણ તે જૂજ પ્રમાણમાં છે.

ચૌધરીઓની વસ્તી મુખ્યત્વે તાપી નદીની ઉત્તર અને દક્ષિણે,એમ બંને ભાગમાં વહેંચાયેલી જોવા મળે છે.તાપી નદીની ઉત્તરે આવેલાં માંડવી,માંગરોળ અને સોનગઢ તાલુકાઓમાં મોટા ચૌધરીઓનાં જૂથ મોટા પ્રમાણમાં મળે છે.જ્યારે તાપી નદીના દક્ષિણ ભાગમાં એટલે કે વ્યારા,બારડોલી,વાલોડ અને મહુવામાં મુખ્યત્વે નાના ચૌધરીની વસ્તી જોવા મળે છે.આ ઉપરાંત વાંસદા અને ધરમપુર તાલુકામાં પણ છૂટી છવાઈ ચૌધરી

જાતિની વસ્તી જોવા મળે છે.વલવડા ચૌધરી જૂથ તાપી નદીના બંને બાજુના વિસ્તારોમાં જોવા મળે છે.પરંતુ તેનું પ્રમાણ મોટી ચૌધરી અને નાની ચૌધરી કરતા પ્રમાણમાં ઓછું છે.

## ૨.૬ પહેરવેશ :

### ૨.૬.૧. સ્ત્રી પહેરવેશ :

સ્ત્રીઓ મોટેભાગે રાતું લૂગડું (રાતઅ્ નુંગળઅ્) રાહયું લૂંગડું (રાહયઅ્ નુંગળઅ્) કે ચોકડીવાળું ભૂખરા રંગનું લૂગડું (ચોકડીવાલઅ્ નુંગળઅ્) પહેરતી.તેઓ લૂંગડાનો જમણા પગ ઉપર લાંબો છકો કાઢતી તથા ડાબા પગ તરફ ઘૂંટણથી પણ ઉપર રહે તે પ્રમાણે કચ્છ મારીને પહેરતી.કેટલીક સ્ત્રીઓ શરીરે કાપડું પહેરતી જે પાછળના ભાગમાં દોરીથી કસીને બાંધવામાં આવતું,તો વળી કેટલીક સ્ત્રીઓ દોરી વાળી ડગલી (બ્લાઉઝ) પહેરતી.આ ઉપરાંત તેઓ માથે ચણા ચોકડીવાળી (ઝીણી ચોકડી વાળી) ઓઢણી અથવા જાંબલી કે કાળા રંગની ઓઢણી હંમેશા ઓઢતી,જેના વડે માથું ઢાંકવાની તથા શરીરની પીઠ ઢાંકવાની પ્રથા હતી.

સામાન્ય રીતે આધેડ વયની મહિલાઓ બહુધા રાતાં લૂગડાંનો પહેરવામાં ઉપયોગ કરતી જોવા મળતી.જ્યારે બાળાઓ મોટે ભાગે ખોળો વાળીને કચ્છો મારીને લૂગડું પહેરતી અને શરીર ઉપર બ્લાઉઝ પહેરતી તથા માથે ઓઢણી ઓઢતી.

યુવતીઓ મોટેભાગે ચપટી બાંયવાળી અથવા સાદી બાંયની બ્લાઉઝ પહેરતી તથા ચોકડીવાળું ગ્રે રંગનું લૂંગડું કચ્છો મારીને પહેરતી.તો કેટલીક યુવતીઓ કચ્છો મારીને આખી સાડી પણ પહેરતી.

લગ્ન સમયે લાડીને રાહયું લૂગડું પહેરાવવામાં આવતું.તથા માથે ઓઢણી ઓઢવાનો રિવાજ હતો.હજુ આજે પણ એવી સ્ત્રીઓના મૃત્યુ પછીના અંતિમ સંસ્કારમાં રાહયું લૂગડું પહેરાવવાનો કે શબને ઓઢાડવાનો રિવાજ છે.

## ૨.૬.૨ સ્ત્રીઓના આભૂષણો :

સ્ત્રીઓ ઘરેણાંની ખૂબ જ શોખીન હતી.તેઓ વિવિધ પ્રકારના ઘરેણાં પહેરતી હતી.તેઓ પગમાં આમડા,તેની ઉપર કાંકણા અને તેની ઉપરના ભાગે કન્ને (કલ્લા) પહેરતી.આમ બંને પગમાં મળી ત્રણ-ચાર કિલોનું વજન સ્હેજે થઈ જતું.

તો પગના અંગૂઠા અને આંગળીઓમાં વેઢ પહેરવાનો રિવાજ હતો.જેને આજે પણ જૂની પેઢીની વૃદ્ધ સ્ત્રીઓ પહેરતી જોવામાં આવે છે.

તેઓ હાથની આંગળીઓમાં વીંટી,કાંડામાં ચાંદીની બંગડી,ચૂડી,કાંકણા તથા તેના ઉપર સાદા વાલા અથવા કાંગરીવાળા વાલા પહેરતી,તેમજ કોણીના ઉપરના ભાગે ચાંદીનું કડું (બાવીઇઠ્ઠઅ્) પહેરતી,જે આજે પણ પહેરવામાં આવે છે.કેટલીક સ્ત્રીઓ બાંયના ભાગમાં આંબીલ્લઅ્ પણ પહેરતી હતી.

ગળાના ઘરેણાઓની વાત કરીએ તો ચાંદીની હાંસડી,ચાંદીનો હાડો,ચાંદીનો દોરો અને કંઠી તથા નાના કાળા મોતીની વીસ પચ્ચીસ સેરનું મંગળ સૂત્ર ( કિયળઅ્ ) પહેરવામાં આવતું જે આજે પણ કોઈક સ્ત્રીના ગળામાં જોવાનું મળી જાય છે.

કાનનાં ઘરેણાંઓમાં ડોલ્લયે અથવા કાપ મુખ્ય હતા.નાની બાળાઓ કે યુવતીઓ સિવાય કાનની કડી કોઈ પહેરતું નહીં.

માથું ઓઢયા પછી કલાહાથી વાળને દબાવવામાં આવતા તથા ચોટલા સાથે ગોફણો ગૂંથવામાં આવતો.આવા શણગાર સજેલી નવોઢા જાજરમાન અને પ્રભાવશાળી લાગતી.

## ૨.૬.૩. પુરૂષોનો પહેરવેશ :

દાયકાઓ પહેલા ચૌધરી પુરૂષો પોતાની આગવી ઓળખ સમાન દમામદાર પહેરવેશ પહેરતા હતા.તેઓ શરીર ઉપર બોડીસ અથવા બંડી પહેરતા તેની ઉપર લાંબી બાંયનું અંગરખું (આંગીરખઅ્) પહેરતા.આ અંગરખાના છાતીના આગળના ગળા નીચેના ભાગમાં બંને તરફ ગાજ કરેલા આવતા,જેમાં અલગથી બટન લગાડવામાં આવતા.ગરીબ ઘરના પુરૂષો ધાતુના બટન વાપરતા જ્યારે સંપન્ન પરિવારના ચાંદીના બટન વાપરતા.આ બટન પાતળી ચેઈન વડે એકબીજા સાથે જોડાયેલા રહેતા.અંગરખા સાથે ધોતિયું કે ખેસ પહેરતા.જેમાં ગરીબ પરિવારના પુરૂષો ટેફાળું પહેરતા.

તેઓ માથે ૧૫ થી ૨૦ હાથ (૨૫ થી ૩૦ ફૂટ) લાંબા ફેંટાની આંટાળી પાઘડી પહેરતા,મૂછો રાખતા,ખભા ઉપર ટુવાલ કે ખેસ નાખતા.આજે પણ ઊંડાણનાં ગામડાંઓમાં એકલ દોકલ અસલી ડોસાઓ આવો પહેરવેશ પહેરતા મળી આવે છે.

યુવાનો પણ મોટેભાગે શરીર ઉપર બોડીસ કે બંડી પહેરી,તેની ઉપર અંગરખું પહેરતા અને નીચે ધોતીયું કે ટેફાળું પહેરી કાછડી કાઢતા.

### ૨.૬.૪ પુરૂષોના આભૂષણો :

પુરૂષો પણ સ્ત્રીઓની જેમ  ઘરેણાં પહેરવાનો શોખ રાખતા હતા.તેઓ નાનપણમાં કાન વીંધાવતા અને મોટપણે કાનની બૂટમાં ચાંદીના કે સોનાના કરગરા પહેરતા.તો કેટલાંક લહંગજે પણ પહેરતા.તેઓ હાથમાં ચાંદીના કડા કે જેને દોન્ના તરીકે ઓળખવામાં આવતા તે પહેરતા.તો વળી બાંયમાં બાવિઇઠઅ્ પહેરવાનો પણ રિવાજ હતો.તેઓ હાથમાં વીંટીઓ તેમજ કેડે ચાંદીનો એક અથવા બે સેરનો કંદોરો અવશ્ય પહેરતા.

પુરૂષોમાં કિશોરાવસ્થાથી જ કંદોરો પહેરવાનો રિવાજ હતો.જેમ છોકરાઓ મોટા થતા જાય તેમ કંદોરો બદલાવીને લાંબો કે મોટો કરાવતા જાય,આમ યુવાનીમાં બે સેરનો કંદોરો પહેરતા.

## ૨.૭ નિવાસ સ્થાન :

પરંપરાગત રીતે ચૌધરીઓના ઘરો લાકડાંઓથી બનેલા હોવા છતાં ઝૂંપડા કરતા મહ્દ અંશે સારા કહી શકાય તેવા હોય છે.તેમના ઘરો વાંસની કામડીની ભીંતોવાળા અને છાણ માટીથી લીંપેલાં,દેશી કે મેંગલોરી નળિયાની છતવાળાં અને એક કે બે મોટા ખંડવાળા હોય છે.જો આર્થિક સ્થિતિ સારી હોય તો તેમના ઘરો થાંભલીઓથી લઈને છતની દાંડીઓ વગેરે તમામ;સાગના ઇમારતી લાકડાઓથી ઊભાં કરેલા,ઊંચા પાયાવાળા,ત્રણથી ચાર મોટા ખંડોવાળા,આગળ પાછળ બારણાવાળા તેમજ સારા હવા ઉજાસવાળા હોય છે.વારે તહેવારે તેઓ પોતાના ઘરને લીંપીગૂપીને તૈયાર કરે છે,તેથી તેમના ઘરો કાચા હોવા છતાં સ્વચ્છ અને સાફ સુતરાં હોય છે.

રાત્રે તેઓ પોતાના ઢોરઢાંખરને ઘરમાં બાંધતા હોય છે,તે માટે ઘરની જોડે પડાળી (પડછાયઅ્) પાડેલી હોય છે,તથા વચ્ચે અનાજ ભરવાની કોઠીઓ મૂકીને અલગ રસોડું

બનાવેલું હોય છે,ને બાકી રહેતી જગ્યા સૂવા તેમજ ઉઠવા-બેસવા માટે હોય છે.રસોડામાં કાં તો ઘરની બહાર પરંપરાગત રીતે પાણિયારું કે માળી માટે લાકડામાંથી બનાવેલી માચી ઉપર વાસણો મૂકવામાં આવે છે.સ્નાન માટે ઘરની પાછળ કે બાજુમાં આડાશ કરીને જગ્યા કરી લેવામાં આવે છે.હવે બદલાતા સમય પ્રમાણે રસોડામાં પાકું પાણિયારું વિકસ્યું છે તેમજ પાકાં સંડાસ-બાથરૂમ પણ આવી ગયા છે.

આંગણાની વાત કરીએ તો મોટેભાગે કોઈ મોટું ઝાડ હોય,તેની નીચે ગાય, ભેંસ,બળદ કે બકરીને બાંધવાના ખૂંટા રોપેલી કોઢાર હોય,ને જો સારી સ્થિતિ હોય તો આંગણામાં ગાડું અને એનાં પાંજરી,ધરી,ઘૂઘરમાળ,જોહર જેવાં સાધનો પડેલા હોય.બહુ બહુ તો પાણી ખેંચવાનું દોરડું ને ડોલ વગેરે પડેલા હોય.ચૌધરીઓ માટેભાગે માંસાહારી હોઈ; તેમના ઘરોમાં મરઘા કે બકરાં ફરતા કે દોડાદોડી કરતા જોવા મળે છે.તેઓ ઘરવપરાશમાં વાંસની ચીપમાંથી બનાવેલા સૂપડું,છાબલી કે ટોપલા-ટોપલી વગેરેનો ઉપયોગ કરે છે.

આજે ચૌધરીઓમાં મોટેભાગે ઈંટોની ભીંતો અને નળિયાનું છાપરું જોવા મળે છે.વધુમાં કહીએ તો તેમનામાં આજે ધાબાવાળાં મકાનોમાં સોસાયટી બનાવીને રહેવાનું નવું વલણ પણ વિકસતું જાય છે.

## ૨.૮ ખાન પાન :

ચૌધરીઓનો મુખ્ય ખોરાક જુવાર,ચોખા અને નાગલીના રોટલા; અડદ,તુવેર અને વાલની દાળ; ને આ દરેક દાળમાં ટામેટાની જેમ આગવું સ્થાન ધરાવતી ખાટી ભાજી તેમજ જુવાર,ચોખા,નાગલી કે કોદરાના કકરા લોટમાંથી બનાવવામાં આવતું ભડકું, ચોખામાંથી બનાવેલું ઢાંચલું,તુવેરનું કે વાલનું બફાણું તથા દાળભાતને ગણાવી શકાય.આમ જોવા જઈએ તો ચૌધરીઓ પરંપરાગત રીતે માંસાહારી છે એટલે તેઓ મરઘી,બકરાં તેમજ માછલી વગેરે સહજપણે ખાય છે.પરંપરાગત ધાર્મિક જીવનમાં માનનારા તેમના દેવો ખાતાપીતા હોઈ અમે પણ તે ખાયેપીએ છે એવી રજૂઆત કરતા જોવા મળે છે.આ ઉપરાંત તેમના સામાજિક પ્રસંગો વિધિઓમાં દારૂ તાડીનું મહત્ત્વ દેખાય છે.

### ૨.૮.૧ રોટલા :

આ સમાજનો મુખ્ય ખોરાક રોટલા અને શાક કે રોટલા અને કઠોળ રહ્યો છે.તેઓ મુખ્યત્વે જુવાર,નાગલી અને ચોખાના રોટલા ખાય છે.એક સમયે રોજિંદા ખોરાકમાં જુવાર તેમજ નાગલીના રોટલા વિશેષ ખવાતા.હવે થોડાં વર્ષોથી નાગલીનું વાવેતર ઓછું એટલે કે નહિવત્ થઈ ગયું છે.આજે હવે જુવાર અને ચોખાના રોટલાની સાથે ઘઉંની રોટલીનું ચલણ વધતું જાય છે.ચોખાના રોટલા વિવિધ રીતે બનાવી શકાય છે.જુવારના પણ હાથ પરના અને પાટલી પરના રોટલા બનાવવામાં આવે છે.

રોટલા સાથેના શાક માટેની શાકભાજી ભીંડા,ચોળી,રીંગણ કે ટામેટા વગેરે તેઓ જાતે જ ઉગાડી લેતા હોય છે.વળી આંગણામાં કે વાડામાં ટીંડોળી,કારેલા,કંટોલા,દૂધી તેમજ કોળાના માંડવા પાડેલા જ હોય છે જેમાંથી તેમને રસોઈ પૂરતી શાકભાજી વર્ષભર મળતી રહે છે.તેમજ એક સમયે નબળી સ્થિતિના કારણે તેઓ વેચાતું તેલ લઈને ખાવાના બદલે જાતે મહુડાના ફળો (ડોળીઓ) ભેગી કરીને-સૂકવીને ઘાણીમાં પીલાવીને તેલ કઢાવી લેતા.તો કેટલાક પોતાના ખેતરમાં તલ કે ખરસાણી કરતા અને ઘાણીએ જઈ તેલ પીલાવી લાવતા.

તો ખેતરને શેઢે કે વગડામાં ઉગતી અનેક જાતની ભાજીઓનો પોતાના ખોરાકમાં શાક તરીકે ઉપયોગ કરતા હોય છે.જે ખૂબ જ પૌષ્ટિક અને આરોગ્યપ્રદ હોય છે.જેમ કે,ચોમાસાની શરૂઆત પહેલા નાળની ભાજી,કંટોલાની ભાજી,ટીંડોળાની ભાજી,મુસળીની ભાજી,કોયરાલાની ભાજી,ડેયણાની ભાજી,વાયાની ભાજી,ચૂળીનાણી ભાજી,લેમળાની ભાજી,કેનાની ભાજી,ચૂચળાની ભાજી,તેતરાની ભાજી,અને ગલકા કે તૂરીયાની ભાજી તેમજ ચોમાસામાં ઊગી આવતી મશરૂમ તેમજ ભૂનફોળાનો તેઓ શાકમાં ઉપયોગ કરે છે.

વળી,શિયાળામાં લૂણીની ભાજી,ચણાની ભાજી,ચીલની ભાજી,ગોરખમુંડીની ભાજી, છારજીનાની ભાજી તેમજ સેગઠાના ફૂલ અને સીંગ તેમજ વાસના કલ્લાનો રસાસ્વાદ માણે છે.તો ઉનાળામાં સીતરાની ભાજી,શીમળાના ફૂલનું શાક,ગુંદીનો મોર,ગુંદા,સીતરાના મોર તેમજ વિશેષ રૂપે જેઠ મહિનામાં વગડામાં નવા પીલાઓના કાખરી કાંદા ( વારાહી કંદ ) નો તેઓ ખોરાકમાં ઉપયોગ કરે છે.જોકે આ કંદ કડવા હોય છે પરંતુ તેને કાપીને છાલ ઉતારી ઝીણા સમારી પછી બાફવા મૂકવામાં આવે;અધકચરા બફાઈ ગયા પછી તેનું બધુ

પાણી નિતારી નાખ્યા પછી તેને સારા પાણીથી ધોઈ નિતારીને  એકલા અથવા ભડકા કે ઢાંચલા સાથે ખાવામાં આવે છે,તેમજ તેનું શાક બનાવીને રોટલા સાથે પણ ખાવામાં આવે છે.

### ૨.૮.૨ રાબળઅ્ ( ભડકું) :

ભડકું ચૌધરી સમાજનો પ્રિય અને પૌષ્ટિક આહાર છે.ભડકું ખાવાની એક અનોખી લિજ્જત છે.તે એકલું પણ ખવાય છે,પણ તેની સાથે તુવેરનું અથવા વાલનું બફાણું કે પછી મીઠામાં આથેલા બીલાં,કાકડાનું અથાણું,કાચી કેરી ને મરચાનો છુંદો તેમજ  કેરીના પાણીચાં અથાણાં કે ડુંગળીના કચુંબર વગેરે  ખાવામાં એક અનેરો લ્હાવો છે.

ભડકું જુવાર,ચોખા,બંટી,નાગલી કે કોદરાના કકરા લોટમાંથી બનાવવામાં આવે છે. આ લોટને સાંજે પાણીમાં પલાળીને આથી રાખવામાં આવે છે.તેના લોટને આથવા માટે માટીનું ખાસ માટલું રાખેલું જ હોય છે.સવારે આ આથામાં યોગ્ય પ્રમાણમાં પાણી ઉમેરીને, તપેલામાં કે હાંડામાં લોટ બરાબર ચડી જાય ત્યાં સુધી ઉકાળવામાં આવે છે.આ વાનગીને પી શકાય તેટલી પ્રવાહીતા રાખવા માટે તેમાં પાણી ઉમેરવામાં આવે છે,તેમજ યોગ્ય માત્રામાં મીઠું નાખવામાં આવે છે.કેટલીક વખત તેમાં ખટાશ લાવવા માટે છાશ પણ ઉમેરવામાં આવે છે.તેને હલાવવા માટે દૂધીની ડોવડી કે ધાતુના ડોયાનો ઉપયોગ થતો હોય છે.

ભડકામાં ઘણી વખત થોડા ચોખા નાખવામાં આવે છે.ત્યારે તે વધુ સ્વાદિષ્ટ બને છે.તેને **બેયળઅ્ રાબળઅ્** કહેવામાં આવે છે.

### ૨.૮.૩ ઠાચનઅ્ ( ઢાંચલું ) :

ઢાંચલું ચોખામાંથી બનાવવામાં આવે છે.જેટલા પ્રમાણમાં ઢાંચલું બનાવવાનું હોય તે મુજબ હાંડામાં કે તપેલામાં ચોખા અને પાણી લઈ તેને ચડવા મૂકવામાં આવે છે.ચોખા બરાબર ચડી જાય પછી તેમા જરૂર મુજબ પી શકાય તેવી પ્રવાહીતા જળવાય તેટલા પ્રમાણમાં પાણી ઉમેરવામાં આવે છે.સ્વાદમાં વધારો થાય તે માટે તેમાં છાશ ઉમેરવામાં આવે છે.ત્યારબાદ સ્વાદ અનુસાર મીઠું નાખી ફરી ઉકાળવામાં આવે છે.આ વાનગીને પણ પીરસવા માટે કે હલાવવા માટે ડોવડી કે ડોયાનો ઉપયોગ કરવામાં આવે છે.

ઢાંચલા સાથે પણ કેરીનો છુંદો,બીલાં,કાકડા,કેરીના પાણીચાં અથાણાં કે ડુંગળીનું કંચુબર તો ખરું જ.

**૨.૮.૪ ઠેકલે ( ઢેખળાં )** :

ઠેકલે ચૌધરી સમાજની ખાસ વાનગી છે.જે ચોખાના લોટમાંથી બનાવવામાં આવે છે. ઠેકલે મોટેભાગે વારે તહેવારે અથવા ઘરે મહેમાન આવ્યા હોય ત્યારે બનાવવામાં આવે છે.

આ ચોખાના લોટમાંથી બનતી વાનગી છે.સૌપ્રથમ ચોખાના ઝીણા દળેલા લોટને કથરોટમાં લઈ; ગરમ પાણીથી ઉલાળીને બાંધવામાં કે ગૂંદવામાં આવે છે.આ ગૂંદેલા લોટને રોટલો બને તેટલો લુવો લઈ તેને શંકુ આકારના વાડકાની જેમ હાથથી વણવામાં આવે છે.વણાઈ રહ્યા પછી તેની અંદર અને બહારની બાજુએ તેલ લગાડી બંને પડને ભેગા કરી દેવામાં આવે છે.આમ જેનો આકાર પરોઠા જેવો થાય છે.

ઠેકલાના પડ એકબીજાને ચોંટે નહીં તથા ચડવા મૂકતી વખતે તે એકબીજા સાથે ચોંટે નહીં તેમજ વણવામાં સરળતા રહે તે માટે વણતી વખતે ઠેકલાની અંદર બહારની બાજુએ તેલ લગાડવામાં આવે છે.

આ રીતે તૈયાર કરેલા ઠેકલા વરાળથી ચડાવવામાં આવે છે.તે માટે હાંડામાં થોડું પાણી રેડી તેમાં માટીનો અથવા ધાતુનો કાંઠો મૂકવામાં આવે છે; અથવા લાકડાની સળીઓ આડી ઊભી ગોઠવી,તેના ઉપર કરસાંઠી ગોઠવીને  સાગના કે ખાખરાના પાન પાથરવામાં આવે છે.આ રીતે તૈયાર કરવામાં આવતી માંચીને **દાથઢં** કહેવામાં આવે છે.આ માંચી ઉપર આ ઠેકલા એક બીજા ઉપર મૂકતા ઉપર સુધી ગોઠવવામાં આવે છે.ત્યારપછી આ હાંડાને ચૂલા ઉપર મૂકી નીચે તાપ કરવામાં આવે છે.આ તાપથી હાંડાના તળિયે રહેલ પાણી ગરમ થઈ તેની વરાળ થતાં આ વરાળથી ઠેકલા ચડીને તૈયાર થઈ જાય છે.

**૨.૮.૫ આમિઇણે :**

ઠેકલાની જેમ આમિઇણે પણ ચોખાના લોટમાંથી બનતી વાનગી છે,જેનો સ્વાદ પણ ઠેકલા જેવો જ હોય છે.ચોખાના ઝીણા દળેલા લોટને ઢોકળાંના લોટની જેમ જ પાણી નાખીને  તૈયાર કરવામાં આવે છે.ત્યારબાદ એક મોટા તપેલામાં નીચે થોડું  પાણી રેડી,તેમાં કાંઠો ગોઠવવામાં આવે છે.

હવે,એક નાની થાળીમાં યોગ્ય પ્રમાણમાં લોટ લઈ આખી થાળીમાં પાથરી દેવામાં આવે છે,ને પછી એ થાળીને કાંઠા ઉપર ગોઠવવામાં આવે છે.આ થાળી ઉપર બીજી મોટી થાળી તેના ઉપર ત્રીજી મોટી થાળી;આ રીતે ત્રણથી ચાર થાળી એક બીજા પર ગોઠવીને પછી ઉપરથી ઢાંકણ ઢાંકી દેવામાં આવે છે,અને પછી વરાળથી ચડવા દેવામાં આવે છે.આ રીતે એક સાથે ત્રણ થી ચાર આમિયણે તૈયાર કરી શકાય છે.

### ૨.૮.૬ ચોખાના લાડું :

ચોખાના લાડું પણ એક સ્વાદિષ્ટ વાનગી છે.સૌપ્રથમ ચોખાનો લોટ લઈ તેમાં સ્વાદ અનુસાર મીઠું અને ખાંડ નાખવામાં આવે છે.ત્યારપછી આ લોટને ઉકળતા ગરમ પાણીથી ઉનાળીને-મસળીને તૈયાર કરવામાં આવે છે.આ લોટના ગોળ લાડું વાળી મોટા તપેલામાં અથવા હાંડામાં નીચે થોડું પાણી રેડી,દાથઢં મૂકી તેના પર ખાખરાના પાન ગોઠવી એક પછી એક લાડું ગોઠવીને બાફવા મૂકવામાં આવે છે.થોડા સમય સુધી તાપમાં તપાવ્યા બાદ લાડું ચડીને તૈયાર થઈ જાય છે.

### ૨.૮.૭ કોળાના લાડું :

કોળાનાં લાડુ બનાવવા માટે પ્રથમ પરિપક્વ કોળાંને કાપી તેના બીયાવાળો અંદરનો ભાગ કાઢી નાખી,ઉપરની છાલ ઉતારી,તેને મોટામોટા ટુકડાના રૂપમાં સમારી નાખવા. પછી એક તપેલામાં તળિયું રંગાય તેટલું સહેજ પાણી નાખી,તેમાં કોળાના ફોડવા બાફવા મૂકવા.આ દરમિયાન તપેલા ઉપર ઢાંકણ ઢાંકી રાખવું જેથી ટુકડામાંથી પાણી વળશે અને બફાઈ જશે.ટુકડા બફાઈ રહ્યા પછી પણ કોરા પડી જાય,તપેલામાં પાણી બિલકુલ ન રહે ત્યાં સુધી ધીમો તાપ ચાલુ રાખવો.પાણી પૂરેપૂરું બાષ્પીભવન થઈ ગયા પછી તપેલું નીચે ઉતારી લઈ એક પહોળી કથરોટમાં લેવા.તેમાં ચોખાનો લોટ ઉમેરતા જઈ તવેથાથી કે કળછીથી ટુકડા મસળવા.આમ કરવાથી ટુકડાઓમાં રહેલ પાણીથી ચોખાનો લોટ ઉનાળીએ છીએ એ રીતે તૈયાર થતો જશે.લગભગ કોળાંના ટુકડાના વજનના અડધા ભાગ જેટલો ચોખાનો લોટ ઉમેરવાથી તથા તેને બરાબર મસળવાથી લોટ અને કોળાનો ગર એકબીજામાં મસળાઈને ભળી જશે.હવે આ રીતે તૈયાર થયેલ લોટમાં સ્વાદ અનુસાર મીઠું નાખી બરાબર મીક્ષ કરી તેના લાડુ વાળવામાં આવે છે.ત્યારપછી એક મોટા તપેલામાં કે હાંડાંમાં થોડું પાણી રેડી દાથઢં મૂકી,એ દાથરા પર ખાખરાના પાન મૂકીને એક પછી એક લાડું ગોઠવી,

લાડુને વરાળથી બાફવામાં આવે છે.લાડુ બરાબર ચડી જાય પછી તેને નીચે ઉતારીને પીરસવામાં આવે છે.

### ૨.૮.૮ હામીના :

કાકડીના પાકા મોટા ફળને ચૌધરી બોલીમાં **ખાટાલો** કહેવામાં આવે છે.આ ખાટાલામાંથી બનતી વાનગીને **હામીના** કહેવાય છે.

સૌપ્રથમ ખાટાલાને લઈ તેના બે ફાડચા કરી,બીયા કાઢીને સાફ કરવામાં આવે છે.પછી તેના ગરને છીપલાની મદદથી ધીમેધીમે ખરપવામાં આવે છે.જેથી એ ફળનો છીણ ધીમેધીમે ઉતરે છે.આવી રીતે છીપલાથી આખા ફળના ગરનો છીણ ઉતારી લેવો.ત્યારબાદ છીણના પ્રમાણમાં અડધોઅડધ ચોખાનો લોટ લઈ તેમાં વાટેલા મરચા,આદું તથા પ્રમાણસર મીઠું નાખી,તેને બરાબર મસળીને લોટ બાંધવો.લોટ બંધાઈ રહે એટલે મહુડાના પાનમાં આ લોટના પુડલા થાપવા,તેની ઉપર બીજું પાન મૂકવું.આ રીતે તૈયાર થયેલા હામીનાને હાંડામાં તૈયાર કરેલા દાથરા પર ગોઠવીને વરાળથી બાફીને તૈયાર કરવામાં આવે છે.

### ૨.૮.૯ જુવારની ઘૂઘરી :

સારી જાતની દેશી અથવા દાદર જુવાર લઈને તેને સાફ કરી,ધોઈને એક તપેલામાં લઈ યોગ્ય માત્રામાં પાણી રેડી બાફવા મૂકવી.જુવાર બફાઈ રહે ત્યારે તપેલામાં રહેલ પાણી સંપૂર્ણ બાષ્પીભવન પામી જાય અને જુવારની બફાયેલ ઘૂઘરી કોરી પડી જાય તે જરૂરી છે.

આ રીતે જુવારની ઘૂઘરી બફાઈ રહે અને પાણી સંપૂર્ણ શોષાઈ જાય પછી તેમાં સ્વાદ અનુસાર ખાંડ નાખવી.આ ખાંડ ઓગળી જાય એટલે ઘૂઘરી તૈયાર થઈ જાય છે.આ ઘૂઘરીનો સ્વાદ લાપસી જેવો આવતો હોય છે.

### ૨.૮.૧૦ ચણાયઅ્ :

ચણાના કકરા લોટમાંથી ઢોકળાની જેમ જ બનાવવામાં આવતા વાનગીને ચણાયઅ્ કહેવામાં આવે છે.આ ઢોકળાનો જ એક પ્રકાર છે.જેને ઢોકળાના લોટની જેમ જ આથી મૂકવામાં આવે છે.પછી તેમાં વાટેલા લીલા મરચાં,આદું,હળદર તથા યોગ્ય માત્રામાં મીઠું નાખી તપેલામાં થોડું પાણી રેડી,તેમાં કાંઠો મૂકીને થાળીમાં લોટ એકસરખો પાથરી કાંઠા

ઉપર મૂકી ઉપરથી તપેલું ઢાંકી દઈ વરાળથી બાફવામાં આવે છે.તેને એકીસાથે નીચે નાની તેની ઉપર મોટી એમ બે ત્રણ થાળી મૂકીને પણ તૈયાર કરી શકાય છે.

બરાબર ચડી ગયા પછી થાળીઓ એક પછી એક ઉતારી લઈ તેના નાના નાના ચકતા પાડી લેવામાં આવે છે.

આ ઉપરાંત જે તે મોસમમાં જે તે પાકનો ઓળો પાડીને ખેતરે બેસીને મિત્રો સાથે કે પરિવાર સાથે ઉજાણી કરવી એ પણ એક લ્હાવો છે.અવશ્ય માણતા હોય છે.

તુવેરનો પાક તૈયાર થાય ત્યારે તુવેરનું ઉબાડીયું,જુવારનો પાક તૈયાર થાય ત્યારે વાની જુવારના પોંકની ઉજાણી તેમજ ચણા અને વટાણાનો ઓળો પાડીને ખેતરે બેસીને ખાવાનો અનેરો આનંદ પણ લૂંટતા.મગફળીનો પાક તૈયાર થવા આવે ત્યારે કાચી લીલી મગફળીનો ઓળો કરીને ખાવો; તેવી જ રીતે શિયાળામાં વાલ પાપડી અને તુવેર માટલામાં ભરી તેમાં મીઠું નાખી ઉપરથી મોયું કે જેને કલાર કહેવામાં આવે છે,તે ઘાસનો માટલાનાં મોઢામાં ડૂચો મારવામાં આવે,પછી માટલાને ઊંધું પાડી તેના ઉપર લાકડા,છાણા,કરસાંઠીનો તાપ કરવામાં આવે છે.આવી રીતે બફાઈને તૈયાર થયેલ વાલ,પાપડી કે તુવેર ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.આમ ખેતરે કે સીમમાં બેસીને વાલ પાપડીના ઉબાડીયાની ઉજાણી કરવી એ ચૌધરી સમાજની દેણગી છે.

## ૨.૮.૧૧ પાન ( પીણું ) :

એક વખતે આ સમાજમાં દારૂ અને તાડી પીવી,તમાકુ ખાવું,હાથે વણેલી છીતરાના પાનની બીડી કે ખાખરાના પાનનો બીડો પીવો,તમાકુના ડાંડા ખાવા,તપકીર સૂંઘવી જેવાં વ્યસનો ખૂબ સહજ રીતે થતાં હતાં.કહો કે,તે એમના જીવનમાં સહજ રીતે વણાઈ ગયા હતા.સ્ત્રી પુરૂષ બંને સમાન રીતે તેના બંધાણી હતા.

બહારગામથી કોઈપણ સગાસંબંધી,વેવાઈ પક્ષ કે જમાઈ સુદ્ધાં આવે તો પાણી આપ્યા પછી તેનું સ્વાગત દારૂ પીવડાવીને કરવામાં આવતું.આખો દિવસ ખેતરે કામ કર્યા પછી થાકી પાકીને આવેલા કામઢા માણસો સાંજના સમયે અચ્છેર કે પાશેર દારૂ પીધા પછી જમીને સૂઈ જતા.દારૂ ન પીતી હોય એવી વ્યક્તિઓ ગામમાં ભાગ્યે જ જોવા મળતી. દારૂ

બનાવવાની વિશિષ્ટ પદ્ધતિ આ સમાજે વિકસાવી હતી,જે મુજબ આજે પણ અમુક લોકો દારૂનો વ્યવસાય કરે છે.

તેઓ પોતાના કબ્જામાં,ખેતર સેઢે કે સીમમાં આવેલા મહુડાના ફૂલો વીણી લાવી તેને સૂકવીને સાચવી રાખતા અને જરૂરિયાત મુજબનો દારૂ જાતે જ બનાવીને પીતા.તેવી જ રીતે ગામડાઓમાં મોટા પ્રમાણમાં ખજૂરીના અને તાડના ઝાડો હોવાથી તાડી પીવાની પ્રથા પણ તેમનામાં સહજ હતી.

વારે તહેવારે કે દેવપૂજા માટે દારૂનો ખાસ ઉપયોગ થતો તેમજ સારા માઠા પ્રસંગોએ પણ દારૂનો ઉપયોગ કરવામાં આવતો.મોટાભાગના ઘરોએ દારૂ બનાવવામાં આવતો તેમ છતાં ગામમાં છાકટા માણસો ભાગ્યે જ જોવા મળતા.આ અંગે શ્રી શંકરભાઈ નં ચૌધરી નોંધે છે કે,- “ આ સમાજમાં દારૂ તાડી વ્યસન તરીકે નહીં પરંતુ એક આરોગ્યપ્રદ પીણાં તરીકે,સામાજિક પીણાં તરીકે,સન્માનીય પીણા તરીકે ઉપયોગ થતો.સમાજના લગભગ ૯૦ થી ૯૫ વ્યક્તિઓ દારૂ કે તાડી વગેરે પીતા તેમ છતાં તેનાથી ભાગ્યે જ છાકટા થતા.”[૧૦]

તેમની દારૂ પીવાની આ સમાજમાન્ય આદતને જોઈ સરકારને તેમાં આવકનું સાધન દેખાયું.પરિણામે પરવાનેદાર વ્યક્તિ જ દારૂ બનાવીને વેચી શકે તે માટે પીઠાઓ ખોલવામાં આવ્યા,જેમાં મોટેભાગે પારસીઓએ ધંધો જમાવ્યો.પછી તો પીઠા સિવાય અન્યે કશે દારૂ મળતો ન હોવાથી દારૂની અછત સર્જાઈ.જે દારૂ તેમને આરામથી,ઘર બેઠાં જ,જ્યારે જોઈએ ત્યારે મળી રહેતો હતો તે મળવો મુશ્કેલ થયો.પરિણામે જે લોકો માફકસર,વિવેક પૂર્વક દારૂ પીતા હતા,તે જ લોકો જ્યારે દારૂ મળી જાય ત્યારે અધીરા થઈને પ્રમાણ કે વિવેકભાન ભૂલીને દારૂ પીતા થયા,અને તેમની આ ટેવ નુકશાનકારક બદીના સ્વરૂપમાં સમાજ ઉપર ફેલાઈ,જેના ગંભીર પરિણામો પણ સમાજે વેઠવા પડયા.

પરંતુ આજે અનેક ધાર્મિક સંપ્રદાયોના પ્રભાવને કારણે સમાજમાં ઘણુંબધું પરિવર્તન આવી ચૂક્યું છે.મોટાભાગના લોકો આજે વ્યસન મુક્ત થયા છે એટલું જ નહીં જે માંસાહારી હતા તેઓ શુદ્ધ શાકાહારી પણ થઈ ગયા છે.

## ૨.૯ વ્યવસાય :

પરંપરાથી આ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી,ખેત મજૂરી અને પશુપાલન  રહ્યો છે,જે તેમની જીવનની રહેણીકરણી,સામાજિક વ્યવસ્થા તેમજ  રીતરિવાજો પરથી પણ જણાઈ આવે છે.

મોટેભાગે ડુંગરાળ અને જંગલ વિસ્તારોમાં રહેતી આ પ્રજા ખેતી કામમાં સખત પરસેવો પાડનારી પ્રજા છે.અક્ષરજ્ઞાનનો અભાવ હોવા છતાં દાયકાઓથી તેઓ ખેતી અંગે પોતાની આગવી સૂઝ-બૂઝ ધરાવતા આવ્યા છે,ને એ સૂઝ સમજના આધારે જ તેઓ વરસાદ પર આધારિત એવી પોતાની ખેતીમાં જમીનની ગુણવત્તાના આધારે પાકો પકવતા હતા.જેમ કે,ગોરાળુ અને હલકી જમીનમાં કોદરા,નાગલી,બંટી,સામો,મોરૈયો અને વહેલી પાકતી ઓરાણ ડાંગર જેવાં હલકા પાકો લેતા;તો સારા પ્રમાણમાં ભેજ ધારણ કરી શકે તેવી કાળી જમીનમાં તુવેર,કપાસ,જુવાર જેવાં પાકો કરતા; અને પાણીનો વધુ  સંગ્રહ થતો હોય તેવી નીચાણવાળી સમતળ જમીનમાં ડાંગરનો પાક લેતા હતા.

વર્ષોપર્યંતના આ ઊંડા અનુભવજ્ઞાનના આધારે તેમજ પિયતની સુવિધા ઉપલબ્ધ થવાના કારણે આજે હવે તેઓ ડુગરાળ જમીનોને પણ સમતળ કરીને વધુ ઉત્પાદન મેળવતા થયા છે.કૃષિ ક્ષેત્રે આવેલી હરિત ક્રાંતિને કારણે આજે તેઓ જે ખેતીમાં એક પાક પાકતો હતો,તેમાં હવે બેથી ત્રણ પાક લેતા થયા છે,જેમાં શેરડી,મગફળી,હાઈબ્રીડ ડાંગર, કપાસ, કેળા તેમજ ભીંડા, ટામેટાં,રીંગણ જેવા શાકભાજી અને ફૂલોની ખેતી કરતા થઈ ગયા છે.સાથોસાથ તેમણે ગ્રીન હાઉસ અને ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ પણ શરૂ કરી દીધો છે.

એવી જ રીતે ખેતીનો પર્યાય કે પૂરક ગણાતો પશુપાલનનો વ્યવસાય પણ આ સમાજે સારી પેઠે અપનાવ્યો છે. શ્રી શંકરભાઈ ન. ચૌધરી નોંધે છે તેમ - " દીકરીને સાસરે આપે અથવા ઘર જમાઈ લાવી ઘરે પરણાવે,આ બંને પ્રસંગે દીકરીને **'ધામીનઅ્'**  આપવાનો રિવાજ હતો.ધામીનઅ્ એટલે દીકરીને પરણાવ્યા પછી તેને ભેટ સ્વરૂપે આપવામાં આવતી ગાય.તો પરણવા લાયક ૨૦ - ૨૧ વર્ષના યુવાનને ચૌધરી બોલીમાં આજે પણ **'ગોવાલ્યો'** કહેવામાં આવે છે;ગો એટલે ગાયો અને વાલ્યો એટલે વાળનાર,ગાયોને સાચવી શકે તેવો. આમ,ગોવાલ્યો  એટલે ગાયોને સીમમાં કે ચરિયાણમાં  ચરાવવા લઈ જાય,તેમને સારી રીતે

સાચવીને ચરાવે અને વાળી લાવે તેમજ તેમની બાંધ છોડ કરે તેવો સમજણો,પરિપક્વ,ઠરેલ યુવક."[૧૧] જે બતાવી આપે છે કે પશુપાલન એ ખેતીની જેમ જ પરાપૂર્વેથી આ સમાજનો ખૂબ મહત્ત્વનો વ્યવસાય રહ્યો હશે.

પશુપાલનમાંથી તેમને દૂધ ઉપરાંત ખેતી માટે જરૂરી એવા બળદો અને છાણિયું ખાતર મળી રહેતું હોય છે.વળી,ગાય-ભેંસની સાથેસાથે પાળવામાં ખાસ મહેનત ન માગી લેતા બકરા અને મરઘાઓ પણ તેઓ પાળે છે,અને જરૂરિયાત મુજબ તેને વેચીને પૈસા રળી લેતા હોય છે.કૃષિની જેમ જ પશુપાલન ક્ષેત્રે આવેલી શ્વેત ક્રાંતિને કારણે,એકસમયે દેશી ગાયો કે ભેંસોને ઉછેરીને,આર્થિક ઉપાર્જનને બદલે ઘરમાં દૂધ,દહીં કે છાશનો ખોરાકમાં ઉપયોગ કરતો સમાજ;આજે હવે ટંકે સાતથી દશ લીટર દૂધ આપતી સારા ઓલાદની ગાય-ભેંસોને પાળતો થયો છે,ને તેમનું દૂધ ડેરીમાં ભરી સારી ઉપજ મેળવતો થયો છે.આમ,કૃષિ અને પશુપાલન ક્ષેત્રે આવેલી હરિત અને શ્વેત ક્રાંતિએ આ સમાજની કાયાપલટ કરી નાખી છે.

ધીરેધીરે હવે આર્થિક સંપન્નતા વધવાના કારણે આ સમાજમાં બાળકોને શિક્ષણ આપવા તરફનો ઝોક પણ વધ્યો છે.પરિણામે મોટાભાગનાં પરિવારોનાં બાળકો હાયર એજ્યુકેશન મેળવી મામલતદાર,ડોક્ટર,એન્જિનિયર,વકીલ,અધ્યાપક,શિક્ષક તેમજ ક્લાર્ક જેવી સારા દરજ્જાની સરકારી નોકરીઓમાં સેવા આપતા થયા છે;સાથે અલગ અલગ પ્રકારના વ્યવસાયોમાં હાથ અજમાવતા પણ થયા છે.

## ૨.૧૦ સમાજ વ્યવસ્થા :

અન્ય સમાજની જેમ ચૌધરી સમાજમાં પણ કુટુંબના વડા તરીકેનું સ્થાન પરિવારની સૌથી મોટી વ્યક્તિનું હોય છે.આ એક પિતૃ પ્રધાન સમાજ હોય,પરિવારમાં વડીલ પુરુષનું આધિપત્ય સહજ સ્વીકારીને ચાલવામાં આવે છે,તેમ છતાં મહિલાઓ માત્ર ઘરકૂકડી બની રહે તેવું બનતું નથી.તેઓ પુરુષોની સાથે ખભેખભા મેળવીને ઘરમાં,ખેતીના કામમાં તેમજ પશુપાલનમાં ધ્યાન આપે છે;એટલું જ નહીં પરિવારના સામાજિક કે વ્યવહારિક વ્યવસ્થાનાં નાના-મોટા કામોમાં પણ તેમનો અભિપ્રાય લેવામાં આવે છે.તેમના પરિવારમાં દીકરા-દીકરીનું સમાન સ્થાન છે.જો કોઈ પરિવારમાં સંતાનમાં પુત્ર ન હોય તો દીકરીને ઘરે જ પરણાવવામાં આવે છે એટલે કે તેને ઘરજમાઈ ( ખંધાડ ) લાવી આપવામાં આવે છે.

આપણે આગળ જોયું તેમ આ સમાજ ખૂબ રૂઢિચુસ્ત છે.તેમની નાના ચૌધરી,મોટી ચૌધરી તેમજ વલવડા એવા પેટા જાતિઓ એકબીજા પ્રત્યે ઊંચ નીચના ભેદભાવો રાખે છે.તેઓ એકબીજાના ઘરે રોટીનો વ્યવહાર કરે છે પણ બેટીનો વ્યવહાર કરતા નથી.એવી જ રીતે તેઓ સમાજ બહારના લગ્ન સંબંધને પણ સ્વીકારતા નથી.જેમ આંતર જૂથોમાં કે સમાજ બહાર લગ્ન કરવામાં આવતા નથી તેમ નજીકના સગામાં પણ લગ્ન સંબંધ ગોઠવવામાં આવતો નથી.એવું કહેવાય છે કે એક સમયે ચૌધરીઓમાં ગોત્ર કે કુળ પરંપરા પણ અસ્તિત્વમાં હતી જે હવે જોવા નથી મળતી.કેવળ મરણ પામનાર વ્યક્તિનું ખતરું બેસાડવાનું હોય ત્યારે પૂર્વજોને યાદ કરી તેમનાં પિતૃકુળમાં સ્થાન આપવાના સંદર્ભમાં કુળ કે ગોત્રને યાદ કરવામાં આવે છે.તેમની પિતૃપક્ષની સગાઈ પાઘડીની સગાઈ કહેવાય છે,જ્યારે માતૃપક્ષની સગાઈને કાપડીની સગાઈ ગણવામાં આવે છે.આમ,પાઘડીની સગાઈમાં કે કાપડીની સગાઈમાં લોહીનો સંબંધ આવતો હોય તો સગાઈ કે લગ્ન ગોઠવાતા નથી,જ્યાં લોહીનો સંબંધ ન આવતો હોય તેવાં દૂરનાં સગામાં જ લગ્ન ગોઠવવામાં આવે છે.

આ સમાજમાં સંયુક્ત અને વિભક્ત કુટુંબો જોવા મળે છે.તેમનામાં બહુ પત્નીત્વની મોકળાશ છે,તેમ છતાં બે પત્નીવાળાં કુટુંબો જવલ્લે જ જોવા મળે છે.છોકરા-છોકરી ઉંમર લાયક થયા પછી,બંનેની અનુમતિ હોય તો જ સગાઈ કે લગ્ન કરવામાં આવે છે.તેમના લગ્ન એ કરાર લગ્ન છે.એટલે સ્ત્રી પુઢષ બંનેને ફરિયાદ કરવાનો અને છૂટાછેડા માગવાનો કે લેવાનો અધિકાર છે.આમ છતાં લગ્નની રીતમાં બંનેને સ્વપસંદગીની મોકળાશ હોવાથી છૂટાછેડાનું પ્રમાણ નહિવત્ છે.વિધવાવિવાહ કે છૂટાછેડા પછીના બીજા લગ્નનો પણ સમાજ દ્વારા સહજ સ્વીકાર કરવામાં આવ્યો છે.સમાજના વડીલો જ એવી વ્યક્તિ માટે આગળ પડીને યોગ્ય પાત્ર શોધી આપી થાળે પાડતા હોય છે.આવા યુગલોનાં અગાઉની પત્ની કે પતિના બાળકો એકબીજા માટે **જાવતાહા** તરીકે ઓળખવામાં આવે છે.જો છોકરો હોય તો તેને **જાવતોહો**,ને છોકરી હોય તો તેને **જાવતીહી** કહેવામાં આવે છે.આવા સાવકા બાળકોને તેમના અસલી માતા-પિતા કે દાદા-દાદીની મિલકતમાંથી હિસ્સો આપવામાં આવે છે.

ચૌધરી સમાજમાં ચૌધરી બોલીમાં મોટા માણસો,વડીલો,દાદા કે પિતા તમામને તુંકારથી બોલાવવામાં આવે છે.જ્યારે સાસુ સસરા,જેઠ,જેઠાણી,નાના ભાઈની પત્ની, પોતાની પત્નીની મોટી બહેન આ તમામને માનાર્થે બહુવચનમાં સંબોધન કરવામાં આવે છે.

ચૌધરીઓની સામૂહિક ભાવના પણ ગજબની જોવા મળે છે.અગાઉ ગામડાઓમાં તમામ ઘરોના છાપરાં દેશી કે વિલાયતી નળિયાથી નહિ,પણ જુવારના સાંઠાની ચીપ તથા ડાંગરના પરાળના પૂળાથી છાવામાં આવતા.જે એક ચોમાસા પછી બીજા ચોમાસાનું પાણી ઝીલવા સક્ષમ રહેતા નહીં.તેથી તમામ ઘરોના છાપરા દર વર્ષે ઉકેલીને તેને નવેસરથી છાવા પડતા.આ માટે ફળિયા આખાના લોકો નાના-મોટાનો ભેદ રાખ્યા વગર,હળીમળીને એકબીજાના ઘરના છાપરા ઉકેલવા તથા છાવાના કામમાં સામે ચાલીને મદદે આવતા.સમયસંજોગે એકબીજાને મદદરૂપ થઈ,એકબીજા સાથે હળીમળીને જીવન જીવવાની તેમની ભાવના,અને વારે તહેવારે સારું-માઠું જે કંઈ બનાવ્યું હોય તે અડોશ પડોશના બે-પાંચ ઘરે ભાગ-ભટાઈ મોકલવાની પ્રથા આખા ફળિયાને કે ગામને આત્મીયતાના તાણાંવાણાંથી ગૂંથી રાખતી હતી.

ગામમાં પોલીસ પટેલ કે સરપંચનું સ્થાન મહત્ત્વનું માનવામાં આવે છે.ન્યાય પ્રણાલીમાં સ્ત્રીઓને સ્થાન નથી હોતું;પણ ન્યાય માટે બંનેને સમાન અધિકાર આપવામાં આવે છે.એકસમયે ગામમાં વડીલ એવા પંચોનું મહત્ત્વનું સ્થાન હતું.કોઈ કામ અંગે ફંડ ફાળો કરવો હોય કે દેવ દર્શને જવાનું હોય;સગાઈ હોય કે લગ્ન,કોઈનું મરણ થયું હોય;આ તમામ પ્રસંગે પંચોની હાજરી અનિવાર્ય ગણાતી.એટલું જ નહીં,ગામમાં કોઈ પરિવારની અંદર કે બે પરિવારો વચ્ચે ઝગડો થયો હોય,લગ્ન સબંધમાં ગૂંચ પડી હોય કે છૂટા છેડાના પ્રસંગો હોય,મિલકતની વહેંચણી કરવાની હોય;આવા દરેક પ્રસંગોએ ગામના પંચો ભેગા થઈને તેનો યોગ્ય ઉકેલ લાવતા.આમ આ સમાજમાં ગામના કોઈપણ પ્રશ્ન અંગે તાત્કાલિક ન્યાય આપવામાં કે નિરાકરણ લાવવામાં પંચોની ભૂમિકા ખૂબ મહત્ત્વની ગણાતી હતી.

તેમની આર્થિક સંપત્તિમાં જમીન, આભૂષણો, ઘરની ચીજવસ્તુઓ, ઓજારો, પશુઓ,વૃક્ષો વગેરેને ગણાવી શકાય.જે કુટુંબના મોભીને આધીન હોય છે અને ઉત્તરાધિકાર રૂપે તેમના સંતાનોને મળે છે.તેમાં છોકરા-છોકરીનો સમાન અધિકાર હોય છે.સમાજમાં **વાવનઅ્** ( પોતાનું ખાનગી કે જાત મહેનતનું ) કરવાની પ્રથા જોઈ શકાય

છે.જેમાં સયુંક્ત પરિવારમાં મા-બાપ તરફથી મોટા દીકરા કે દીકરીને- કે જેને પરણાવી દેવામાં આવ્યા હોય,તેને જમીનનો ટુકડો કે ગાય વગેરે; તેની જાત મહેનતે રળી ખાવા માટે આપવામાં આવે છે,તેના દ્વારા જે આર્થિક ઉપાર્જન મળે તે તેનું પોતાનું - ખાનગી હોય છે.સમાજના નિયમ મુજબ વાવનઅ્ તરીકે આપેલી મિલકત તેની પોતાની થઈ જતી હોય છે,તેમાં બીજા સંતાનો ભાગ પડાવી શકતા નથી.હાલના સંદર્ભે વાત કરીએ તો આધુનિક સભ્યતાની અસર પામી ચૂકેલા આ સમાજની આર્થિક સમૃદ્ધિમાં ઘણા અંશે વધારો થયો છે.

આ સમાજમાં ધાર્મિક વિધિવિધાનોથી સ્ત્રીઓને દૂર રાખવામાં આવે છે.તેઓ પવિત્ર- અપવિત્ર, શુભ-અશુભ,ડાકણ અને ભૂતપ્રેત માં માને છે.તેઓ બાળકના જન્મના પાંચમાં દિવસે પચરાનો સંસ્કાર,મૃત્યુ બાદ ખતરું અને સગર્ભા સ્ત્રીના મૃત્યુ બાદ વેતરીનો સંસ્કાર કરે છે,તેમજ નાના બાળકનું મૃત્યુ થાય તો તેને જમીનમાં દફનાવવામાં આવે છે.

સભ્ય સમાજની તીવ્ર અસર તેમજ તેના પ્રત્યેની વધુ પડતી ઘેલછાના કારણે, આજે ચૌધરી સમાજની રહેણીકરણી અને રીત રિવાજ  મહ્દઅંશે બદલાઈ ચૂક્યા છે.હવે તેઓ આંતરજ્ઞાતિય લગ્ન સબંધને સ્વીકારતા થયા છે,સાથે યુવાન - યુવતીઓ આંતર જૂથો સાથે કે અન્ય સમાજ સાથે પ્રેમ લગ્નના તાંતણે બંધાતા થયા છે.હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયો તેમજ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાના કારણે તેમના રહનસહન અને વિચારોમાં ઘણું પરિવર્તન આવ્યું છે.હાં,ખેદ એ વાતનો છે કે અન્ય ધર્મ કે સંપ્રદાયમાં જોડાવાના કારણે તેમણે પોતાની મૂળ સંસ્કૃતિ  અને સભ્યતાને કોરાણે મૂકી દીધી છે.કંઇક આવું જ બીજી આદિમ જાતિઓમાં પણ થઈ રહ્યું છે,પરિણામે આપણી સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતા પણ ખતમ થવાના કગાર પર છે.

## ૨.૧૧ ધર્મ :

ચૌધરી સમાજ પ્રકૃતિ પૂજક છે,જે પ્રકૃતિની વિવિધ શક્તિઓને પૂજતો આવ્યો છે.તે કુદરતની વચ્ચે જન્મી-ઉછેરીને,કુદરતની સાથે ઓતપ્રોત થઈને આનંદથી જીવતો આવ્યો હોય;કુદરતના દરેક તત્ત્વોનો એ સ્વીકાર કરે છે અને તેની પૂજા પણ કરે છે,જે કુદરત સાથેના તેના સહઅસ્તિત્વના ખ્યાલને વધુ દઢ બનાવે છે.તે અગ્નિદેવ,પવનદેવ,નદી, સૂર્ય અને ચંદ્ર વગેરે કુદરતના વિરલ તત્ત્વોની સાથોસાથ વાઘદેવ,નાગદેવ અને મગરદેવને પણ પૂજે છે;એટલું ન નહીં ઉંદર,તીડ,ઇયળ આદિ જીવજંતુઓની પણ પૂજા કરી;ગામ ઉપરથી

આ જીવજંતુઓ અને હિંસક પ્રાણીઓનો ખોફ દૂર કરે છે.વૃક્ષો કે વેલીઓના પાંદડા,છાલ,મૂળ કે થડનો ઔષધ તરીકે ઉપયોગ કરવાનો હોય ત્યારે તેની પણ પૂજા કર્યા પછી જ તેનો ઉપયોગ કરે છે.પ્રકૃતિ પ્રત્યેની તેમની આસ્થા સંદર્ભે ભારતીબેન શેલતનો વિચાર પ્રસ્તુત છે " અગ્નિ,પવન,સૂર્ય,વર્ષા,પૃથ્વી જેવા પ્રકૃતિના તત્ત્વોની ઉપાસના આદિમ લોકો કરે છે,પ્રકૃતિના તત્ત્વોની આવી ઉપાસના વેદકાળના લોકોમાં જોવા મળે છે.તેઓ પ્રતીકો દ્વારા દેવોની પૂજા કરતા હતા...જે આદિમ લોકોમાં જોવા મળે છે."[૧૨]

પરંપરાગત જીવનના લક્ષ્યમાં જોઈએ તો એ બાબત સ્પષ્ટ થાય છે કે તેમના જન્મથી લઈને મૃત્યુ સુધીની પૂજાવિધિઓમાં મૂળમાં પ્રકૃતિધર્મ કેન્દ્રસ્થાને છે.તેમના જન્મ સંસ્કાર, સગાઈ અને લગ્ન સંસ્કાર,પહેલા વરસાદના સમયે થતી નાંદીરવાદેવની પૂજા,ગામદેવની પૂજા,બળેવ સમયે થતી વાઘદેવ અને નાગદેવની પૂજા,કાળી ચૌદશની પૂજા,ગીમ્બાના અવસરે થતી મગરદેવની પૂજા,હોળીની પૂજાવિધિ અને મૃત્યુ સમયે કરવામાં આવતી મરણવિધિ અને ત્યારબાદ દરવર્ષે થતી ખતરાની પૂજા આગવા અને પોતીકા છે.તેના જીવનના આ વિવિધ સંસ્કારો અને તહેવારોમાં તે પોતાના પ્રકૃતિદેવોને પૂજતો આવ્યો છે,જેમાં ભગતનું સ્થાન હંમેશા મહત્ત્વનું રહ્યું છે.તેમના ધાર્મિક વિધિવિધાનો અને સંસ્કારોમાં ભગત એમનો આધાર અને ગુરૂ સમાન હોય છે.

## ૨.૧૧.૧ દેવ દેવીઓ :

પ્રકૃતિમાં જ પોતાના ઈષ્ટદેવ કે પરમેશ્વરનો સાક્ષત્કાર કરનારો આ સમાજ પ્રકૃતિના સાંનિધ્યમાં આવેલા તેના દેવદેવીઓની; પોતાના ઘરમાં કોઈ આફત ન આવે,સારો વરસાદ થાય,ખેતીમાં મબલક પાક ઉતરે,પશુ-પંખીઓનું રક્ષણ થાય,પોતાના કાર્યમાં કોઈ મુશ્કેલી ન આવે તેમજ પોતાના જીવન સુખમય બને એવી ભાવના સાથે વિધિવત પૂજા કરે છે,ને તેમાં કોઈ ભૂલ ન થાય તેની ખાસ કાળજી પણ રાખે છે.

આમ જોવા જઈએ તો દરેકના ખેતરના શેઢા ઉપર કોઈક ને કોઈક દેવની સ્થાપના કરેલી હોય છે,અથવા તેમનામાં એક સામાન્ય પ્રથા છે કે જ્યારે તેઓ ખેતરમાં વાવેતર કરે છે ત્યારે ખેતરની આજુબાજુમાં આવેલ અથવા નજીકમાં આવેલ દેવસ્થાન પર નાળિયેર વધેરે છે,ને જ્યારે પાક પાકીને તૈયાર થાય ત્યારે પણ આ નવો તુલ પ્રથમ ખેતરના દેવને અર્પણ કરે છે,ને પછી જ લણણી કરે છે.એટલું જ નહી આ નવા પાકને કંસરીમાડી કે બીજા

કોઈ દેવ; કે જે તેમના મોટા દેવો છે;તેમના સ્થાનક પર  ચઢાવ્યા પછી જ ખાય છે.આ સંદર્ભે કુંકણા લોકગીતોની પ્રસ્તાવનામાં ડાહ્યાભાઈ વાઢુ લખે છે કે ‘કણીકંસરીની અન્નની દેવી રૂપે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં અનેક વર્ષોથી પૂજા થતી આવી છે.’

હિમાયરો દેવ આખા મહોલ્લાના કે આખા ગામના સીમના દેવ છે.આ દેવ આખા મહોલ્લાની,ગામની,ખેતર,વાડી,ઢોરઢાંખર,આબાલવૃદ્ધ સૌની રક્ષા કરતો દેવ છે.ગામના બીજા નાના-નાના દેવો પણ આ હિમાયરા દેવના નેજા હેઠળ કે સત્તા હેઠળ રહેતા હોય છે.

આમ,તેમના દેવદેવીઓમાં નાનાં-મોટાં કે ઓછી-વધારે શક્તિવાળા એવા ભેદો પણ જોવા મળે છે,જેમાં પુઢષ દેવો અને સ્ત્રી દેવો બંનેનો સમાવેશ થાય છે.નાના દેવોનો કાર્યક્ષેત્રનો વિસ્તાર જે તે ગામના વિસ્તાર સુધીનો જ હોય છે,જે તેમના પ્રશ્નો અને દુઃખો દૂર કરવામાં મદદ કરે છે.આથી દરેક ગામમાં આ નાના દેવીદેવતાઓના સ્થાનકો સ્થાપવામાં આવેલા જોઈ શકાય છે.જ્યારે મોટા દેવીદેવતાઓના સ્થાનકો એક જ જગ્યાએ,રહેઠાણ વિસ્તારથી દૂર પહાડ કે ડુંગર પર આવેલા છે.આ સ્થાનકો  ચૌધરીઓના સમગ્ર ભૌગોલિક વિસ્તાર સુધીના ક્ષેત્રને આવરે છે,તથા સમગ્ર ચૌધરી જાતિને અસરકર્તા બને છે.આ દેવો ભારે સતવાળા અને શક્તિશાળી ગણાય છે.આવા દેવોને મોટી આફતો,ભારે દુઃખો, તકલીફો તથા સામૂહિક ઉપાય માટે પૂજવામાં આવે છે.આવા દેવીદેવતાઓમાં આહિન્ડો ડોગાર,ગોવાળદેવ,કાળોકાકાર,બણભોદેવ,કવાડિયો દેવ,કાકો બળિયો વગેરે  પુઢષદેવો તેમજ કંસરીમાડી,દેવલીમાડી,ગુમ્હાય માડી,દૂધમોગરા,કુમાની માડી વગેરે સ્ત્રીદેવીઓને ગણાવી શકાય.

આ ઉપરાંત ચૌધરીઓમાં વળગાડ,મેલા તત્ત્વોનો ભય,મરેલાનું નડવું,પશુઓની માંદગી,પશુનું દૂધ અટકવું તથા દૂધ ન આવવું,પાકના રોગો થવા તેમજ શારીરિક માંદગી વગેરે વિવિધ કાર્યો માટે વિવિધ  દેવોની ઉપયોગીતા જોવા મળે છે.તેથી તેમના દેવોને વળગાડ,રોગના દેવો,ખેતીના દેવો,પશુના દેવો,કોરા દેવો,ભોગવાળા દેવો કે મેલા દેવો વગેરે રીતે પણ વર્ગીકૃત કરી શકાય.

### ૨.૧૧.૨ દેવ સ્થાન :

તેમના દેવદેવીઓ કોઈ વ્યવસ્થિત બાંધેલા મંદિરોમાં નહિ,પરંતુ પ્રકૃતિની ગોદમાં ડુંગર પર,નદી,કોતર કે ઝાડ નીચે કે પહાડની બખોલ- ગુફા કે 'મ્હલ'માં બિરાજેલા છે.ત્યાં તેમની કોઈ મૂર્તિ વગેરે હોતી નથી,તેમનો કોઈ આકાર,ઘાટ કે રંગરૂપ નથી.માત્ર ગુફા કે મ્હલ એ તેમના મોટા દેવોનું અદશ્ય નિવાસસ્થાન મનાય છે.તો કેટલાક સ્થાનકો પર પથ્થરોને જ દેવરૂપે સ્થાપેલા છે,પણ એમના પ્રત્યેની તેમની શ્રદ્ધા જીવંત છે,સાકાર છે,મૂર્તિમાન છે.તેમના આ દેવીદેવતાઓ અગૂઢ શક્તિવાળાં,રક્ષણ આપનારાં તેમજ સુખ આપનારાં છે એમ તેઓ માને છે.

### ૨.૧૧.૩ ભગતનું સ્થાન :

ચૌધરી સમાજમાં ભગતની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવી છે.તેમના ધાર્મિક જીવનનો વડો ભગત ગણાય છે.જે તેમના દેવદેવીઓ, ધર્મ અંગેના ખ્યાલો, દંતકથાઓ, આફત, દુઃખ વગેરે બાબતોના ખુલાસા આપનાર,તેમની શ્રદ્ધાનું દઢીકરણ કરનાર,તેમની સમસ્યાઓ,તકલીફો,આફતોમાં રક્ષણ આપનાર કે નિવારણ કરનાર તેમજ લોક-પરલોક વચ્ચેના પ્રતિનિધિરૂપે કામ કરનાર છે.તે તેમની પૂજા,તેમના આચારો અને વિધિઓનું સંમાર્જન કરી પરંપરાગમન કરે છે.માંદગી કે દુઃખમાં તે ઓસડિયાં આપી દોરાધાગા દ્વારા તેનો ઉપચાર કરી સુખશાંતિ આપવામાં મદદગાર બને છે.મેલા તત્ત્વોને મંત્રશક્તિ દ્વારા નાથી તેના રંજાડથી તેમને મુક્ત રાખવાનું કાર્ય કરે છે.તે તેમના પિતૃઓ સાથે તેમનો સબંધ પૂજા દ્વારા જોડી આપવાનું કાર્ય કરે છે.દેવનો પવન ચડવવાથી તે દેવરૂપ બને છે અને તેથી 'ભગતનો બોલ એટલે દેવનો બોલ' એવી અતૂટ શ્રદ્ધાનું તેમનામાં દઢીકરણ જોવા મળે છે.તે મંત્રતંત્રની વ્યવસ્થિત તાલીમ પામેલો અને યમ નિયમો પર ચાલનારો હોય છે.તેમની સમગ્ર ધાર્મિક પરંપરાઓનો,આચારવિધિઓનો તે રક્ષક અને પોષક દેખાય છે.તે સર્વે ધાર્મિક ક્રિયાઓમાં કેન્દ્રસ્થાને છે.

આ ભગત પાસે લોકો પોતાના માથા પરથી ચોખા કે સિક્કા ઓવારીને લઈ જાય છે જેને 'ખડી' કહેવામાં આવે છે .( ખડી એટલે ભગતની સૂચનાથી દુઃખ કે તકલીફવાળી વ્યક્તિ પર દાણા ઓવારી લઈને પડીકામાં બાંધવામાં આવ્યા હોય તે પડીકું ) ભગત આ ખડી જોઈને તેમના દુઃખ વિશેનું કારણ જાણે છે અને તેનો ઉપાય કરે છે.તે ખડીને દેવસ્થાન

પર કે પછી આમ જ  દેવોનું નામ લઈ આહ્વાન મંત્ર ઉચ્ચારણ કરીને જુએ છે,અથવા તો પથ્થરને ધરતી પર ચીપકાવીને કે ચોખાને સિક્કા સાથે ચોંટાડીને ખડી જુએ છે.તે લોકોને ચોખા કે ઔષધિ ખાવા માટે આપે છે તેમજ સાથે રાખવા માટે ચીથરામાં ચોખા બાંધીને વચન આપે છે.તો કેટલીક વિધિ ઘરમાં કે ચૌઠામાં કરવાની સલાહ આપે છે.જેના લીધે લોકોના દુઃખ મટી જતા હોય છે.

આમ ચૌધરી જાતિનું ધાર્મિક માળખું અને તેનું કાર્યાત્મક સ્વરૂપ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે.આ બાબતે શ્રી અરવિંદ ભટ્ટ નોંધે છે કે - " ચોધરીઓ પોતાને મન ધર્મ શું છે તેની સ્પષ્ટ સમજ આપતા દર્શાવે છે કે ભગત ચોધરી ધર્મવ્યવસ્થાનો વડો છે.તે જેટલું તે વિશે જાણે છે,સમજે છે,તેમાંનું અમે કાંઈ જાણતા સમજતા નથી.તેથી તેની સૂચના અનુસાર ધાર્મિક ક્રિયાઓ કરવી,દેવ પૂજવા,ભોગ નૈવેદ્ય આપવાં તે અમારે મન ધર્મ છે.વહેમ તથા શુકન અપશુકનનાં ઓસડ તરીકે વિવિધ માન્યતાઓ માનવી તથા તે માટે દેવપૂજા કરવી તે તેમને મન ધર્મ છે.દેવદેવીઓની પૂજા કરી તેમને ખુશ કરવા,પ્રસન્ન કરી જીવનમાં લાભ મેળવવો અથવા આપત્તિકર શક્તિઓને દૂર રાખવાના પ્રયત્નો કરવા તે તેમને મન ધર્મ છે તેમ તેઓ સમજે છે."[૧૩]

આ ભગત પોતાની મંત્ર શક્તિ નાશ ન પામે તે માટે અન્યના ઘરે ખાવા પીવાનો વ્યવહાર રાખતા નથી.ભગત તરીકે કામ કરનાર વ્યક્તિઓમાં મોટેભાગે પુરૂષો હોય છે તેમ છતાં ક્યાંક સ્ત્રીઓ પણ કામ કરતી હોય છે જેને **ફકતાણ** કહેવામાં આવે છે.

### ૨.૧૧.૪ પૂજાવિધિ :

ચૌધરીઓનું પરંપરાગત જીવન દેવદેવીઓની પૂજાવિધિ સાથે જોડાયેલું છે.તેમનામાં પૂજાવિધિને જન્મ પૂર્વેથી લઈ મૃત્યુ પછી પણ મહત્ત્વપૂર્ણ અને આસ્થાનું પ્રતીક માનવામાં આવે છે.તેમની આ ધાર્મિક પૂજાનું સ્વરૂપ તેમના પરંપરાગત ધાર્મિક માળખાને સ્પષ્ટપણે વળગી રહેનારું દેખાય છે.તેમની જીવનવ્યવસ્થામાં નાનાંમોટા અનેકવિધ પ્રસંગો,ખેતી,પશુ ઉત્પાદન,માંદગી,અકસ્માત,ઘર બાંધવું,સગાઈ,લગ્ન,જન્મ અને મરણ વગેરે બધામાં દેવદેવીઓની પૂજા કેન્દ્રસ્થાને રહેલી છે.જે પરત્વે તેમની અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ પ્રદર્શિત થાય છે.તેમના વાર્ષિક જીવનચક્રમાં વૈયક્તિક તેમ જ સામૂહિક ધોરણે નિયમિત રૂપે થતી દેવીદેવતાઓની પૂજાને તેમના સામાજિક,આર્થિક અને ધાર્મિક વગેરે જીવનના કાર્યોની

સાથે સાંકળી;તેમની સમગ્ર જીવનવ્યવસ્થાના એક અભિન્ન અંગ સ્વરૂપે સ્થપાયેલી જોઈ શકાય છે,માટે તેઓ દર વર્ષે એક વખત દેવપૂજા માટે ‘હરખી’ લઈ જવાનું અચૂકપણે કરે છે.તેઓ માને છે કે આવી રીતે દર વર્ષે પૂજા કરવાથી દેવી દેવતાઓના આશીર્વાદ સતત મળ્યા કરે છે અને આપણા કામો સફળ થાય છે,સરળ થાય છે તથા સુખાકારી પ્રાપ્ત થાય છે.આમ,તેમની પૂજાવિધિમાં ઘર,મહોલ્લો કે ગામ જ નહીં પણ પૂરા સમાજ માટે સુખશાંતિ, સમૃદ્ધિ અને ભાઈચારાની ભાવના પ્રગટ થાય છે.

## ૨.૧૨ જીવન ચક્ર :

### ૨.૧૨.૧ જન્મ :

ચૌધરી સમાજમાં બાળકના જન્મને શુભ માનવામાં આવે છે.અહીં દીકરા- દીકરીને સમાન માનવામાં આવે છે.આ સમાજમાં પ્રસૂતાનો પ્રસવ **‘હુવારકી’** (દાયણ) ના હાથે કરાવાતો હોય છે.દરેક ગામ કે ફળિયામાં એવી બે - ત્રણ સ્ત્રીઓ હોય છે જે પ્રસૂતિના સમયે સુવાવડનું કામ કરતી હોય છે.અહીં વહુ સાસરીમાં જ તેના બાળકને જન્મ આપે છે.વહુની સગર્ભા અવસ્થા દરમિયાન તેની તમામ દેખરેખ સાસુ રાખતી હોય છે.જો કદાચ અધૂરા મહિને દુઃખાવો થાય કે જરા અસલામતી જણાય તો **હુવારકી**ને બોલાવીને ગર્ભની તપાસ કરાવી લેવામાં આવે છે.અનુભવી હુવારકી ‘બાળક ફરી તો નથી ગયું ને ?’ ‘ ગર્ભ વધારે પડતો નીચે સરકી તો નથી આવ્યો ને ?’ વગેરે સ્થિતિને પોતાના અનુભવ જ્ઞાનથી જાણી લઈ;ગર્ભને કાળજીપૂર્વક યોગ્ય સ્થિતિમાં લાવી દે છે,તેમજ હવે પછી શું કાળજી લેવી તેની સલાહ આપે છે.

પૂરા દિવસે પ્રસૂતાને વેણ ઉપડે ત્યારે,હુવારકીઓ તેને હૂંફ અને હિંમત આપી પ્રસૂતિ કરાવે છે.પ્રસૂતાને સારી રીતે પ્રસવ થઈ જાય તે માટે તેઓ **‘ડેબલી દેવી’** (પ્રસૂતિદેવી)ની માનતા રાખે છે.પરંપરા મુજબ પ્રસવ બાદ પ્રસૂતાને જે મેલી પડે છે,તેને કોઢના એક ખૂણામાં ખાડો ખોદીને દાટી દેવામાં આવે છે.

પ્રસવ પછીના પાંચ દિવસ સુધી,એટલે કે પચરાની વિધિ સુધી હુવારકીઓ જ બાળકને સવાર સાંજ સ્નાન કરાવતી હોય છે.સ્નાન કરાવ્યા પછી વધેલા પાણીમાંથી એક ડોયો પાણી મેલીની જગ્યાએ રેડવામાં આવે છે.મોટેરાઓનું કહેવું છે કે,પાંચ દિવસ સુધી

બાળક પર હુવારકીઓનો અડધો અધિકાર હોય છે. જે પચરાની વિધિ વખતે હુવારકીઓને પ્રસવકાર્યનું દામ આપી છૂટો કરવામાં આવે છે.આમ,આ પાંચ દિવસ સુધી ઘરના સભ્યો દ્વારા હુવારકીઓને ખાસ માન-પાન આપવામાં આવે છે,તેમજ તેમના માટે દારૂ અને જમવાની સગવડ પણ કરવામાં આવતી હોય છે.

### ૨.૧૨.૨ પચરો :

પ્રસૂતિના પાંચમા દિવસે સાંજે **પચરો** કરવામાં આવે છે.પચરાના દિવસે ઘરની એક વ્યકિત જઈને હુવારકીઓને પચરામાં આવવાનું ( તેમને જાણ હોવા છતાં) નિમંત્રણ આપે છે. ખાધે પીધે સુખી પરિવાર હોય તો ફળિયામાંથી નાના બાળકો અને વડીલ બેનોને પણ આમંત્રણ આપવામાં આવે છે.ઘરમાં જે જગ્યાએ પ્રસૂતિ કરાવવામાં આવી હોય તે '**માદળી**'ની જગ્યાને લીંપીને પવિત્ર કરી; ત્યાં કોડિયામાં દીવો પ્રગટાવવામાં આવે છે.દીવાની ચારે બાજુ ડેબલી દેવીને યાદ કરીને ચોખાની પાંચ પૂંજ મૂકી દરેક પૂંજ ઉપર રૂપિયો મૂકવામાં આવે છે.ત્યારપછી દરેક પૂંજની બાજુમાં ખાખરાના પાનમાં કોરું સૂંઠ ધરાવવામાં આવે છે,તેમજ ચા અને દારૂની છાક પાડવામાં આવે છે.કોઢમાં જ્યાં મેલી દાટવામાં આવી હોય ત્યાં પણ ચોખાની પૂંજ અને કોરું સૂંઠ મૂકી છાક પાડવામાં આવે છે. પૂજા થઈ રહ્યા પછી હુવારકી બાળકને બે હાથમાં લઈને પૂજા સ્થાનના ઓવારણા લે છે,ત્યારબાદ બાળકના કાનમાં ધીરેથી ફૂંક મારીને સારા ભવિષ્યની કામના કરે છે.

પચરાના દિવસે બાળકનું નામકરણ કરવામાં આવે છે.બાળકને નજર ન લાગે તે માટે તેના હાથમાં કાળી બગડીઓ પહેરાવવામાં આવે છે,તેમજ કમરમાં કાળો દોરો બંધાવવામાં આવે છે.

### ૨.૧૨.૩ સગાઈ :

ચૌધરીઓમાં લગ્ન જેટલું જ મહત્ત્વ સગાઈનું પણ છે.આ સમાજમાં છોકરા છોકરીને સગાઈ કે લગ્ન સંબંધે જોડવામાં માજ્જાનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે.'માજ્જો' એટલે- પરણવાલાયક છોકરા છોકરી વચ્ચે સંબંધ જોડી આપનાર - વચ્ચેનો માણસ. મોટેભાગે તે છોકરાના ગામનો હોય છે અને છોકરીનો પણ સગાસબંધી હોય છે.તે બંને પક્ષને એકબીજાના વ્યવહાર,ગામમાં કુટુંબની ઇજ્જત કે માનપાન,ઘર,ઢોર ઢાંખર, જમીન,માલ મિલકત, નોકરીધંધો વગેરે વિશેની તમામ માહિતી આપે છે.વળી,કુટુંબીજનો પણ

એકબીજા પાસેથી,જેમની સાથે સગાઈ સંબંધે જોડાવાના છે તેમને વારસાગત રોગો જેવા કે કૃષ્ટ રોગ,સફેદ કોઢ,વાઈ ફેફઢં જેવા રોગો તો નથી ને ? વગેરે બાબતો જાણી લેતા હોય છે.આખરે,કુટુંબ માનપાનવાળું છે એટલે છોકરી પણ સારી હશે એવી ખાતરી થતા,છોકરો તેના મિત્રો કાં તો વડીલો સાથે છોકરી જોવા જાય છે.

છોકરો જોવા આવે ત્યારે છોકરીને સાડી પહેરાવીને તૈયાર કરાવવામાં આવે છે. તે છોકરાને પહેલા પાણી આપે છે અને પછી બીજા લોકોને આપે છે,આ જ પ્રમાણે તે તેમને શરબત કે ચા પણ પીવડાવે છે.આ સમય દરમિયાન બંને એકબીજાને જોઈ લે છે.જે બંને એકબીજાને પસંદ કરી લે તો ગમતા ગમતી થઈ ગઈ એવું કહેવામાં આવે છે,ને સગાઈની વાત આગળ ચલાવવામાં આવે છે,જેના ભાગરૂપે છોકરીના કુટુંબીઓ છોકરાનું ઘર જોવા કયા દિવસે આવશે તે નક્કી કરી લેવામાં આવે છે.

નક્કી કરેલ દિવસે છોકરીના મા-બાપ,ફળિયાના વડીલો તેમજ ગામનાં બે પાંચ પંચો મળીને છોકરાનું ઘર (માલ મિલકત) જોવા માટે આવે છે.આ દિવસે છોકરાવાળા તેમની આગતા-સ્વાગતા કરી રસોઈ બનાવીને જમાડે છે.તેઓ છોકરાના ઘરની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ તેમજ આજુબાજુનાં ફળિયાનું વાતાવરણ વગેરે બાબતો તેમને સંતોષજનક લાગે ત્યારે સગાઈનો દિવસ નક્કી કરવામાં આવે છે.આ પ્રથાને **'ખરજીને ખાણે જાવાણઅ્'**કહેવામાં છે.

સગાઈના દિવસે વરપક્ષવાળા કન્યાને ત્યાં સગાઈ કરવા જાય છે.તેમની સગાઈ ચૌધરી સમાજની પરંપરા અને વિધિવિધાનો મુજબ કરવામાં આવે છે.સગાઈ થઈ ગયા પછી,તેમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોને ગોળધાણા ખવડાવવામાં આવે છે.છેલ્લે,લાડોલાડી બંને પક્ષના વડીલોના આશીર્વાદ લે છે.

### ૨.૧૨.૪ લગ્ન :

સગાઈ પછી લગ્નનો દિવસ નક્કી કરવામાં આવે છે.ચૌધરીઓમાં મોટેભાગે સગાઈ હોળી પહેલા કરી લેવામાં આવતી હોય છે,અને હોળી પછીના સમયમાં વરસાદ પડે તે પહેલા લગ્ન કરવામાં આવતા હોય છે.અગાઉના સમયે વરપક્ષ તરફથી કન્યાના પિતાને સગાઈના દિવસે દહેજ આપવામાં આવતું,જો સમયસંજોગેએ સગાઈ ટાણે દહેજ ન અપાયું

હોય તો સગાઈ પછીના પંદર-વીસ દિવસે કન્યાના ઘરે જઈને આપવામાં આવતું,જેને **રૂપિયા વેરવા જવું** કહેવામાં આવતું.આ ટાણે **હાટ** ( ઘરેણાં અને કપડા ખરીદી ) તેમજ લગ્નનો દિવસ પણ નક્કી કરી લેવામાં આવતો.આજે આ પ્રથા સમાજમાંથી ભૂંસાઈ ચૂકી છે.

હવે,વરપક્ષની આર્થિક અનુકૂળતાએ હાટ કરવા જવાનો દિવસ નક્કી કરવામાં આવે છે.આ દિવસે બંને પક્ષના લોકો ભેગા મળીને ખરીદી કરવા જાય છે.જેમાં કન્યા માટે વરપક્ષ તરફથી સમાજના કરાર મુજબ કપડાં અને ઘરેણાં લઈ આપવામાં આવે છે.

લગ્નની દિવસ નક્કી થતાંની સાથે જ ઘર-પરિવારમાં મહોલ્લામાં લગ્નનો માહોલ શરૂ થઈ જાય છે.લાડા કે લાડીના ઘરને લીપીગૂપીને શણગારવાનું તેમજ અનાજ તથા મસાલા સાફ કરવાનું કામ જોશભેર શરૂ થઈ જતુ હોય છે.આ કામમાં ફળિયા આખાના લોકો સહભાગી થતા હોય છે.લગ્નનું આમંત્રણ આપવા માટે એકદમ નૈસર્ગિક કહી શકાય તેવી પરંપરા આ સમાજે વિકસાવી હતી.તે મુજબ લાડો અને લાડી લગ્નના આગલા દિવસે ફળિયા કે ગામમાં ઘરેઘર ફરીને;દરેક ઘરનાં ઉંબરા આગળ **રંગેલા ચોખા** (હળદરથી રંગેલા ચોખા) વેરીને નોતરું મૂકતા,ને ઘરમાં જે વ્યક્તિ હોય તેને લગ્નમાં જરૂરથી આવવાનું કહેતા.આજે હવે નોતરાના બદલે છાપેલી કંકોત્રી મોકલીને લગ્નમાં આવવાનું આમંત્રણ અપાતું હોય છે.

લગ્નના પહેલા દિવસે આગણામાં માંડવો પાડવામાં આવે છે.સૌપ્રથમ મુરતના થાંભલાને હળદર અને કંકુનો લેપ લગાવી,પૂજનવિધિ કરીને રોપવામાં આવે છે,ત્યારબાદ બીજા થાંભલા રોપવામાં આવે છે.મંડપના ચારે ખૂણાંના થાંભલા સાથે સમડીના ઝાડનું ઝરડું અને ઘરના બારણા પાસેની થાંભલી સાથે કાકડાના ઝાડની ડાળી રોપવામાં આવે છે.ઘરના દરવાજાની સામે આવે તે રીતે મંડપની વચ્ચે,વળી સાથે શ્રીફળ બાંધી,એ જગ્યાએ ચાદર બાંધવામાં આવે છે,તેમજ માંડવાની ઉપર છાવણ કરવા માટે જાંબુડાના ઝરડા નાખવામાં આવે છે.જોકે હવે તૈયાર માંડવાઓનું ચલણ આવી ગયું છે.

માંડવો તૈયાર થઈ ગયા પછી વર અને કન્યાના ડીલે પીઠી લગાવવામાં આવે છે.સામાન્ય રીતે સવારે,બપોરે,સાંજે અને રાત્રે બાર વાગ્યે;આમ કુલ ચાર વખત પીઠી ચોળવામાં આવે છે.જેમાં પહેલી પીઠી ગામમાં આવેલા હિમાયરા દેવની પૂજા કર્યા

બાદ,દેવના થાનક પર જ લગાવવામાં આવે છે.લગ્નમા રાતભર ડોવડું,તારપું અને મશક જેવાં વાદ્યોના સૂર સંગાથે નાચણું જામતું હોય છે.

બીજા દિવસે સવારે લાડો જાન લઈને લાડીના ઘરે જાય છે.દશકાઓ પહેલા લાડાની જાન બળદ ગાડામાં બેસીને કે ચાલતી જ લાડીના ઘર સુધી જતી હતી.હવે મોટરકાર કે ટેમ્પો જેવા વાહનો ભાડે કરવામાં આવે છે.જાન લાડીના ઘરે પહોંચી ગયા પછી વાંસનો ઝાંપો પકડવાની રીત,કલવો ખવડાવવાની રીત,રાસે (કપડાં) ચડાવવાની રીત, લાડો અને લાડીને પાટલે ચડાવવાની રીત,છેડા હંગુરવાણી (બાંધવાની) રીત,લાડાલાડીને ખભે બેસાડીને નચાડવાની રીત,લાડાલાડીને ચૂલાના અગ્નિએ મંગળફેરા ફેરવવાની રીત અને છેલ્લે લાડી ઓલાવવા (કન્યાવિદાય )ની રીત પૂરી કર્યા બાદ; જાન લાડીને લઈને પાછી ફરે છે.સાસરે વિદાય લેતી લાડીને એકલું ન લાગે તે માટે તેની સાથે અરવણ તરીકે છોકરીને મોકલવામાં આવે છે.ઉપરની આ તમામ રસમો કરતી વખતે બંને પક્ષની ગીતાયરીઓ સામસામે ફટાણા રજૂ કરતી હોય છે,જેને સાંભળવા અને માણવાની એક અનેરી મજા હોય છે.

બીજા દિવસની સવારે લાડાલાડીને તેમના ફૂલહાર ઉતારવા માટે હિમાયરા દેવના થાનકે લઈ જવામાં આવે છે.

### ૨.૧૨.૫ આણાં :

લગ્ન પછીના બીજા કે ત્રીજા દિવસે કન્યાપક્ષવાળા ચાલતા કે બળદગાડામાં (હાલ વાહનમાં ) બેસીને કન્યાનું આણું કરવા માટે જાય છે,જેને **દહયે** કહેવામાં આવે છે.કન્યાનું સાસરું અને ગામ જોવાની ઇચ્છાને કારણે ફળિયા આખાના લોકો આણામાં જોડાતા હોય છે.કન્યાના આ પહેલા આણા કરવા જતી વખતે કન્યાપક્ષવાળા ખાંડ કે ગોળ પોતાની સાથે લઈ જાય છે,જે સાસરીમાં જઈને બધાને વહેંચવામાં આવે છે.આ કામ સ્ત્રીઓ કરતી હોય છે.સાસરીવાળા તરફથી તેમની સારી એવી મહેમાન નવાજી કરવામાં આવે છે. તેમને બીડી,તમાકુ,ચા કે દારૂ પીવડાવવામાં આવે છે,અને છેલ્લે સૌને જમાડવામાં આવે છે.ત્યારબાદ કન્યા અને અરવણને લઈને તેઓ ઘરે પાછા ફરે છે.

આ પછી કન્યાનું બીજુ આણું પાંચેક દિવસ પછી અને છેલ્લે જેઠું આણું; જે દશ બાર દિવસ પછી કરવામાં આવતું.ત્યારબાદ દિવાળી અને બળેવ સિવાયના તહેવારો ઉપર કન્યાનાં આણા કરવામાં આવતા.

**૨.૧૨.૬ મૃત્યુ :**

ચૌધરી સમાજમાં કરવામાં આવતી મરણ અને મરણોત્તરવિધિ તેમજ મરણ સમયે વગાડવામાં આવતું શોકવાદ્ય તૂર તેમની નોખી ભાતીગળ સંસ્કૃતિની ઓળખસમા છે.

સમાજમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે કે તરત અડોશપડોશના લોકોને બોલાવી લેવામાં આવે છે.શબને જમીન પર પથારી કરી દક્ષિણ તરફ માથું રહે એ રીતે સુવડાવવામાં આવે છે.ત્યારબાદ ફળિયાના વડીલો તેમજ સ્મશાન યાત્રાની વિધિ કરનાર ભગતોને ખબર આપવામાં આવે છે,સાથે તૂરવાળાને પણ બોલાવી લેવામાં આવે છે.તૂર મોટેભાગે કોટવાળિયા જાતિની વ્યકિતઓ દ્વારા વગાડવામાં આવે છે.આ તૂર વાગતું હોય ત્યારે તે આજુબાજુ ત્રણ ચાર કિલોમીટર સુધી સંભળાય છે.પરિણામે ગામના લોકો તૂરને વાગતું સાંભળી;એકબીજાને પૂછીને કોણ બીમાર હતું વગેરેના અનુમાનથી; કોનું મૃત્યુ થયું છે તે જાણી લેતા હોય છે.તેથી સગાસંબંધીઓ અને ગામલોકો વગર બોલાવ્યે મૃતકના ઘરે સમયસર પહોંચી જાય છે.જોકે,કહેવાતા સુધારાવાદી ગામોમાં મૃત્યુ થાય ત્યારે મરણ પામનાર વ્યક્તિના ઘરે નગાઢં લાવીને પાંચ-દશ મિનિટ સુધી વગાડવામાં આવે છે.

મડદાને હળદરમિશ્રિત દૂધ (જેમાં વધુ પડતું પાણી ભેળવેલું હોય છે)થી ન્હવડાવવામાં આવે છે.ત્યારબાદ એ વ્યક્તિએ જીવતે જીવ જે રીતભાતના વસ્ત્રો પરિધાન કર્યાં હોય કે પછી સેજ શણગાર સજ્યા હોય;એવી જ રીતભાતથી તેના શબને પણ કોરા વસ્ત્રો પહેરાવીને તૈયાર કરવામાં આવે છે,તેમજ માથું હોળાવી (સ્ત્રી હોય કે પુરૂષ બંનેને) વાસણની મેષથી કાજળ કઢાવી કંકુ તિલક કરવામાં આવે છે.આ રીતે તૈયાર કરેલા શબને પરિવારના સભ્યો વારાફરતી કપાળે ચાંદલો કરી પગે લાગે છે.

આ દરમિયાન અનુભવી એવા વડીલો બે વાંસને નવ-દશ ફૂટ જેટલા એકસરખા કાપી;વાંસના બાકીના ભાગમાંથી કામડી બનાવી,તેને માપની કાપી;ડાંગરના પરાળની હાથે વણેલી દોરડીથી આ કામડીઓને બંને વાંસ સાથે ગૂંથી લઈને ઠાઠડી તૈયાર કરી નાખે છે.આ રીતે તૈયાર થયેલ ઠાઠડીમાં દાભડાના પાનની પથારી કરી ચાદર પાથરવામાં આવે

છે,અને ફૂલો તેમજ ધાણી નાખવામાં આવે છે.ઠાઠડીના બંને હાથા સાથે આગળ પાછળ એક - એક એમ ચાર શ્રીફળ બાંધવામાં આવે છે.

પરંપરા મુજબ દાહ વિધિ કરતા પહેલા સ્મશાનમાં શબને જમાડવાની વિધિ કરવામાં આવે છે,તેથી આ સમય દરમિયાન મહિલાઓ એકાદ ખોબો જેટલા ભાત અને તેમાં થોડી તુવેરની દાળ નાખીને ખીચડી તૈયાર કરી નાખે છે.

તો બીજીબાજુ ડાંગર,જુવાર,મકાઈ તેમજ ભીંડાનું બી,ખાટી ભાજીનું બી,કોળાનું બી વગેરે ભેગા કરીને તેની ધાણી ફોડવામાં આવે છે.પરિવારજનો આ ધાણીને ફૂલોની જેમ શબની ઉપર નાખતા-નાખતા,તૂરવાળા સાથે શબની ફરતે ચાર ફેરા ફરે છે,ત્યારબાદ આ ધાણીને બહાર આંગણામાં તૈયાર કરીને રાખેલ ઠાઠડીમાં પણ વેરવામાં આવે છે.

મરણ પામનાર વ્યક્તિના દીકરાને અથવા સૌથી નજીકના આપ્તજનને ધોતિયા વડે ખોળો બંધાવી,તેમાં ધાણીની સાથે છૂટા પૈસા (પરચૂરણ) મૂકવામાં આવે છે;તેમજ તેનું માથું પણ આ ધોતિયાથી કે ટુવાલથી ઢાંકવામાં આવે છે.ત્યાબાદ તેને એક હાથમાં દેવતા મૂકેલી હાંડી અને ખભા ઉપર કુહાડી મૂકાવવામાં આવે છે.આ હાંડીને ડાંગરના પરાળની દોરીની મદદથી;સીકાની જેમ હાથમાં ટાંગી શકાય એ રીતે ગોઠવેલી હોય છે,જેથી તેને સરળતાથી ચાલીને લઈ જઈ શકાય.

ઉપર મુજબની બધી તૈયારી પૂરી થયા પછી ઘરનાં બારણામાંથી પ્રથમ શબના પગ પસાર થાય તે રીતે;શબને ઘરના મુખ્ય દરવાજામાંથી બહાર કાઢી ઠાઠડીમાં સુવડાવવામાં આવે છે.જો કોઈ સ્ત્રી પ્રસૂતિવેળાએ મૃત્યુ પામે તો તેના શબને ઘરના મુખ્ય દરવાજામાંથી બહાર કાઢવાને બદલે;ઘર પાછળના બારણાએથી;અને જો પાછળનું બારણું ન હોય તો ભીતમાં બાકોરું પાડી;એ બાકોરામાંથી શબને બહાર કાઢીને ઠાઠડીમાં સુવાડવામાં આવે છે.

સ્મશાનયાત્રામાં આગળ તૂર વગાડવાવાળા તૂર વગાડતા આગળ ચાલે છે.તેની પાછળ હાંડી લીધેલ વ્યક્તિ ચાલે છે,જે થોડા થોડા અંતરે સ્મશાન યાત્રાના રસ્તામાં પવિત્ર ધાણી ને પૈસા વેર્યે જાય છે.તેની પાછળ ચાર જણ ઠાઠડી ઉપાડીને ચાલે છે અને તેમની પાછળ ડાઘુઓ ચાલે છે.

સ્મશાન યાત્રા ફળિયાના ઝાપે પહોંચે ત્યારે ઠાઠડી નીચે ઉતારીને તરત પાછી ઉંચકી લેવામાં આવે છે,આ જગ્યાને **ઉતારો** કહેવામાં આવે છે.તેની નિશાની રૂપે અહીં નાનકડો પથ્થર મૂકવામાં આવે છે.અહીંથી શબને ઉપાડયા પછી ફેરવી લેવામાં આવે છે.એટલે કે આગળ પગ હતા તેને બદલે હવે પાછળ પગ રહે તે રીતે ઠાઠડીને ઉપાડીને સ્મશાન સુધી જાય છે.

મહિલાઓ આ ઉતારા સુધી જ યાત્રામાં જોડાઈ શકે છે.તેઓ ત્યાંથી પાછી ફરે છે અને સ્નાન કરીને આવ્યા પછી આખા ઘરને લીંપીને પવિત્ર કરી નાખે છે.

બીજીબાજુ સ્મશાનયાત્રા દરમિયાન ઠાઠડીને કોઈ એક ડાઘુ થોડીથોડી વારે કુહાડી અડાડતો રહે છે.સમાજમાં એવી માન્યતા છે કે ‘ જો આમ કરવામાં ન આવે તો ઠાઠડી એટલી વજનદાર બની જાય કે પછી તેને ઉચકવી મુશ્કેલ બની જાય !’

સ્મશાનઘાટ પર પહોંચ્યા પછી આગળ તૂર વાળા,પછી હાંડી વાળો અને તેની પાછળ ઠાઠડીવાળા ખડકેલ ચિતાની ફરતે ચાર ફેરા ફરી રહે પછી;શબનું માથું દક્ષિણ દિશા તરફ રહે તે રીતે ચિતા પર લેટાવી દેવામાં આવે છે.અગ્નિદાહ આપતા પહેલા મૃતાત્માને હાંડી કાઢનાર વ્યક્તિ દાંતણપાણી કરાવી;ચાની ધાર મોઢામાં પાડી ચા પીવડાવે છે અને શાક ભાતનો કોળિયો મોઢામાં મૂકાવે છે.ત્યારબાદ કુટુંબીઓ નિકટના સગાઓ મૃત્યુ પામનાર વ્યક્તિને શાક-ભાતનો કોળિયો મોઢામાં મૂકાવે છે.આમ અહીં સ્વજનને છેલ્લીવાર ખવડાવવા પીવડાવવામાં આવે છે.અગ્નિદાહ દેવાય તે પહેલા સ્મશાનમાં આવેલ સગા સબંધીઓ તથા ગામલોકો પણ મૃતાત્માને પગે લાગે છે.

આખરે મુખ્ય ભગત શબને અગ્નિદાહ આપવાની તૈયારી કરાવે છે.સ્મશાનયાત્રામાં હાંડી લઈને ચાલ્યા હોય તેના હાથે જ દાહ વિધિ પણ કરાવવામાં આવે છે,તે માટે તેના હાથમાં કામડીની સળગતી ભારી કે મસાલ આપીને ચિતાની ફરતે ચાર ફેરા ફેરવવામાં આવે છે.ચોથો ફેરો પૂરો થાય એટલે ચિતા તરફ પીઠ રાખી;પાછળ હાથ કરીને અગ્નિદાહ આપવામાં આવે છે.તેની સાથે જ ભગત દ્વારા શબને ઓઢાડવામાં આવેલ ધોતિયું કે સાડીમાંથી પંચીયા તરીકે ચીંદરડી ફાડી લેવામાં આવે છે.જે હાંડી કાઢનાર વ્યક્તિ પાસે રહેલ કુહાડીના હાથા સાથે બાંધી દેવામાં આવે છે.ચિતાને અગ્નિદાહ અપાય ગયા પછી મોટાભાગના ડાઘુઓ ઘરે પાછા ફરે છે.પાછા ફરતી વેળાએ તેઓ રસ્તામાં આવતી નદી કે

કોતરમાં સ્નાન કરે છે,તેમજ ઘરે આવીને તેઓ ઘરની સ્ત્રીના હાથે **હનવાઇણઅ્** પાણીને; જમણા હાથની હથેળીમાં લઈ,તેનો શરીર પર છંટકાવ કરીને પવિત્ર થયા પછી તેઓ ઘરમાં પ્રવેશ કરે છે.

## ૨.૧૨.૭. દિયાડો (દહાડાની વિધિ) :

સ્મશાનયાત્રા નીકળી ગયા પછી બહેનો મૃતાત્માના આખા ઘરને લીંપી નાખીને પવિત્ર કરે છે.ત્યારબાદ ઢળતા બપોરે દહાડાની વિધિ કરવામાં આવે છે.આ વિધિ માટે ઘરમાં રસોઈ તૈયાર કરવામાં આવે છે.એક સમયે નજીકના પારિવારિક સબંધો ધરાવતી મહિલાઓ પોતાના ઘરેથી ચોખા,તુવેરની દાળ,મરચાં કે શાકભાજી વગેરે જે કંઇ મળે તે થોડા થોડા પ્રમાણમાં લઈ આવી,તેને એક પાત્રમાં ભેગી કરતી ને પછી તેની રસોઈ બનાવતી.આજે હવે બજારમાંથી ખરીદી લાવવામાં આવે છે.

રસોઈ માટેનું પાણી પુરૂષો જ ભરી આપે છે.ઘરમાંથી મહિલાઓ ખાલી ઘડો આપે તે લઈને તેઓ કૂવે પાણી ભરવા જાય છે.પરંપરા મુજબ પાણી ભરતી વેળાએ આ ઘડાને અધ્ધર પકડી રાખવો પડે છે.તેને જમીન પર મૂકવામાં આવતો નથી.ઘડો પાણીથી ભરાઈ રહે પછી તેને કાંધ પર મૂકી લાવીને બહારથી જ મહિલાઓને સોંપી દેવામાં આવે છે.

આ રીતે ઘરને પવિત્ર કર્યાં પછી 'ફાતઅ'(જેમાં મૃતાત્મા અને પિતૃઓને જમાડવાની વિધિ કરવામાં આવે છે.)કાઢવામાં આવે છે.આ માટે રસોઈમાં દાળ મિશ્રિત ભાત અને શાક વગેરે બનાવવામાં આવે છે.જો મરનાર વ્યક્તિ માસ ખાનારી હોય તો શાકમાં મરઘી કે માછલીનું શાક પણ બનાવવામાં આવે છે,આ સાથે દારૂ અને ચા પણ બનાવવામાં આવે છે.

દાળ મિશ્રિત ચોખા રાંધતી વખતે જરૂર કરતા થોડું વધારે પાણી નાખવામાં આવે છે.ચોખા અધકચરા ચડીને ખદબદવા લાગે ત્યારે તેમાંનું વધારાનું પાણી ડોવડીથી કાઢી લેવામાં આવે છે,જેને **પેજળઅ્** કહેવામાં આવે છે.આ ઓસામણ વાળંદને આપવામાં આવે છે.આ પ્રવાહીથી મરનારના અંગત સગા સબંધીઓના માથાના તેમજ દાઢી મૂછના વાળ ઉતારે છે.આ વાળને શબને પ્રથમ ઉતારેલ  વિસામા પર ભાત લઈને જતી વખતે નાખવામાં આવે છે.આ જગ્યાએ ભાતું પણ ઉતારવામાં આવે છે.મરનાર વ્યક્તિ સ્વર્ગમાં જાય છે ત્યારે રસ્તામાં તેને અગ્નિ પર ચાલીને જવું પડે છે.આ સમયે આ ઉતારેલા વાળ તેના પગ નીચે આવે છે.જેથી તેના પગનું રક્ષણ થાય છે અને તે સ્વર્ગમાં સુખેથી પહોંચી જાય છે.

રસોઈ તૈયાર થઈ ગયા પછી તેની નવ બાજ તૈયાર કરવામાં આવે છે.આ નવ બાજ ત્રણ-ચાર વ્યક્તિઓ ભેગા મળી;એક ઉપાડીને બીજાને આપે,બીજો ત્રીજાને આપે એ રીતે કોરા(નવાં) ટોપલામાં મૂકે છે.આ બાજ મૂકતી વખતે દરેક બાજમાંથી થોડો થોડો ભાત એક પડિયામાં જુદો કાઢી લેવામાં આવે છે.

આ રીતે નવ બાજનું ભાતું  ટોપલામાં ભરાઈ ગયા પછી તેને કોરા ધોતિયાથી વીંટાળીને બાંધી લેવામાં આવે છે.એવી જ રીતે અન્ય વ્યક્તિઓ દ્વારા કાકડાના લાકડાની નાની-નાની ડાળખીઓ, થાંભલીઓ,દાભડાના પાન તેમજ ચારેક નળિયા વગેરે લઈ લે છે,અને આગળ તૂર વગાડતા વગાડતા પાછા સ્મશાને જાય છે.

અહીં જેણે દાહ વિધિ કરી હતી તેને ધોતિયું પહેરાવી,ઉઘાડે શરીરે દાહ વિધિની જગ્યા ધોવડાવવામાં આવે છે.જગ્યા ધોવા માટે ઉંબરાના અને આકડાના ઝરડા લઈને પ્રથમ ચાર વાર ફરીને જગ્યા ધોવામાં આવે છે.આ રીતે જગ્યા ધોવાઈ ગયા પછી લાવેલ ભાથામાંથી ચાર બાજ લઈ એક પછી એક કરીને ચારે બાજ દાહ આપેલી જગ્યાએ ઊંધી વાળવામાં આવે છે.ત્યારપછી જે ટોપલામાં ભાતું લઈ ગયા હતા તે જ ટોપલામાં મૃતાત્માના સૌથી મોટા પુત્ર વડે પાછળ હાથ રાખીને ઉંબરો અને આકડાની ઝરડાની બનાવેલ સાવરણીથી વાળીને એક પછી એક એમ ચાર વાર થોડું થોડું ભરીને નદીના પાણીમાં નાંખી દેવામાં આવે છે.દરેક વખતે માથા પર ઈંઢોણી તરીકે આકડાના પાન મૂકવામાં આવે છે.આમ ચોથી વાર બધું જ ભરી લઈને નદીમાં નાંખી દેવામાં આવે છે.તથા ટોપલો પણ દબાવીને તોડી નાખવામાં આવે છે.આટલી વિધિ કર્યા પછી ફરી વાર આકડાના અને ઉંબરાના ઝરડાની સાવરણીથી તે જગ્યાને અગાઉની જેમ વાળીને ધોવામાં આવે છે.

હવે આ સાફ કરેલી જગ્યામાં કાકડાની Y આકારની ચાર થાંભલીઓ રોપી;તેની ઉપર કાકડાની જ આડીઓ અને વળીઓ ગોઠવીને એક બાજુ ઢળતો મંડપ પાડી,તેના પર દાભડાના પાનનું છાવણ કરી,ચાર નળિયા મૂકવામાં આવે છે.આ રીતે  તૈયાર કરવામાં આવેલા મંડપને મૃતાત્માનું આવાસરૂપી ઘર માનવામાં આવે છે.હવે, ચિતામાંથી જે પંચિયું ફાડી લેવામાં આવેલું તેને ફાડીને ચાર ભાગ કરી,તેની નાની નાની ચાર ધજા બનાવીને ચારે ચાર થાંભલીએ રોપવામાં આવે છે.ત્યારબાદ દિવેલાના પાનની બે દાંડીઓ લઈ તેમાં ગૌ(કુંવારી ગાયનું)મૂત્ર ભરી તેનો આગળની બે થાંભલીઓ ઉપર છંટકાવ કરવામાં આવે છે,તેમજ આ બંને દાંડીઓને આગળની થાંભલીઓ સાથે લટકાવી દેવામાં આવે છે.આ જ

પ્રમાણે પાછળના ભાગે પણ ગૌમૂત્રનો છંટકાવ કરી દિવેલાના પાનની દાંડીઓને પાછળની બંને થાંભલીઓ સાથે લટકાવી દેવામાં આવે છે.આટલી ક્રિયાવિધિઓ દ્વારા મૃતાત્માના આવાસરૂપી ઘરને પવિત્ર કરવામાં આવે છે.

આ રીતે મંડપ તૈયાર કરી તેને પવિત્ર કર્યા પછી,બીજી ચાર બાજ લઈ તેને મંડપની ચારેચાર થાંભલીઓ પાસે મૂકવામાં આવે છે.તત્પશ્ચાત માટલીના મોઢાના ભાગને થોડો ખાંડો કરી તેમાં પાણી ભરવામાં આવે છે;ને પછી માટલીના મોઢાને ધોતિયાના કપડાથી બાંધી,એક તરફ ઢળેલી રહે તે રીતે મંડપની વચોવચ મૂકવામાં આવે છે.

છેલ્લે બાકી રહેલી નવમી બાજને;ખાખરાના પાનના સાત દડિયા બનાવી સાત ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. તેમાંથી એક દડિયો પિતૃઓના પ્રતીકરૂપ કાગડાને સોંપવામાં આવે છે,અને બીજો દડિયો છાપરીની અંદર ગોઠવવામાં આવેલી માટલી પર મૂકવામાં આવે છે.બાકીના દડિયાઓને માંડવા નજીક મૂકીને તેની ફરતે પાણી ઓવારીને પવિત્ર કરી,યથાસ્થિતિમાં છોડી દેવામાં આવે છે.ત્યારબાદ પૂર્વજોને બોલાવવા માટે હળદરમાં રંગેલા ચોખા નોતરા તરીકે ચારે દિશામાં નાખતા જઈ,પૂર્વજોને તેમના નામ દઈને આમંત્રણ આપવામાં આવે છે.આટલી વિધિ સ્મશાનમાં કર્યા પછી તેઓ ઘરે પાછા ફરે છે.

બીજીબાજુ મહિલાઓ ભાત ભરતી વખતે જે અલગ પડિયામાં રસોઈ કાઢેલી,તેમાંથી થોડું પડિયામાં લઈને વિસામા સુધી આવે છે.તેઓ ભાતના એ પડિયાની સાથે બીજા પડિયામાં ચ્હા તેમજ ત્રીજા પડિયામાં પાણી ભરી;એ ત્રણે પડિયા વિસામાના સ્થાન પર મૂકે છે.ત્યારપછી તેઓ વિસામાના પથ્થર પર પેજળું કાઢવાના ઉપયોગમાં લીધેલ ડોવડી અફાળીને ફોડી નાખે છે,અને હળદરથી રંગેલા ચોખા ચારે દિશામાં નાખીને પૂર્વજોને ભોજન માટે આમંત્રણ આપે છે.

ત્યારબાદ તેઓ મૃતકના ઘરે આવી બાકી વધેલા ભાતને દશ પડિયા ભરે છે.આ દશે દશ પડિયાની છાક પાડયા પછી પાંચ પડિયાને ઘરના છાપરા પર અને ચાર પડિયા ઉકરડે મૂકે છે તેમજ બાકી બચેલો દશમો પડિયો હાંડી પર મૂકે છે.

### ૨.૧૨.૮ ગોઠ :

ઉપર વર્ણવેલી બધી ક્રિયાવિધિઓ પૂરી થયા પછી સાંજના સમયે 'ગોઠ'બેસવામાં આવે છે.ગોઠની વિધિમાં માત્ર પુઢષો જ બેસે છે.જેમાં ભગતો,વડીલો તેમજ કુટુંબ અને ફળિયાના પુરૂષો જોડાતા હોય છે.ગોઠની વિધિ માટે ચ્હા તેમજ ડુંગળી અને મરચાનું કચુંબર તૈયાર કરી લેવામાં આવે છે,ને પછી તેઓ વિસામાની જગ્યાએ જઈને ગોળાકારે બેસી જાય છે.ગોઠ બેસવા ત્યારે પણ તૂર વગાડવામાં આવે છે.અહીં ખાખરાના પાનના દડિયામાં ચા ભરીને ગોઠની વચ્ચે મૂકવામાં આવે છે.તેની બાજુમાં કોઈ એક પાત્રમાં કચુંબર મૂકવામાં આવે છે.

ત્યારબાદ તમામ ભાઈઓ એક પછી એક એમ વારાફરતી હાથમાં કચુંબર લઈને;ચાના દડિયા ઉપરથી જમણેથી ડાબી બાજુએ ત્રણેક વાર ઓવારીને ચ્હાના દડિયાની બાજુમાં છોડી દે છે.આ રીતે તેઓ મૃતાત્માને યાદ કરીને તેનું પૂજન કરે છે.આ રીતે મૃતાત્માનું પૂજન થઈ રહ્યા પછી દહાડાની વિધિ વખતે સ્મશાનેથી લાવવામાં આવેલા હનવાણી પાણીની બોટલ અને ચ્હા ભરેલા લોટાને દડિયાની બાજુમાં ઢોળી દેવામાં આવે છે જેને **ઠામ ઢુલવાણી રીત** કહેવામાં આવે છે.

આ વિધિકાર્ય પૂરું થયા પછી બધાને બબ્બેવાર ચા પીવડાવવામાં આવે છે.ત્યારબાદ વધેલી ચા સ્ત્રીઓને મોકલી આપવામાં આવે છે.બહેનો પણ ઘરના ઉકરડા પાસે આ જ પ્રમાણેની વિધિ કર્યા પછી બબ્બેવાર ચા પીવે છે.

ગોઠની આ છેલ્લી વિધિ પૂરી થયા પછી તૂર વગાડવાનું બંધ કરી દેવામાં આવે છે.ત્યારપછી ભગત જેણે હાંડી કાઢી હતી તેના હાથે દાન દક્ષિણા અપાવી તૂર છોડાવે છે.પરંપરા મુજબ હાંડી કાઢનાર પોતાના હાથે નક્કી કરેલી કિંમત પ્રમાણેના પૈસા તૂર ઉપર મૂકે છે અને પછી વગાડનારના ડીલેથી તૂર છોડાવી દે છે.આમ,મરણપ્રસંગની આ સઘળી શોકવિધિઓ પૂર્ણ થયા પછી સૌ છૂટા પડે છે.

### ૨.૧૨.૯ પાન :

મૃતાત્માનો દેહ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયાના બીજા દિવસે પાન અને ત્રીજા દિવસે ખતરો મૂકવામાં આવે છે.ખતરો મૂકાય જાય ત્યાં સુધી ગામના વડીલો તેમજ યુવાનો

સ્વર્ગસ્થના ઘરે રાત્રે બેસવા જાય છે.તેઓ લોકકથાઓ કરીને કે ગંજીફાની રમત રમીને ઘરમાં વ્યાપેલા ખાલીપાને દૂર કરે છે.વળી,મોટાભાગના ત્યાં જ પણ ઊંઘી રહે છે.આ રીતે તેમના દ્વારા મૃતકના સ્વજનોની એકલતાનું દુઃખ દૂર કરવા માટે આપવામાં આવતી સાંત્વના તેમની ઉચ્ચ સામાજિક ભાવનાની ઝાંખી કરાવે છે.

પાનના દિવસે જ ખતરાનો  પથ્થર અને ઘુમ્મટ પણ લઈ આવવામાં આવે છે.આ માટે મુખ્ય ભગત અને જાણકાર વડીલો આસપાસની કોઈ મોટી નદીના ઘાટ કે કિનારે જઈ; હાથમાં દાતરડું લઈ; ખતરા યોગ્ય પથ્થર શોધવા ચાલતા નીકળી પડે છે.ખતરાના પથ્થરની પસંદગીની પ્રથમ શરત એ હોય છે કે એ પથ્થર પાકો અને લીસી સપાટીવાળો,લંબગોળ આકારનો અને યોગ્ય માપનો હોવો જોઈએ,જેથી તેને જમીન પર સારી રીતે બેસાડી શકાય;ખરબચડો કે કઢંગો પથ્થર ખતરા માટે ચાલી શકે નહિ.

વળી,પથ્થર શોધવા ગયેલા ભગતો આમતેમ શોધતા જઈ નહિ,પરંતુ સીધી દિશામાં ચાલતા ચાલતા જે કોઈ લીસો પથ્થર સામો મળે તેને હાથમાં લઈ;દાતરડાની ધારથી લસરકો કરે છે,ને જો દાતરડાના લસરકાથી આગના તણખા ઝરે તો  જ  એ પથ્થરને ખતરા માટે સ્વીકારવામાં આવે છે.જો તણખા ન ઝરે તો તેને અયોગ્ય માની તેઓ બીજો પથ્થર શોધે છે.જ્યારે તેમને ખતરા યોગ્ય પથ્થર મળી જાય ત્યારે તેને મૂળ જગ્યાએ પાછો મૂકી દઈ; મુખ્ય ભગત વચનોચ્ચાર કરી તેને ચોખાની પૂંજ મૂકી,ફૂલ ચઢાવે છે તેમજ  સવા રકમના પૈસા મૂકે છે.આટલી વિધિ કર્યા પછી તેઓ એ પથ્થરને લાવીને મૃતકના ઘરના વાડામાં મૂકી રાખે છે.

તો બીજીબાજુ અન્ય ભગત અને વડીલો બળદગાડું જોડીને ગામની બાજુના શહેર કે કસ્બામાં જઈ કુંભારને ત્યાં ઘૂમટો લેવા જાય છે.આ માટે તેઓ દેવ ડોવડીના સૂર રેલાવતા જઈ વાજતે ગાજતે કુંભારને ત્યાં જાય છે અને  ઘૂમટાની ખરીદી કર્યા પછી ઘૂમટાને ગાડામાં મૂકી;મરનાર જો પુરુષ હોય તો ઘૂમટાને સફેદ ધોતિયું ને જો સ્ત્રી હોય તો  રાતું લૂગડું કે ઓઢણી ઓઢાડી;ડોવડી વગાડતા વગાડતા માન સન્માન સાથે ઘરે લઈ આવે છે.ઘરે આવ્યા પછી બળદ ગાડાને ઘરના આંગણામાં;આગળ નાગણીયા અને પાછળ હિદવાનો ટેકો આપી ઊભું છોડવામાં આવે છે.

હવે આ બંને વસ્તુઓ આવી ગયા પછી ભગતો પાનની વિધિ શરૂ કરે છે. પાનની વિધિ સાંજના સમયે રાખવામાં આવતી હોય છે.આ માટે પહેલા તો ઘરમાં જે જગ્યાએ સ્વર્ગસ્થના શબને રાખવામાં ( ખાસ કરીને ખાંડણીયાની બાજુમાં ) આવ્યું હતું, તે જગ્યાને કોરા છાણથી લીંપી નાખ્યા બાદ,થોડીવાર પછી સાવરણીથી વાળી નાખવામાં આવે છે.ત્યારબાદ મુખ્ય ભગત એક મોટી થાળીમાં લોટ અને ચોખા વગેરે મંગાવી પોતાનું વિધિકાર્ય શરૂ કરે છે.આ સમયે ઉપસ્થિત બધા પુરૂષો માથા પરથી પાઘડી ઉતારી લેવાનું કહેવામાં આવે છે.

મુખ્ય ભગત હાથમાં લોટ લઈ એક કુંડાળું કે પાટ દોરે છે,આ કુંડાળુ આખેઆખું દોરવાને બદલે થોડું બાકી રાખવામાં આવે છે.આ માટે ભગતોનું એવું કહેવું છે કે 'જેમ ઘરમાં પ્રવેશ માટે બારણું હોય છે તેમ આ કુંડાળામાં પ્રવેશવાનું બારણું છે.આ બારણું રાખવાથી જીવને અંદર પ્રવેશવામાં તકલીફ પડતી નથી અને તે સરળતાથી અંદર આવી શકે છે.' આ કુંડાળાની અંદર પાણી, દારૂ અને જમવાનો (ભાતનો) એમ ત્રણ દડિયા મૂકી; તેલનો દીવો પ્રગટાવવામાં આવે છે અને ચોખાની પૂંજ મૂકવામાં આવે છે.

પૂંજ મૂકતી વખતે ભગત વિધિગત મંત્ર ઉચ્ચારે છે - **“આજે તોરે એ પૂંજ મૂકતોમ,આજે તું ઇયાં પાટે પાટે ચાની આવજે,યાદે યાદે ચાની આવજે,તોરે કોઈ નિશાણી દેખાડી જાજે.હાથ કાં તે પાગ પાડી જાજે…”** ( તું આ પાટે પાટે ચાલી આવજે,યાદે યાદે ચાલી આવજે,તારા આવ્યાની કોઈ નિશાની દેખાડી જજે,હાથ કાં તો પગ પાડી જજે..) આ મંત્રોચ્ચાર પાછળની પરંપરાગત માન્યતા એવી છે કે- આત્મા જ્યારે આ દડિયાઓમાં મૂકવામાં આવેલી ભોજનસામગ્રીની ખાણીપીણી કરવા માટે હાજર થાય છે ત્યારે તે પોતાના આવ્યાની સાબિતીરૂપે લોટના પટ્ટા પર પક્ષીઓના પગના આકાર જેવા ચિહ્નો છોડી જાય છે.

પૂંજ મુકાય ગયા પછી દારૂ અને ચાની છાક પાડવામાં આવે છે.છાક પાડતી વખતે પણ માડી અને દેવોનું નામ સ્મરણ કરવામાં આવે છે.છાક પાડી દીધા પછી ખોબામાં પાણી લઈ,તેને કુંડાળાની ફરતે ઓવારવામાં આવે છે.આ રીતે સ્થાનને પવિત્ર કર્યા પછી ફરી હથેળીમાં **હનવાણી** પાણી લઈ તેને બબ્બે વાર ડાબી જમણી બાજુએથી શરીર પર છાંટી લેવામાં આવે છે.

ઉપર મુજબનું વિધિકાર્ય કર્યા પછી કુંડાળા ઉપર ડાલો મૂકી દેવામાં આવે છે.આ ડાલો મૂકતી વખતે તે કુંડાળાના બારણા તરફના ભાગે જરા ઊચકાયેલો રહે એ માટે તેની નીચે બે કાંકરા મૂકી દેવામાં આવે છે.આ ટોપલાને બારણાના ભાગે ઊચકાયેલો રાખવા પાછળનું કારણ પણ એ જ કે,સ્વર્ગસ્થ આત્માને તેની અંદર પ્રવેશ કરવામાં કોઈ જાતની તકલીફ ના પડે.

આ રીતે ડાલો મુકાય ગયા પછી આ વિધિકાર્યમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓ,એક પછી એક આવીને ડાલાની નજીકમાં છાક પાડે છે.આ સમયે ભગતો બધા ભાઈઓને ફરી પાઘડી બાંધી લેવાની રજા આપી દે છે.

આટલી ક્રિયાઓ પૂર્ણ થયા પછી ભેગી થયેલા તમામ લોકોને બબ્બે વાર ચા પીતા હોય તો ચા; અને દારૂ પીતા હોય તો દારૂ પીવડાવવામાં આવે છે.જે બહેનોએ લીંપણ કર્યું હોય તેમને પહેલા ચા કે દારૂ આપવામાં આવે છે,અને ત્યારપછી જ બીજાઓને અપાય છે.અહીં પાનની વિધિ પૂરી થાય છે.

### ૨.૧૨.૧૦ ખતરો :

પાનના બીજા દિવસે ખતરાની વિધિ કરવામાં આવે છે.આ માટે કોઢમાં અમુક એટલી જગ્યાને કોરા છાણથી લીંપીને પવિત્ર કરવામાં છે.ત્યારબાદ લીંપણ કરેલી ટોપલીમાં ચોખા ભરી તેને સ્વચ્છ ધોતિયાથી બાંધી તેને કોઠારી તરીકે તૈયાર કરી લીંપણ કરેલી જગ્યાએ મૂકવામાં આવે છે.પૂંજવામાં આવે છે.ખતરાનો પાળિયો મંગાવી કોઠારીમાં મૂકવામાં આવે છે.અને પછી વાડામાં લઈ જઈ તેનું સ્થાપન કરવામાં આવે છે.તેની આજુબાજુ છીતરાના ઝરડા રોપી આગળના ભાગે છાણથી લીંપણ કરી પૂંજ મૂકવામાં આવે છે.પૂજા થઈ રહે એટલે મરઘીના બચ્ચાનો કે ઈંડાનો ભોગ આપી જીવ વાળવામાં આવે છે.

ત્યારબાદ ભગત તેને ડાબા હાથમાં લઈ જમણા હાથમાં સળી કે લેખણી લઈને તેને તેલમાં કે ઘીમાં બોળીને પાળિયા ઉપર લખાણ કરે છે.આ લખાણ સંજ્ઞાના રૂપમાં કરવામાં આવે છે.ઘર,ખેતર,વાડી,કૂવો વગેરે સંજ્ઞાથી દોરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે આ તારું ઘર છે,આ ખેતર છે આ ગાડાં બળદથી ખેતર વાડી કરજે આ કૂવો છે પાણી પીવાનો.તેમાં હાટ બજાર પણ બતાવવામાં આવતા ખરીદી કરવા જજે અને ખાય પીને મોજમજા કરજે ટૂંકમાં ગૃહસ્થ માણસના જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓની તેની

જિંદગીભર ચાલે એવી રીતની સુવિધા મૃતાત્મા કે પાળિયામાં પ્રસ્થાપિત કરી આપવામાં આવતી.

એક સમયે આ સમાજમાં  આભડછેટનું પ્રમાણ ખૂબ હતું.કોઈ અજાણ્યાના ઘરે ઉઠાઈ બેસાઈ ગયું હોય કાં તો જેના ઘરનું ન ખપે એવું હોય છતાં,તેના ઘરનું ખવાઈ પીવાઈ ગયું હોય તો ફલાણી વ્યક્તિ અભડાઈ ગઈ છે એમ માની તેને ન્યાત બહાર મૂકવામાં આવતી.તેણે ફરી ન્યાતમાં આવવા માટે ન્યાતું કરવું પડતું.તેવી જ  રીતે મૃત્યુ પામનાર વ્યક્તિ જાણ્યે અજાણ્યે અભડાઈ હોય તો તેના ખતરાને પૂર્વજોના ખતરા સ્વીકાર કરતા નથી.તેને ન્યાત બહાર એકલા રહેવું પડે છે.આમ મૃતાત્માના ખતરાને પૂર્વજોના ખતરા સ્વીકાર કરે અને પોતાની સાથે રાખે તે માટે તે માટે તેના ખતરાનું ન્યાતું કરવામાં આવે છે.

ન્યાતા માટે ઘરના વાડામાં કે ઘરની બહાર ખુલ્લી જગ્યામાં કોઈ ઝાડ નીચે કે ઘરની થોડે દૂર જગ્યા પસંદ કરી ત્યાં ગાયના છાણથી લીપી ત્યાં આગળ છીતરાના ડાળખાં રોપી ચોખાથી પૂજા કરવામાં આવે છે.ત્યારપછી કોઠારી સાથે ખતરું આ જગ્યાએ લાવવામાં આવે છે.

ન્યાતું કરતી વખતે સમાજમાં સૌપ્રથમવાર કોનું ન્યાતું કરવામાં આવેલું ? શા માટે ન્યાતું કરવાની જરૂર પડેલી ? વગેરેની આખી કથા મુખ્ય ભગત દ્વારા કહેવામાં આવે છે.આદિ પુરૂષો રાજા બાઈદ્વો અને બાલા વિંધાણને જે રેતી ન્યાતમા લેવામાં આવ્યા હતા તે મુજબ ખતરા વતી એક ભગત પાસે ખતરા વતી ન્યાતું કરાવડાવીને ન્યાતમાં લેવામાં આવે છે.

મુખ્ય ભગતમાં દાબજા દેવનો પ્રવેશ થતા બધા ભગતોને આવેગ આવે છે પિયળા કાઢવામાં આવે છે.જેમાં અંતે મૃતાત્માના પૂર્વજો અને નજીકના સગાઓ કે જેમના મૃત્યુ થઈ ગયા હોય તેમને આહ્‌વાન કરીને બોલાવવામાં આવે છે અને છેલ્લે મરનાર વ્યક્તિને આહ્‌વાન કરી હાજર કરવામાં આવે છે.મૃતાત્મા હાજર થાય ત્યારે હાજર સૌ રડે છે.આ સમયે મુખ્ય ભગત ખતરાના પાળિયાને હાથમાં લઈને **નામે ફલાણો ખતરી** એમ બે ત્રણ વાર બોલીને ખતરાને પોતાની છાતી સાથે બે ત્રણ વાર અફાળે છે અને ફરી સ્થાપિત કરેલી જગ્યાએ મૂકી દે છે.આ રીતે પથ્થરના પાળિયામાં મરનાર વ્યક્તિની પ્રાણ પ્રતિષ્ઠા કર્યા

પછી આ વિધિમાં હાજર રહેલા તમામ લોકો પ્રથમ પુરૂષો અને પછી મહિલાઓ એક પછી એક વારા ફરતી ખતરાને ભેટવા જાય છે.

ભેટવાની વિધિ પૂરી થયા પછી ખતરાને કોઠારીમાં મૂકી તૈયાર કરવામાં આવે છે.ભગત તેને પોતાના માથા પર મૂકી દેવડોવડી સાથે અન્ય ભગતો અને પરિવારના સભ્યો વગેરે ખતરું લઈને ઘડીક આંગણામાં નાચે છે.અન પછી જ્યાં ગામના કે પરિવારના ખતરા બેસાડવામાં આવ્યા હોય એ જગ્યાએ ગાડું જોડીને ઘૂમટ અને ખતરાને લઈ જવામાં આવે છે.આ વિધિમાં ભગતો તથા પરિવારના મોટેરા સભ્યો જ હાજર રહે છે.

અહીં ખતરાને અગાઉના પૂર્વજોના ખતરા સાથે બેસાડવામાં આવે છે.પૂજા કરવામાં આવે છે.ત્યારબાદ હિમાર્યા દેવની પણ પૂજા કરી તેને આ નવા ખતરાનો હવાલો સોંપવામાં આવે છે.છેલ્લે પૂજા માટે અને જીવ વાળવા માટે ભોગ ધરાવેલ મરઘાઓની રસોઈ બનાવી સૌ જમે છે અને છૂટા પડે છે.

### ૨.૧૨.૧૧ વેતરી :

ચૌધરીઓમાં એવી માન્યતા છે કે જો કોઈ સગર્ભા કે પ્રસૂતાનું મૃત્યુ થઈ જાય તો તે વેતરી બની જાય છે.વેતરીને પણ ખતરાની જેમ પોતાના ખેતરના છેડે કે માનવ વસ્તીથી દૂર નિર્જન જગ્યાએ સ્થાપિત કરવામાં આવે છે.તેની વિધિ પણ ખતરાની વિધિ ની જેમ જ કરવામાં આવે છે.વેતરીને અશુભ અને ભોગી માનવામાં આવે છે.લોકોની એવી માન્યતા છે કે મધ્યરાત્રીએ વેતરી માથા પર આગની સગડી લઈને નીકળે છે.આ ત્યારે તે જમીન પર પોતાના આંતરડા ઘસડીને ચાલે છે.જો તે આપણી પાછળ દોડે તો તેનાથી બચવા આપણે વાડ કૂદીને ભાગવું પડે છે.આમ કરવાથી વેતરીના આતરડાં વાડ સાથે ભેરવાઇ જાય છે અને તે દોડી શકતી નથી.તો કેટલાકનું એવું કહેવું છે કે જો વેતરીનો ભેટો થઈ જાય તો **'તું તારે પેટ વાહે જેહેં રખીડતી હા તેહેં આમે આમારે પેટ વાહે રખીડતેમ'** આ રીતે મનથી કહેવાથી તે અદશ્ય થઈ જતી હોય છે.વળી,ઢળતા બપોરનો સમય પણ વેતરીનો બહાર નીકળવાનો સમય હોય છે.તેથી તેને સ્થાપવામાં આવી હોય એવી જગ્યાએ લોકો બપોરના સમયે જવાનું ટાળતા હોય છે.જોકે દિવસ દરમિયાન વેતરીને જોઈ શકાતી નથી.પણ જો વેતરીના નીકળવાના સમયે આપણાથી ત્યાં જઈ ચઢાય તો આપણે તેના અદશ્ય સ્વરૂપની ઝપેટમાં આવી જઈએ અને તે તેનો જીવ લેવા મથે છે.જેના કારણે તરત તાવ કે ઉલટી શરૂ

થઈ જતા હોય છે,બાદમાં ભગત પાસે વિધિ કરાવી તેની અસરને દૂર કરવામાં આવે છે.એવું કહેવાય છે કે સગર્ભાનું મૃત્યુ થવાથી તેને બાળક મેળવવાની તેની ઇચ્છા અધૂરી રહી જાય છે તેથી તેના પાળિયા સાથે બંગડી,અરીસો,જેવી શૃંગારની વસ્તુઓ મૂકવામાં આવે છે.

## ૨.૧૩ તહેવારો :

અથાગ પરિશ્રમ કરીને પોતાનું જીવન રળતી આ પ્રજા ઉત્સવપ્રિય છે.કામકાજના દિવસો દરમિયાન ભાગ્યે જ ફુરસદ કે આરામનો સમય કાઢી શકતી આ પ્રજા માટે તેમના તહેવારો જાણે કામમાંથી નવરાશ મેળવવાનો,આરામ કરવાનો તેમજ એકબીજાને હળવા મળવાનો અવસર લઈને આવે છે. તેઓ પોતાના વાર તહેવારો સામૂહિક રીતે ઉજવે છે.જે તેમની એકબીજાના સુખદુ:ખમાં સહભાગી થવાની સાંઘિક ભાવનાને બતાવી આપે છે.

### ૨.૧૩.૧. અખાત્રે (અખાત્રીજ) :

વ્યવસાયે પશુપાલક અને કૃષિકાર એવા આ જનસમૂહને મન વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજનું ઘણું મહત્ત્વ છે.આ દિવસે ગામ આખાના દરેક ઘરના એકએક પ્રતિનિધિ ગામમાં ભેગા થાય છે,ને ફાળો કરે છે.ગામવતી મુખ્ય ભગતો સાથે હિમાયરા દેવની પૂજા કરે છે.ગામમાં સૌનું આરોગ્ય સાઢં રહે, ઢોરઢાંખર સારા રહે તથા આવનારું ચોમાસું સારું જાય સારો વરસાદ પડે ને સારો પાક ઉતરે તે માટે હિમાયરા દેવની પૂજા કરવામાં આવે છે.સાથે પોતાના પૂર્વજોને યાદ કરીને ખત્રાની પૂંજવામાં આવે છે.તેમના આશીર્વાદ મેળવે છે.ગામ આખામાં સૌ સારી રસોઈ બનાવીને જમે છે.આ દિવસથી તેઓ ખેતીના અધૂરા કામો પૂરા કરવા તરફ ધ્યાન આપે છે.ખાસ કરીને ખેતીમાં પાકનું આયોજન કરવું,તેના માટેના બિયારણો મેળવવા,ખેત ઓજારોના કામકાજ ખેતી માટેના બળદો જો નવા ખરીદવાના હોય તો તેનું આયોજન શેઢા પાળા સરખા કરવા,ડાંગરના ધઢવાડિયા તૈયાર કરવા ખાતર કાઢવું વગેરે તમામ આયોજન અંગે વિચારી જાય છે.બીજા જ દિવસથી તે મુજબ તૈયારીઓ ચાલુ કરી ચોમાસું બેસતા સુધીમાં કામો પૂર્ણ કરી લેવામાં આવે છે.

### ૨.૧૩.૨. નાંદીરો ( નાંદીરવા દેવ ) :

નાંદીરઅ્ કે નાંદીરવું એટલે નવું ઊગેલું કૂણું ઘાસ.પ્રકૃતિની વચ્ચે જીવનાર,પ્રકૃતિ સાથે ઓતપ્રોત થઈને,પ્રકૃતિના બદલાતા પ્રવાહમાં પોતાને બદલતો રહેતો સમાજ પ્રકૃતિની પૂજા

કરવાનું કેમ ભૂલે ? ધખેલી ધરતી પર વર્ષાના ભીના સ્પર્શથી આખી સીમ વગડાઓ અને ડુંગરાઓ નવા ઊગેલા કૂણાં ઘાસની હરિયાળી કુમાશથી છવાઈ જાય છે.ધરતીના વાતાવરણમાં ભીની અને સુગંધિત સોડમ પ્રસરી રહી હોય છે.આવા આહલાદક વાતાવરણમાં નાંદીરવા દેવની પૂજા કરવામાં આવે છે.વર્ષાના આગમન સાથે ઊગી નીકળતા આ ઘાસ, વનસ્પતિ અને ભાજી નીકળે છે,જેને ખાવાથી પશુઓ અને માણસોને કોઈ હાનિ કે તકલીફ ન પહોંચે એવી સદ્ભાવના સાથે ગામલોકો નાંદીરવા દેવની પૂજા કરે છે.

નાંદીરવો વિશેષ રીતે ગોવાળોનો તહેવાર છે.આ દિવસે તેઓ પોતાના ધણને ચારવા લઈ જવાની લાકડીને નાંદીરવા દેવના થાનકે મૂકીને પૂજે છે.તેઓ લાકડીઓને ‘નાંદીરુ’ એટલે કે કૂણું ઘાસ ઉખેડીને ચઢાવે છે અને દારૂની શાક પાડે છે,ને પછી ‘પાઇન્ને’ બનાવીને ખાય છે.

આ દિવસે ગામના આગેવાનો અને ભગતો વન વગડામાં ઔષધ લેવા જાય છે.ત્યાં ઔષધિય વનસ્પતિની પૂજા કર્યા પછી તેના મૂળ,કંદ,ડાળી,પાન,થડની છાલ તેમજ વેલાના ટુકડા લઈ આવે છે.આ બધા ઔષધ ગામમાં લાવી,જમીન પર સાગના પાનની પથારી કરી તેમાં ભેગા કરવામાં આવે છે.ત્યારપછી આ ઔષધિઓને છૂંદીને ટુકડા કરીને ફરી ભેગી કરવામાં આવે છે,અને ફરીવાર તેની પૂજા કરવામાં આવે છે.આ ઔષધ પૂજાની સાથે સાથે ગામમાં આવેલ બળીયાદેવની પૂજા પણ કરવામાં આવે છે.આ પૂજામાં માનવીઓ,ઢોર-ઢાંખર,પશુઓ વગરે તમામ ક્ષેમકુશળ રહે તેવી ભાવના અને સંકલ્પ કરવામાં આવે છે.ત્યારબાદ પૂજેલી આ ઔષધિઓને ગામમાં ઘરદીઠ ખોબો ખોબો આપવામાં આવે છે.આ ઔષધિઓને ઘરે લઈ ગયા પછી તેને પિત્તળની ડોલ કે ચોખ્ખા વાસણમાં લઈ;તેમાં થોડું પાણી નાખી;ચોળીને દ્રાવણ તૈયાર કરવામાં આવે છે.આ દ્રાવણને કોઢમાં પશુઓ પર, કોઢની આજુબાજુ,ઘરમાં તેમજ ઘરની આજુબાજુ છાંટીને ઘર અને તેની આજુબાજુના પરિવેશને શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે છે.આ ઔષધિઓનો છંટકાવ ઘર,પરિવાર તેમજ પશુઓમાં આરોગ્ય અને તંદુરસ્તી જળવાય તેવી ભાવનાથી ગામના દરેક ઘરમાં કરવામાં આવે છે.

## ૨.૧૩.૩. બીમાહા ( દિવાસો ) :

બીમાહા એટલે દિવાસો.અષાઢ વદ અમાસના દિવસે દિવાસાનો તહેવાર ઉજવવામાં આવે છે.આ દિવસે વાવણીનું કામ લગભગ પૂરું થઈ ગયું હોય છે.નવરાશ અને હળવાશની પળોમાં સૌ મન મૂકીને આ તહેવારને માણે છે. પછી વાવેલું ધાન્ય સારું થાય એવી ભાવના સાથે ધરતીમાતાની પૂજા કરવામાં આવે છે.દિવાસાના આગલા દિવસે ગામનું પંચ ભેગું થાય છે.મુખ્ય ભગત અને બે ચાર વ્યકિતઓ હિમાયરા દેવની પૂજા કરે છે.આ દિવસે ઘરના વડીલો પિતૃઓના ખતરાની પૂજા કરે છે.ખતરાની જગ્યાએ લીંપીને સિંદૂર,દીવો અને ધૂપ કરીને ચોખાની પૂંજ મૂકી મરઘીનો ભોગ આપે છે,અને આવનારી પેઢી માટે સુખ શાંતિની પ્રાર્થના કરવામાં આવે છે.પરંપરા મુજબ આ દિવસે લોકો સારા પકવાન બનાવીને ખાય છે.માંસાહારીઓ મરઘી-બકરીના માંસની રસોઈ બનાવીને જમે છે.જેનું નૈવેદ્ય પહેલા પિતૃઓને ચઢાવવામાં આવે છે અને પછી પોતે ખાય છે.

જમી પરવારીને ગામની શેરીમાં ડોવડું વાગવાનો સૂર સંભળતાની સાથે જ દરેકના પગ વણબોલાવ્યે શેરીની વાટ પકડે.પછી  તો નાચણું મોડી રાત સુધી ચાલતું રહે છે.સ્ત્રી પુરૂષો હારમાં એકબીજાના હાથ પકડી,ગૂંથાઈને જાતજાતના નાચણું નાચતા હોય છે.વયસ્કો ડોવડાની ચારે બાજુ ફરીને તાંસા વગાડીને અથવા હાથથી તાળી વગાડીને નાચતા હોય છે. તેઓ વરસાદી માહોલમાં નાચતા પણ હોય અને ભીજાતા પણ હોય,સાથે દારૂની ચુસકી પણ લીધી હોય એટલે વાતાવરણની અને દારૂની મદહોશી પણ હોય .આમ વાવણીની મોસમનો સારો થાક આ તહેવારમાં સૌ ઉતારીને નાખે છે,અને બીજા દિવસથી પાછા ખેતરનાં કામમાં લાગી જાય છે.

## ૨.૧૩.૪. બલવઅ્ ( બળેવ ) :

બળેવનો તહેવાર શ્રાવણ સુદ પૂનમના દિવસે ઉજવવામાં આવે છે.આ તહેવારમાં પણ આગલા દિવસે પંચો ભેગા થઈ ફાળો કરે છે.બળેવના દિવસે મુખ્ય ભગત તેના સાથીઓ સાથે હિમાયરા દેવની પૂજા કરે છે,તેમજ ઘરની મુખ્ય વ્યકિતઓ પૂર્વજોના ખતરાની પૂજા કરે છે.

આ દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધતી હોય છે.આધિ વ્યાધિ ઉપાધિઓથી સંસારની વિટંબણાઓ  વિકટ પરિસ્થિતિમાં ભાઈની રક્ષા થાય તેવી કામના કરે છે.તો

ખેડૂતો ખજૂરીનું છટિયું તથા સાગની ડાળખી પોતાના ખેતરમાં વચ્ચે રોપીને પાકને રોગ,જીવાત,જીવ -જંતુથી રક્ષા થાય એવી પ્રાર્થના કરે છે.

આ દિવસે સૌ સારી રસોઈ બનાવે છે અને ભેગા મળીને જમે છે,અને અન્ય તહેવારોની જેમ નાચણાની ખળીમાં ભેગા થઈ આખો દિવસ નાચી કૂદીને આનંદ કરે છે.

બીજા દિવસે સવારે ઘરદીઠના વ્યક્તિઓ ભેગા થઈ ગામમાં આવેલા વાઘ દેવ,નાગ દેવ,ઉંદર દેવ તથા ઈયળ,તીડ આદિની પૂજા કરે છે.જેમાં કેટલાક નાગ દેવની પૂજા કરે છે. નાગદેવ દોષ વગર કોઈ વ્યક્તિને પરેશાન ન કરે,પોતાનું મોઢું બંધ રાખે અને ઢોર ઢાંખર કે માનવીને ડંખે નહીં તેમજ ગામના ખેતર વાડીની રક્ષા કરે,ખેતર વાડીના પાકને નુકશાન કરતા ઉંદર,તીડ વગેરે જીવ જંતુને નાગદેવ પોતાનો ખોરાક બનાવે,જેથી પાકની રક્ષા થાય એવી ભાવના સાથે તેઓ નાગદેવની પૂજા કરે છે.

તો અન્ય કેટલાક સભ્યો વાઘ દેવની પૂજા કરે છે.તેઓ પૂજા કરવા આવેલા વ્યક્તિઓ પૈકી એક યુવકને કાબર ચીતરા વસ્ત્રો પહેરાવી,મોઢે વાઘ જેવી ચિતરામણ કરીને વાઘ બનાવી,તેની પૂજા કરી;વાઘ દેવને ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.એટલું જ નહીં બીજા હિંસક પશુઓ ગામમાં ન પ્રવેશે તેની જવાબદારી પણ આ વાઘ દેવ ઉપર નાખવામાં આવે છે.વધુમાં,પાલતુ પશુઓ જ્યારે સીમમાં ચરવા જાય કે ગામલોકો વહેલા મોડા-રાતે વિતે સીમમાં કે ખેતરમાં ફરતા હોય ત્યારે તેમને પણ પોતાનો શિકાર ન બનાવે; એટલું જ નહીં આખા ગામના માણસો અને પશુઓને રક્ષા કવચ પૂઢં પાડે એવી ભાવના સાથે તેઓ વાઘ દેવની પૂજા કરી નૈવેદ ધરાવે છે.આ નૈવેદ ધરાવ્યા પછી જે યુવકને વાઘ બનાવ્યો હોય તેને ગામની સીમ તરફ જંગલમાં ભગાડી મૂકવામાં આવે છે.યુવક ભાગતો જાય તેમ અન્ય લોકો તેને કાદવના ગોળા બનાવીને મારે,આ રીતે મારતા મારતા વાઘને ગામની સીમમાંથી જંગલમાં હાંકી કાઢે છે,પછી પેલો યુવક વાઘનો આવેગ ગામની બહાર ઉતારી સ્નાન કરી કપડાં બદલીને પરત ગામમાં આવતો રહે છે.

તો વળી કેટલાક ઉંદર દેવની પૂજા કરવા જાય છે.ત્યાં કાદવમાંથી ઉંદર,ઈયળ,તીડ વગેરે બનાવીને તેમની પૂજા કરવામાં આવે છે.ખેતીનો પાક આ સમયે સારી રીતે વધમાં હોય છે જે થોડા સમયમાં નિંઘલમાં આવશે,નવા ડૂંડા આવશે.તેથી તૈયાર થઈ રહેલા પાકને નુકશાન ન થાય તે માટે,પાકને નુકશાનકારક ઉંદરો અને કીટકોના કાદવના પ્રતીકો બનાવી;

તેની પૂજા કરીને એક ધોતિયાની ખોઈમાં ભરવામાં આવે છે.ગામના બે યુવકો આ ખોઈ લઈને ગામની સીમમાં મૂકવા જાય છે.આ દરમ્યાન ગામના અન્ય યુવકો કાદવના ગોળા બનાવીને આ યુવકોને મારે છે,તેથી તેઓ ભાગે છે.ને આ રીતે ભગાડતા ભગાડતા આ કીટકોના પ્રતીકોને અન્ય ગામની સીમમાં બીજા ઉંદર દેવ હોય તેના આશરે મૂકી આવવામાં આવે છે.પાડોશના ગામના વળી ત્યાંથી લઈને આગળની સીમમાં મૂકી આવે.આમ કરતા બધા પ્રતીકોને નદીમાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે.આ રીતે બળેવનું પર્વ બે દિવસ સુધી ઉજવાય છે,અમુક ગામમાં તેને ચાર દિવસ પણ ઉજવે છે.

### ૨.૧૩.૫. હરાદે ( શ્રાદ્ધ ) :

ચૌધરીઓમાં ભાદરવા વદ અમાસના દિવસે શરાધ ઉજવવામાં આવે છે.

પરંપરા મુજબ ખેતરમાંથી પાકવા આવેલી ડાંગરની કંટી તોડી લાવી તેને શેકવામાં આવે છે.ત્યારબાદ તેને ખાંડણિયામાં ખાંડીને તેના પૌંઆ બનાવવામાં આવે છે.ઘરના વાડામાં કાકડી,ચીભડાં કે શેકેલી મકાઈના ડોડા વગેરે નવા વર્ષમાં નવોતૂલ લઈ જઈ સવારે પૂર્વજોના પાળિયા ખતરાની પૂજા કરવામાં આવે છે.સાથે હિમાયરા દેવની પૂજા પણ ખરી જ.

અહીં દરેક ઘરમાં જ્યાં ડાંગર ખાંડવાનું ખાંડણિયું બેસાડેલું હોય તેની નજીક પોતાની ખેતીની વપરાશના બધા ઓજારો જેમકે દાતરડું,પાસ,દાંતા, ધારિયું, ખાંડુ, કહાડી, કોદાળી,ત્રિકમ,પાવડો,પંજેઠી અને ઓરણી વગેરે મૂકીને નવા ધાન્યથી તેમની પૂજા થાય છે,તથા ઓજારોની આગળ દીવો કરવામાં આવે છે,અને ટોપલાથી ઢાંકવામાં આવે છે.આ ઉપરાંત હળ,કરબ કે કરબી, દંતાળ, ધૂંસરી, પેટારી, બળદગાડું વગેરે મોટા ઓજારોની પણ નવા ધાન્યથી પૂજા કરે છે.આ દિવસે ઘરની ભીંત ઉપર ચોખાના લોટથી નાનાં બાળકો તથા વડીલો અને યુવાનો તેમના હાથની હારબંધ છાપો પણ પાડે છે.આ ઉપરાંત દાતરડાં,દાતરડી જેવા ઓજારોની છાપો પણ પાડવામાં આવે છે.આમ ઘરની ભીંતો ઓજારો તથા હાથની છાપો પાડીને સુશોભિત કરવામાં આવે છે.

## ૨.૧૩.૬ દહરો (દશેરો) :

આસો સુદ નોમની રાત્રિએ ગામના વડીલો અને ભગતો ભેગા થઈ;ગામની વચ્ચે કોઈ ખુલ્લા મેદાનમાં ચવઠો એટલે કે ચોકની પૂજા કરે છે.રાત્રે **હવિયરા** ધૂણે છે અને ગામ ઉપર કોઈ આફત ન આવે તે માટે સર્વ પિયળાઓને આહ્વાન કરી નદી મારફતે દરિયામાં પધરાવી ગામને પવિત્ર અને સ્વચ્છ કરવામાં આવે છે.દૈવી શકિતનો વિજય થાય અને આસુરી શકિતનો નાશ થાય એવી ભાવનાથી નોમની રાત્રે દેવોનું આહ્વાન કરી તેમની પૂજા કરી;આખી રાત ધૂણીને જાગરણ કરવામાં આવે છે.

દશેરાના દિવસે ગામમાં ઘરેઘર તોરણો બાંધવામાં આવે છે.ગામના પ્રવેશદ્વાર ઉપર પણ મોટું અને લાંબુ તોરણ બાંધવામાં આવે છે,તેમજ કાકા બળિયા અને ગામદેવ વગેરેની પૂજા કરવામાં આવે છે.તદુપરાંત આ દિવસે તેઓ ખળુ તૈયાર કરી તેની પૂજા કરે છે.દશેરાના દિવસે સવારે ઘરમાં ચૂલો સળગાવતા નથી,પરંતુ ઘરની બહાર મંગાળો બનાવી દાળભાત રાંધવામાં આવે છે.

## ૨.૧૩.૭ કાલી ચૌદાહા ( કાળી ચૌદશ ) :

ભગત,ભૂવા,જાળી મૂળી જાણનારા તાંત્રિકો ગામે ગામ અને ફળિયે ફળિયે જોવા મળે છે.આસો વદ ચૌદશના આ દિવસે તેઓ પોતાની મંત્રશક્તિની પૂજા કરે છે.મંત્રતંત્ર જાણનારા ભૂવાઓ આવી વિદ્યાઓ જાણવા ઉત્સુક હોય - ઈચ્છુક હોય એવા યુવાનોને આસો સુદ એકમથી મંત્ર દિક્ષા આપી; દરરોજ રાત્રે ગામની બહાર સીમમાં લઈ જઈને મુખોમુખ મંત્રવિદ્યા શીખવે છે.જે યુવકો મંત્ર વિદ્યા શીખી રહે તેમને આસો માસના વદ પક્ષમાં તેના પ્રયોગો પણ કરાવે છે.આ ભૂવાઓ કે ભગતો ભગત લોકો ચેલાઓ સાથે મળીને કાળી ચૌદશના દિવસે પોતાની મંત્ર શક્તિની પૂજા કરે છે.

આ પરંપરા હવે લુપ્ત થવાના આરે આવી છે.વર્ષો પહેલાં આવી શક્તિઓ અને વ્યક્તિઓ ખૂબ જ ચમત્કારિક રીતે તેમનો પ્રભાવ બતાવતી.કોઈ વ્યક્તિ, વસ્તુ કે ઢોર ઢાંખર ખોવાઈ જાય,ઘરમાં કોઈ બીમારી આવી જાય,સાપ કે વીંછી કરડે ત્યારે તેનું ઝેર ઉતારવા,રાત્રે બહાર નીકળ્યા હોય અને વાઘ આદિ હિંસક પશુઓ સામે આવી જાય,કોઈ મેલી વિદ્યાવાળા કે ભૂતપ્રેત આદિનો સામનો થઈ જાય ત્યારે આવી વિદ્યાઓ ખૂબ જ પ્રભાવશાળી અને અચૂક પરિણામદાયી જોવા મળતી.તેથી જ આવી વિદ્યાઓને જીવંત

રાખવા,ફળદાયી રાખવા મંત્ર શક્તિના ધારકો મારફત પરંપરાથી કાળી ચૌદશના દિવસે તેની પૂજા કરવામાં આવતી.

### ૨.૧૩.૮ ગીમ્બે :

ગીમ્બાનો ઉજવણી ખાસ કોઈ ધામધૂમથી કરવામાં આવતી નથી.આ દિવસે ગામમાંથી દરેક ઘરદીઠ એક વ્યક્તિ,ગામમાં જ્યાં મોગરા દેવની સ્થાપના કરેલી હોય ત્યાં ભેગા થાય છે અને ફંડ ફાળો કરે છે.તેમાં સુથારી કામ જાણનાર વ્યક્તિઓ પણ હોય છે.

અહીં મોગરા દેવના થાનક ઉપર લાકડાનો મંડપ પાડવામાં આવે છે.મંડપ ઉપર આડીઓ તથા વડીઓ મૂકીને ઉપર જાંબુડાના ઝરડા નાંખીને છાઈ લેવામાં આવે છે.

જો સ્થાપિત કરેલા લાકડાના મગર દેવ જૂના થઈ ગયા હોય,લાકડું સડી ગયું હોય કે તૂટી ગયું હોય તો તે દેવનું વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવે છે, તથા સાગના લાકડામાંથી નવો મગર બનાવવામાં આવે છે,જેના નીચેના ભાગમાં ખાંચ પાડીને બેથી અઢી ફૂટ જેટલો લાંબો દંડ બેસાડવામાં આવે છે.જેને જમીનમાં એક ફૂટ જેટલો રોપીને નવા મગર દેવને સ્થાપિત કરવામાં આવે છે.તેની વિધિ પૂર્વક પૂજા કર્યા પછી સૌ છૂટા પડે છે.

### ૨.૧૩.૯. હોળી :

અન્ય જનજાતિની જેમ ચૌધરીઓ માટે પણ હોળી વર્ષનો સૌથી મોટો તહેવાર છે. ગામની સીમ કેસૂડાના કેસરિયા ફૂલોથી લહલહાતી હોય છે.પશુ પક્ષીઓ ઉપર પણ આ ઋતુની અસર વર્તાતી હોય ત્યારે પ્રકૃતિ સાથે જીવતો આ સમાજ તેની અસરથી બાકાત કેમ રહે ? સુદ એકમના દિવસથી જ નવા કપડા વગેરેની તૈયારી ચાલુ થઈ જતી હોય છે.શેરીઓ અને ગામમાં ઘેરૈયાઓ હોળીગીતો ગાતા જઈ ઘરે ઘર ફાગ ઉઘરાવવા નીકળી પડે છે,ને ફાગ સ્વરૂપે જે કંઈ મળે તે પૈસા ભેગા કરીને ખજૂર કોપરાં ખરીદી બધા વહેંચીને ખાય અને આનંદ કરે છે.

હોળીના દિવસે સવારથી જ સીમમાંથી લાકડાં,ગંડેરા લાવીને નાખવાનું કામ શરૂ થઈ જાય છે,ને પછી પાંચેક વાગ્યે ગામની વચ્ચે જ્યાં દર વરસે હોળી પ્રગટાવતા હોય તે જગ્યાએ બરાબર વચ્ચોવચ લીલા વાંસને ટોચ સાથે જ કાપી લાવીને રોપવામાં આવે છે.આ વાંસની ટોચે સૂપડું બાંધી;તેની સાથે હારડાં,વાટી તથા જુવાર કે અડદના લોટની ભાખરી

બનાવીને લટકાવવામાં આવે છે.ત્યારબાદ આ વાંસની ચારેબાજુ સૂકાં લાકડાં,ગંડેરા ગોઠવી વચ્ચોવચ પોલાણમાં કરસાંઠી તથા છાણા ગોઠવવામાં આવે છે.

હોળી પ્રગટાવવાની હોય તેની બાજુમાં હોળિકાના પાળિયાની સ્થાપના પણ કરવામાં આવે છે.આ પાળિયાની ઉપર કાંકડાના ઝાડની ડાળીઓ લાવી,ચારે બાજુ બેલીવાળા લાકડા ખોસી,ઉપર આડીઓ અને વળીઓ મૂકી નાનકડો મંડપ બનાવવામાં આવે છે.તેની ઉપર જાંબુડાના ઝરડા નાખવામાં આવે છે,ને પછી હોળીના પાળિયાની પૂજા કરવામાં આવે છે.

આથમણી દિશાએ સૂર્ય ડૂબવાની તૈયારીમાં હોય તથા ઉગમણે પૂનમનો ચંદ્ર ઉદય પામી રહ્યો હોય એવા અનેરા સમયે ભગત દ્વારા હોળી પ્રગટાવવામાં આવે છે.આ સમયે હોળીની વચ્ચે રોપવામાં આવેલ વાંસનો છેડો પકડીને ગામની એક વ્યક્તિ ચાર ફેરા ફરી રહે એટલે વાંસનો ઉપરનો છેડો દાતરડાંથી કે ધારિયાથી કાપી નાંખવામાં આવે એટલે જે ફેરા ફરતો હોય તે વ્યક્તિ તેને લઈને ભાગે છે.તેની પાછળ છોકરાઓ પણ પડે છે.તે હોળીથી થોડે દૂર લઈ જઈને છોકરાઓને સૂપડામાં બાંધેલાં હારડાં,વાટી અને ભાખરી આદિ  વહેંચી આપે છે અને પોતે પણ ખાય છે.

સામાન્ય રીતે ગામડાઓમાં હોળીથી થોડે દૂર હોળો પણ પ્રગટાવવામાં આવે છે.હોળી પ્રગટી ગયા પછી ગામમાંથી પરિવારના લોકો હોળીએ આવી;હોળીની પ્રદક્ષિણા કરતા જઈ; હારડાં,વાટી તેમજ શેકેલાં ચણા નાંખે છે.પ્રદક્ષિણા કરી રહ્યા પછી હોળીને પગે લાગી,તેમાંથી આંગળીએ રાખ લઈ કપાળમાં તિલક કરે છે.

હોળીના દિવસે દરેક ઘરમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ ઉપવાસ કરે છે.તેઓ પ્રદક્ષિણા કરી રહ્યા પછી જે શ્રીફળ લાવ્યા હોય તેને હોળીમાં હોમે છે.શ્રીફળ અરધું પરધું બળે એટલે તેને વાંસથી બહાર કાઢી લઈ,તેના છોડા ઉતારીને વધેરવામાં આવે છે.જેનું અરધું કોપરું પ્રસાદ માટે પંચમાં આપી અરધું ઘરે લઈ જાય છે.

જમી કરીને ફરી યુવક યુવતીઓ અને વયસ્કો હોળીએ આવી ડોવડું કે તારપું વગાડીને આખી રાત નાચે છે અને આનંદ કરે છે.સવારના ચારેક વાગ્યે ડોવળા સાથે નાચતા નાચતા આખા ગામમાં ઘરેઘર ફરી આનંદ ઉલ્લાસ વ્યક્ત  કરે છે,તેમને **કોદુરફમ્યા** કહેવામાં આવે છે.

હોળીના બીજા દિવસે ધૂળેટીનો તહેવાર ઉજવવામાં આવે છે.આ દિવસે તેઓ એકબીજાને રંગોથી રંગે છે.ગામમાં ભગત પોતાના સાથીઓ સાથે હિમાયરા દેવની પૂજા કરે છે તથા ઘરના વડીલો પોતાના પૂર્વજોના ખતરાની પૂજા કરે છે.આ દિવસે ઘરમાં ઢેખલા બનાવીને સારું શાક બનાવવામાં આવે છે.

ધૂળેટીના બીજા દિવસે યુવાનો અને પુરૂષો ધોતિયા ઉપર અંગરખાને બદલે સ્ત્રીઓની બ્લાઉઝ,ગળામાં સ્ત્રીઓની કંઠી તથા કાનમાં એરીંગ વગેરેપહેરી,બળદના ડોકમાં બાંધવામાં આવતા ઘૂઘરા કેડે અને માથે ફેંટો બાંધી;ડોવડા સાથે ગામમાં તેમજ આજુબાજુના ગામડાઓમાં પાંચમ સુધી નાચીકૂદીને આનંદ કરે છે.આ ઘેરૈયાઓની સાથે એક ઘોડાવાળો હોય છે,જે રમૂજ કરીને આબાલવૃદ્ધ સૌને હસાવે છે.તેનો ઘોડો વાંસના બળેલા દાંડામાંથી ઘોડા જેવો આકાર આપીને બનાવવામાં આવ્યો હોય છે.આ વાંસનો ઘોડો લઈને તે આંગણામાં ઘેરૈયાઓની આજુબાજુ દોડાદોડી કરતો રહે છે.તેમને જે ઘરે નાચતા હોય ત્યાંથી ખુશી ખુશી ડાંગર,જુવાર વગેરે અનાજ ફાગના રૂપમાં આપવામાં આવતું હોય છે.

વળી કેટલાંક એકલ દોકલ વ્યક્તિઓ પણ પોતાના મોઢે,શરીરે મેંષ કે ભભૂત લગાડી, લઘર વઘર કપડા પહેરી; નાચીને ફાગ ઉઘરાવવા માટે નીકળે છે,આવા વ્યક્તિને **મુહુલ્યો** કે **બાવો** કહેવામાં આવે છે.

આ ઉત્સવમાં ફાગ મહત્વનો નથી પરંતુ હોળીના ઉત્સવ નિમિત્તે ચાર દિવસ સુધી ગામેગામ અને ઘરેઘર ફરી નાચવું,કૂદવું મજાક મસ્તી કરી ઉત્સવ માણવો,નવી નવી વ્યકિતઓ સાથે પરિચય કેળવવો તથા ભાઈચારો વધારવો એ અગત્યનું છે.જોકે,આ પ્રથા હવે લુપ્ત થવાના આરે આવીને ઊભી છે.

આમ હોળીનો ઉત્સવ પાંચ દિવસ સુધી ઉજવવામાં આવે છે.ફાગણ વદ પાંચમના દિવસે સાંજે સૂર્ય ડૂબવાની તૈયારીમાં હોય ત્યારે ઘેરૈયા ઘેર છોડે છે, છેલ્લી વખત પૂજા કરીને હોળીને ઓલાવવાની વિધિ કરવામાં આવે છે.હોળીનો મહોત્સવ અહીં પૂર્ણ થાય છે.

## ૨.૧૪ નાચણું :

વાદ્યોના સૂર સાંભળતાની સાથે જ જેમના પગ થરકાટ અનુભવવા લાગે છે,એવી આ ચૌધરી જનજાતિનું પોતાનું આગવું નાચણું છે.તેમના નાચણાંને પોતાના આગવા

સૂર,તાલ,લય અને અંગભંગીઓ છે.નાચણાંનો ઉન્માદ જગવતા તેમના વાદ્યો સહજ રીતે પ્રાપ્ત થતી કુદરતી વસ્તુઓમાંથી બનેલા હોય છે.

વારે તહેવારે,લગ્નપ્રસંગે તેમજ દેવપૂજાના અવસરે તેઓ મન મૂકીને નાચણાનો આનંદ માણે છે.અરે,વારે તહેવારે નાચણું નાચવા માટેની તેમની નિયત કરેલી ચોક્કસ જગ્યાઓ રહેતી,જેને **નાચણાંની ખળી** કહેવામાં આવતી.તહેવાર ટાણે તેમનામાં નાચણાંના નશાની સાથે મહુડાના દારૂનો નશો ભળતો અને મોડી રાત સુધી સ્ત્રીઓ અને પુરૂષો મોડી રાત સુધી એકબીજાની કમરે હાથ વીંટાળી નાચતા.

સમય જતાં કેટલાંક સુધારાવાદીઓને તેમના આ નાચણા પ્રત્યે સૂગ પણ જાગી .દેવી ચળવળના પ્રકરણ-૧૨માં લેખક લખે છે કે તેમ જુગતરામ દવેને તેમની આ કળા અને કારીગરીને જાળવી લેવાની વાત કરવામાં આવે ત્યારે તેમણે ચૌધરીઓના આ નાચણા પ્રત્યે પોતાનો પ્રત્યાઘાત આપતા કહ્યું હતું કે “અમે તેઓને જે ભૂલાવવા ઈચ્છીએ છીએ તેને તમે અમારી પાસે જાળવી રાખવા ઈચ્છો છો તમારા માટે એ ફક્ત કલાના નમૂના હશે પણ અમારા માટે તો એ તેઓની માંસાહાર અને મદિરા પાનની જ્યાફતો અને ઉજાણીના પ્રતીકો છે.”

આમ સુધારાવાદીઓના આવા મનોવલણને લઈને સમાજમાં સર્જેલા અને વર્જેલા એવા બે જૂથ ઊભા થયા.સર્જેલા એટલે જૂની પરંપરા મુજબ ચાલનારા અને વર્જેલા એટલે દારૂ તાડી માંસ મચ્છી ન ખાનારા,પોતાની જૂની સંસ્કૃતિ અને પરંપરામાં ન માનનારા.આ કારણે જ ચૌધરીઓને પોતાની આ પરંપરા પ્રત્યે કોઈ ગૌરવ રહ્યું નહીં એમ કહી શકાય.

ચૌધરીઓના નાંચણાના સરળતા ખાતર બે વિભાગો પાડી શકાય :

### ૨.૧૪.૧. ડોવડા સાથેનું નાચણું :

આ નાચણું સાંજના સમયે તહેવારોના પ્રસંગોમાં જોવા મળે છે.વિક્રમ ચૌધરી તેનું વર્ણન કરતા લખે છે કે - “આ નાચણાંમાં એક કે બે ડોવડાવાળા હોય છે,સાથે એક ટારપું વગાડવાવાળો એક કીરચો વગાડવાવાળો,બે ઝાંઝ વાળા અને કેટલાંય સ્ત્રી પઢષો એક સાથે હાથમાં હાથ લઈ,એકથી વધારે હારમાં અલગ અલગ ચાલામાં નાચતા જોવા મળે છે.”[૧૪]

લગ્નોમાં ડોવડા સાથેનું તેમનું નાચણું આખી રાત ચાલતું હોય છે,જેમાં સ્ત્રીઓ નાચતી જઈ મધુર ગીતો લલકાર્યે જતી હોય છે.

### ૨.૧૪.૨ હરખી નાચણું :

ગુજરાતની આદિવાસી પરંપરામાં ચૌધરી જાતિનું હરખી નૃત્ય ખૂબ મહત્ત્વ ધરાવે છે.હરખી નૃત્ય ફક્ત ચૌધરી જાતિમાં જ જોવા મળે છે.તે એમની ઓળખ છે અને તે પણ દેવ પૂજાની વિધિ વખતે જ નાચવામાં આવે છે.વર્ષાઋતુ પછી પહેલું ધાન્ય દેવોને અર્પિત કરવા માટે તેમજ જીવનમાં આવનારી મુશ્કેલી દુઃખો વ્યક્તિગત કે સામૂહિક રૂપમાં સુખ,શાંતિ અને રક્ષણ માટે તેઓ દૂરના મોટા દેવસ્થાન પર પૂજા કરવા માટે જાય છે.ત્યારે હરખી નૃત્ય કરવામાં આવે છે.

## ૨.૧૫ વાદ્યો :

### ૨.૧૫.૧ ડોવડું ( ડોવળઅ્) :

આ વાજિંત્ર વાંસની પોલી નળીમાંથી બનાવવામાં આવે છે.વાંસની પોલી નળીના ઉપરના ભાગમાં વાંસની જ પોલી નળીમાંથી બનાવવામાં આવેલ લાંબી પીપૂડી બેસાડવામાં આવે છે.તેની ઉપર પાકી સૂકવેલ દૂધીને ( જેને નીચેના ભાગમાં કાપીને અંદરથી ગર તથા બિયા કાઢી નાખવામાં આવે છે ) બેસાડીને મીણથી બરાબર હવા ચુસ્ત રીતે બંધ કરી દેવામાં આવે છે.આ દૂધીની નીચે હવા ચુસ્ત કરેલ ભાગથી સ્હેજ બે ત્રણ ઈંચ ઉપર એક નાનું કાણું પાડવામા  આવે છે.બરાબ્બર કાણાં ઉપર મોઢાંથી ફૂંક મારી શકાય એવી રીતે અન્ય દૂધીનો એકાદ ઈંચ જેટલો ઊંચો અને બે ઈંચ જેટલા વ્યાસનો કાઠો મીણથી ચોંટાડવામાં આવે છે.ત્યારબાદ ઉપરના ભાગમાં દૂધીના ફરતે મોરનાં પીછા બાંધીને દૂધીને ઢાંકી દઈ; ડોવડાની ઉપરની શોભા કરવામાં આવે છે.ત્યારબાદ ડોવડાની પોલી નળીના નીચેના ભાગમાં - બીજી સૂકી દૂધીને ઉપર અને નીચે બંને બાજુથી કાપી તેનો ગર અને બિયા કાઢીને - મીણથી લગાડવામાં આવે છે.આ દૂધીનો ડીચા તરફનો નાનો છેડો વાંસની નળી તરફ અને મોટો છેડો બહારની બાજુ રાખવામાં આવે છે. દૂધીના આ બહારના છેડા ઉપર તાડના લાંબા પાન વીટીને ભૂંગળાં જેવો આકાર આપવામાં આવે છે.વાંસની પોલી નળી ઉપર વચ્ચેના ભાગે પાંચ છીદ્રો પાડવામાં આવેલા હોય છે.આ ઉપરાંત ઉપરની અને નીચેની દૂધીને તથા વાંસની પોલી નળીને આધાર મળે તે માટે,આ પોલી નળીની સાથે જ વાંસની

બીજી નાની નક્કર લાઠી પણ જોડવામાં આવે છે.આ રીતે તૈયાર થયેલ ડોવડાને ઉપરની દૂધીમાં જ્યાં ફૂંક મારવાનો કાંઠો બેસાડવામાં આવેલ છે ત્યાં ફૂંક મારવાથી અંદર રહેલ પીપૂડી વાગે છે.

ડોવડું વગાડનાર ડોવીડો ડોવડામાં ફૂંક મારતો જઈ;વચ્ચેના ભાગમાં રહેલ છિદ્રો ઉપર આંગળીઓ મૂકીને વિવિધ સૂર અને તાલ નીપજાવે છે.એ સૂરમાં તે પોતાના સખા તેમજ સખીઓને નાચવા માટે આહ્વાન આપે છે.

ડોવડામાં વડે વહેવડાવવામાં આવતા સૂરો શૃંગાર રસથી ભરપૂર હોય છે.તેથી નાચવાની સૌને મજા આવે છે.હોળી જેવાં ઉત્સવમાં ડોવડું અલગ જ સ્વર તાલમાં વગાડવામાં આવે છે.આ ટાણે ડોવડાને દૈવી સ્વર તાલમાં વગાડવામાં આવે છે.

સામાન્ય રીતે વારે તહેવારે અને લગ્ન જેવાં પ્રસંગે મુખ્ય વાજિંત્ર તરીકે ડોવળાનો જ ઉપયોગ કરવામાં આવતો હોય છે. ડોવડું વગાડવું એ મરદ માણસનું કામ છે.જેમાં ખૂબ જ અને એકધારી ફૂંક મારવી પડે છે.જેથી દૂધીની અંદર હવાનું એક સરખું પ્રેસર ઊભું થાય અને પોલા વાંસમાં રહેલી પીપૂડી એકધારી વાગતી રહે.આમ ડોવડું પહોળી છાતીવાળા મજબૂત ફેફસાં સહિતના આવડતવાળા મરદો જ વગાડી શકે છે.ડોવડું વગાડવું સામાન્ય માણસનું કામ નથી.એ એક આગવી કલા છે.

ડોવડા સાથેનું સમૂહ નાચણું નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સૌને માટે પ્રેરક હોય છે.નાચણાંમાં ડોવડું વગાડવાવાળા ડોવાડ અને કાંસા વગાડી નાચતા નાચનારાઓને ઉત્સાહ અને ઉમંગ પ્રેરવા માટે લયબદ્ધ રીતે મોટેથી કિકિયારી પાડીને કિરકિયા લલકારવામાં આવતા હોય છે.

## ૨.૧૫.૨ ડોવડી ( દેવાહાંય ડોવડી ) :

ડોવડીની બનાવટ પણ ડોવડા જેવી જ હોય છે,પણ તે નાનું અને સુંદર વાદ્ય છે.તે ડોવડા કરતા ચોથા ભાગ જેટલી નાની હોય છે.ડોવડીની વાંસની પોલી નળી પ્રમાણમાં ડોવડા કરતા નાની અને લંબાઈમાં દોઢેક ફૂટ જેટલી હોય છે.આ નળીના ઉપરના છેડે તેમજ નીચેના છેડે લગાવેલ દૂધી પણ પ્રમાણમાં ઘણી નાની હોય છે.

ડોવડા અને ડોવડીમાં મુખ્ય તફાવત હોય તો તે એ છે કે ડોવડામાં એક જ પીપૂડી હોય છે જ્યારે ડોવડીમાં બે પીપૂડી હોય છે.જે વાંસની બે પોલી નળીમાં બેસાડવામાં આવેલી હોય છે.મુખ્ય પોલી નળીમાં જુદાં જુદાં સ્વર નીપજાવવા નીચેના ભાગે પાંચ છિદ્રો પાડવામાં આવેલા હોય છે.જ્યારે સાથેની નળીમાં બે કે ત્રણ છિદ્રો પાડવામાં આવેલાં હોય છે,જે એક સરખો સૂર પેદા કરીને મુખ્ય પીપૂડીને મદદ કરે છે.તેને **ગાયણાણે પીપઅ્** કહેવામાં આવે છે.

આ ડોવડીને ઉપરના ભાગે મોરના પીંછાથી ડોવડાની જેમ જ શણગારવામાં આવે છે,તેવી જ રીતે નીચેની દૂધી સાથે તાડના પાન વીંટીને નાની ભૂંગળી બનાવાય છે. ડોવડીમાં બંને પોલી નળીઓમાં રહેલ પીપૂડીઓ એક સરખા દબાણથી વાગે એ બાબતની ખૂબ કાળજી રાખવામાં આવે છે.

ડોવડઅ્ લગ્ન પ્રસંગે કે વારે તહેવારે વગાડી શકાય છે,જ્યારે ડોવડી માત્ર દેવ સ્થાનકમાં કે દેવના પ્રસંગે જ વગાડી શકાય છે.તેનો ઉપયોગ સામાન્ય નાચણામાં કરવામાં આવતો નથી.આમ,ડોવળા કરતા ડોવડીની ખાસ ગરિમા છે.આ ડોવડીને દૈવી સૂર અને તાલથી વગાડવી પડતી હોય અમુંક ખાસ વ્યક્તિઓ જ તેને વગાડી શકે છે.

માણસના મૃત્યુ પછી જ્યારે તેનું ખતરું મૂકવામાં આવે ત્યારે પણ આ જ ડોવડી વાજિંત્ર તરીકે વગાડવામાં આવે છે,પણ તે વખતના તેના સૂર,તાલ ભિન્ન હોય છે.

### ૨.૧૫.૩ તારપઅ્ :

તારપઅ્ દોઢેક ઈંચનો વ્યાસ ધરાવતા; કે જે અંદરથી એકાદ સેન્ટિમીટર જેટલો પોલો હોય; એવા દોઢથી બે ફૂટ લાંબા વાંસનું બનાવવામાં આવે છે.જેના ઉપરના ભાગમાં વાંસની પોલી નળીમાંથી પીપૂડી બનાવી; એ પીપૂડીના નીચેના ભાગે કપડાની ચીંદરડી વીંટીને; તારપાના વાંસની પોલી નળીમાં હવાચુસ્ત રીતે લગાડવામાં આવે છે.ત્યારબાદ મુખ્ય નળીના ઉપરના ભાગમાં તાડના લાંબા પાન વીંટીને મોઢાંથી ફૂંક મારી શકાય એવી નાની ભૂંગડી જેવી વાટ બનાવવામાં આવે છે.જેમાં ફૂંક મારવાથી પીપૂડી સહેલાઈથી વાગે છે.જ્યારે વાંસના નીચેના ભાગે તાડના લાંબા પાનથી લાંબા મોટા ભૂંગડા જેવો ભાગ તૈયાર કરવામાં આવે છે.તારપાના વાંસ ઉપર પાંચ છિદ્રો કરેલા હોવાથી તેના ઉપર આંગળી રાખીને જુદાં જુદાં સૂર,તાલ વગાડી શકાય છે.

આ વાજીંત્રનો અવાજ ડોવડા કરતા જુદો હોય છે.પરંતુ સૂર તાલ ડોવડા જેવા જ વગાડવામાં આવે છે.

### ૨.૧૫.૪ નરહીલઅ્ :

એક ફૂટ જેટલા લાંબા વાંસની વાંસળી જેવી પોલી નળીમાં એક બાજુ પાંચ વિંધ પાડવામાં આવે છે.વાંસના ઉપરના ભાગમાં નાની પીપૂડી બેસાડવામાં આવે છે,ને તેમાં ફૂંક મારવા માટે તાડના પાનની નાની ભૂંગડી બનાવવામાં આવે છે.

આ વાદ્યનો અવાજ તીણો અને મનમોહક હોય છે.જે દૂર સુધી સંભળાય છે.

### ૨.૧૫.૫ વાહલી ( વાંસળી ) :

ચૌધરી બોલીમાં વાંસળીને વાહલી કહેવામાં આવે છે.તેના નામની જેમ જ તે બધાની વહાલી છે.ચૌધરી યુવકો તેને પોતાના નોખા તાલમાં વગાડે છે.તેમાં ખાસ કરીને ચૌધરી બોલીમાં સૂર વહેવડાવવામાં આવે છે.જેમાં પોતાના મિત્રોને,સખીઓ અને સાથીઓને સંબોધીને ગીત રૂપે,સંદેશા રૂપે કે પોતાની યાદગીરી રૂપે સૂર વહેવડાવવામાં આવે છે.જે ખૂબ દૂર સુધી સંભળાય છે.સૂર તાલ ઉપરથી વગાડનાર વ્યક્તિના મિત્રો તેને ઓળખી જાય છે.અને મળેલ સંદેશા મુજબ ભેગા થાય છે કે મળે છે.

વાંસળી વાદકો વાંસળી દ્વારા પોતાના હૃદયની વાતો પોતાની પ્રિયતમા સુધી પણ પહોંચાડતા હોય છે,જેને સાંભળીને તેના વિરહમાં ઝૂરતી યુવતી વાંસળીમાં વહેતી હૃદયની એ વાતોને માણીને શાતા અનુભવે છે,ને જો મળવા માટેનો સંદેશ આવે તો મળવા પણ પહોંચી જાય છે.

એક અરસામાં વાંસળી વાદનની કળા આ સમાજમાં ખૂબ ફૂલીફાલી હતી.જેમાં પ્રેમમાં પડલા યુવાનો પોતાની વાતો દિલ ખોલીને - મુક્ત મને વાંસળીના સૂરોમાં વહેતી કરીને પોતાની પ્રેમીકા સુધી પહોંચાડતા.તેમની વાતો આજે પણ સમાજમાં વહ્યા કરે છે.

### ૨.૧૫.૬ ખાંઘલઅ્ :

ખાંઘલઅ્ બે ફૂટ જેટલા લાંબા વાંસની પોલી નળીમાંથી બનાવવામાં આવતું એક તંતુ વાદ્ય છે.જેના એક છેડા ઉપર લાકડાંના પાટિયામાંથી બનાવેલી ઘોડી ફિટ કરવામાં આવે

છે,તો બીજીબાજુ છેડાથી ચારેક ઈંચના ભાગે વાંસની જાડી કામડીની,એકથી દોઢ ઈંચ જેટલી પહોળી અને અરધા ફૂટ જેટલી લાંબી ચીપ લગાડવામાં આવે છે.ચીપના ઉપરના ભાગે એક ઈંચના અંતરે લોખંડનો પાતળો તાર પસાર થઈ શકે એવડું છિદ્ર કરવામાં આવે છે,ને આ છિદ્રથી દોઢથી બે ઈંચ ઉપર બીજું છિદ્ર પાડવામાં આવે છે.ત્યારબાદ વાંસની નળીના છેડાથી દોઢ-બે ઈંચનો ભાગ છોડીને;નળીમાં છેદ કરીને વાંસની બે ખીંટી પસાર કરવામાં આવે છે.

આ વાદ્યમાં પ્રથમ છેડે કે જ્યાં લાંકડાની ઘોડી લાગેલી છે,તેની સાથે તંબૂરાને કે વાયોલીનને બાંધવામાં આવે છે તેવા ઝીણા બે તાર બાંધવામાં આવે છે.જેમાંથી એક તાર બીજા છેડે લગાવેલી વાંસની ચીપના નીચેના કાણાંમાંથી પસાર કરી છેલ્લે રાખવામાં આવેલી વાંસની પ્રથમ ખીંટી સાથે બાંધવામાં આવે છે.બીજો તાર પણ એ જ રીતે વાંસની ચીપના ઉપરના કાણામાંથી પસાર કરી છેલ્લે રાખવામાં આવેલી વાંસની બીજી ખીંટી સાથે બાંધવામાં આવે છે.આ તાર એકબીજા સાથે ભેગા ન થઈ જાય તે માટે ખીંટી વચ્ચે અંતર રાખવામાં આવે છે.તથા આ ખીંટી એક સીધાઈમાં ન લગાવતા થોડી ઉપર નીચે એટલે કે ત્રાંસી લગાવવામાં આવે છે.

હવે જે બાજુ વાંસની ચીપ લગાડવામાં આવે છે તે તરફ વાંસની ચીપને અડીને જ અંદરના ભાગમાં નીચેથી પસાર થયેલ તારની સમાંતર;બે ઈંચ જેટલી વાંસની બીજી ચીપને આડી લગાડવામાં આવે છે.આ ચીપને નીચેના તારની અડોઅડ બેસાડવામાં આવે છે પરંતુ તે તારને અડતી નથી.આ ચીપની નીચે વાંસની નળી અને ચીપના સપોર્ટ માટે વચ્ચે મીણ ભરવામાં આવે છે.જ્યારે પ્રથમ છેડે ઘોડીથી ત્રણ ચાર ઈંચનો ભાગ છોડીને નીચેના ભાગમાં ડોવડીની કોરેલી તુંબડી બાંધી દેવામાં આવે છે,ને ખાંઘલઅ્ વાગવા અને વગાડવા માટે તૈયાર થઈ જાય છે.

આ વાદ્યમાં સિતારની જેમ તારની જુદીજુદી તરંગ લંબાઈના આધારે સૂર ઉત્પન્ન કરવામાં આવે છે.હોળીના અવસરે જ્યારે આખી પ્રકૃતિ જાણે રંગોથી રંગાઈ જતી હોય છે એવાં ટાણે બે ચાર બહેનો ભેગા મળીને આ વાદ્યમાં કલાકો સુધી હોળીના ગીતો વગાડીને આનંદ કરે છે.

ચૌધરી સમાજમાં એવી પણ લોકવાયકા છે કે આ વાદ્યને ઘરની બહાર ખાસ કરીને શેરીમાં,ખળીએ,ખેતરે કે સીમમાં;અથવા જ્યાં ભૂતનો વાસ હોય એવી જગ્યાએ વગાડવામાં આવે તો ભૂત તે સાંભળવા જરૂર આવે છે.તે માત્ર વગાડનાર વ્યક્તિને જ દેખાય છે.આ ભૂત ખાંધલાના સૂર-તાલ પર નાચે છે અને આનંદ માણે છે.

### ૨.૧૫.૭ તીન્દ્ર :

તીન્દ્ર એ બહેનોએ વગાડવાનું વાદ્ય છે.જે ખૂબ જ સાદું અને સરળ વાદ્ય છે.જેમાં વાંસની એક ઈંચ જેટલી પહોળી અને પાતળી છથી નવ ઈંચ જેટલી લાંબી પટ્ટી લેવામાં આવે છે.આ પટ્ટીના બરાબર વચ્ચેના ભાગમાંથી એક ઈંચ જેટલો ભાગ છોડીને એક ચીપ છૂટી કરવામાં આવે છે જેને જીભ કહેવામાં આવે છે.આ ચીપનો બીજો છેડો એક ઈંચ જેટલા ભાગ સુધી પટ્ટી સાથે જોડાયેલો રહે છે.ચીપના આ છેડા ઉપર વજન માટે મીણની નાની ગોળી મૂકવામાં આવે છે.

હવે જે તરફથી ચીપ છૂટી પાડવામાં આવેલ છે,તે તરફના છેડાના ભાગમાં આ પટ્ટી ઉપર ઘાવટી પાડીને મજબૂત સૂતરનો દોરો બાંધવામાં આવે છે.આ રીતે વાદ્ય તૈયાર થાય છે.

આ વાદ્યને ડાબા હાથે બંને હોઠ વચ્ચે પકડી રાખવામાં આવે છે.અને જમણા હાથે વાદ્યના છેડે બાંધેલ સૂતરની દોરીને ઝટકા સાથે ખેંચવામાં આવે છે.જેથી તીન્દ્રમાં રહેલ વચ્ચેની ચીપ ઝંકૃત થવાથી તેમાંથી અનેક પ્રકારના સ્વરો ઉત્પન્ન થાય છે.આ સ્વરને હોઠ સાંકડાં પહોળા કરી એક સુંદર લય અને તાલ આપી શકાય છે.મોટેભાગે તીન્દ્રમાં લોકગીતો વગાડીને સ્ત્રીઓ આનંદ માણતી હોય છે.

### ૨.૧૫.૮ છાંજે (ઝાંજા) :

ઝાંજા પિત્તળના કે કાંસાના બનેલા હોય છે.જેનો ઉપયોગ ડોવડું,ડોવડી કે તારપા સાથે વગાડીને નાચવા માટે થાય છે.નાચણાંમાં નાચતા મોટાભાગના પુરૂષો વડે ઝાંજા વગાડવામાં આવતા હોવાથી એક લયબદ્ધ તાલ ઊભો થતો હોય છે,જે ડોવડું કે તારપું વગાડનારને ઉત્સાહ પ્રેરે છે,સાથે નાચવાવાળાને પણ લયબદ્ધ રીતે નાચવા કૂદવામાં આનંદ આવે છે.

### ૨.૧૫.૯ દેવની લાકડી :

દેવ લાકડી એ ભરેલા વાંસની પાંચથી છ ફૂટ લાંબી લાકડી છે.જેના નીચેના છેડે લોખંડની વળી મારવામાં આવેલી હોય છે.જેથી લાકડી જમીન ઉપર અફાળવા છતાં તેને ઘસારો ન લાગે તથા ફાટે કે તૂટે નહીં.આજ રીતે લાકડીના ઉપરના છેડે પણ લાકડી ફાટે નહી તે માટે વળી લગાડી; તેમાં લોખંડની માછલી લગાડેલ રીંગવાળો ચોરસ સળિયો નીચેના ભાગે અણીદાર બનાવીને બરાબર ફીટ બેસાડી દેવામાં આવે છે.એકાદ ફૂટ જેટલા લાંબા આ સળિયાની ચારે બાજુ લોખંડની નાની ગોળ રીંગો બેસાડેલી હોય છે.આ દરેક રીંગમાં ત્રણ કે ચાર લોખંડની માછલીઓ પરોવેલી હોય છે.આ રીતે તૈયાર કરવામાં આવેલી આ દેવ લાકડીને જમીન પર ઠોકવાથી રીંગમાં પરોવેલી માજલીઓ એક બીજી સાથે અફળાવાથી ઝાંજા કે ઝાંઝરને મળતો અવાજ ઉત્પન્ન કરે છે.

આ રીતે તૈયાર કરવામાં આવેલી દેવ લાકડીનો ઉપયોગ દેવોની પૂજા કરવા જતી વખતે દેવોનું નાચણું નાચવા માટે કરવામાં આવે છે.

### ૨.૧૫.૧૦ તૂર :

તૂર ચૌધરી સમાજમાં મૃત્યુ પ્રસંગે વગાડવામાં આવતું વાદ્ય છે.જે બંને બાજુથી વગાડી શકાય એવું ઢોલકી આકારનું વાદ્ય છે.તૂરના કાંઠલાને કુંભાર પાસે માટીમાંથી બનાવડાવી,તેને નીભાડામાં પકાવીને તૈયાર કરાવેલો હોય છે.તૂરના બંને પડોને જકડવા માટે તેમજ તંગ રાખવા માટે ચામડાની વાધરીનો જ ઉપયોગ કરવામાં આવે છે.તૂરના અવાજને સૂરીલો દૂર સુધી સંભળાય એવો કરવા માટે રાંધેલો ભાત ગૂંદીને પડના વચ્ચેના ભાગમાં લગાડવામાં આવે છે.જેને ભેંણ કહેવામાં આવે છે.

આ તૂરની સાથે વાંસની કામડી કે લાકડાંની દાંડી વડે પિત્તળ અથવા કાંસાની થાળી વગાડવામાં આવે છે.તૂર સાથે થાળી વગાડવી અનિવાર્ય છે.એકલું તૂર કે એકલી થાળી ક્યારેય વગાડવામાં આવતા નથી.

સામાન્ય રીતે ગામમાં કોઈ મૃત્યુ પામે તેના થોડા સમયની અંદર તૂરવાળાને બોલાવી લેવામાં આવતા હોય છે.તૂર વાગતું હોય ત્યાંથી ઘણે દૂર સુધી તેને સાંભળી શકાય છે.તેથી

તૂરનો અવાજ સાંભળીને લોકોને કયા ગામમાં કે ફળિયામાં મૃત્યુ થયું હશે તેનો અંદાજ આવી જાય છે.કેટલાંક ગામોમાં તૂરને બદલે નગાઢં વગાડવાનો પણ રિવાજ છે.

## ૨.૧૬ ચૌધરી બોલી :

દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતી ગામીત,ચૌધરી,કુંકણી,વસાવા,ઢોડિયા, ભીલ, કોટવાળીયા,વારલી,નાયકા,વગરે તમામ આદિજાતિઓ પોતપોતાની અલગ બોલીઓ બોલે છે.આમ તો આ તમામ બોલીઓ બહારથી એકબીજાને મળતી આવતી જણાય છે,તેમ છતાં આ બોલીઓ એકબીજાથી બિલકુલ અલગ છે.એટલું જ નહીં 'ચાર કોસ પર બદલે પાણી,આઠ કોસ પર વાણી' એ કહેવત અનુસાર જુદા જુદા તાલુકામાં વસતા ચૌધરીઓની બોલીમાં પણ ભિન્નતા જોવા મળે છે.જેમકે વ્યારા,વાલોડ કે ડોલવણ જેવા તાલુકાના ચૌધરીઓ જે બોલે છે તેની તુલનામાં માંગરોળ અને માંડવી તાલુકાની ચૌધરી બોલીનું સ્વરૂપ થોડું ભિન્ન છે.મતલબ કે નાના ચૌધરી અને મોટા ચૌધરીઓની બોલીમાં શબ્દોના લય અને ઉચ્ચારણમાં એક સ્પષ્ટ ભિન્નતા તરી આવતી હોય છે,તો વલવડા ચૌધરીઓની બોલીમાં મૂળ તત્ત્વો વધારે જળવાયેલાં જોવા મળે છે જ્યારે નાના ચૌધરીઓની બોલીમાં શહેરી તત્ત્વો વધારે પ્રવેશેલા જણાય છે.

ચૌધરી બોલી ભીલી બોલીમાંથી ઊતરી આવેલી મનાય છે.છતાં એ બોલીના થોડાક શબ્દો અને કેટલીક રૂપરચનાઓ સિવાય ચૌધરી બોલીનું સંપૂર્ણપણે ગુજરાતીકરણ થયું છે.એનું કારણ એ પણ હોઈ શકે કે ચૌધરી લોકો વધુ ને વધુ શહેરી સંપર્કમાં આવતા ગયા છે.પરિણામે તેનું આજનું સ્વરૂપ ઉચ્ચારણ અને કેટલીક રૂપરચનાની વિશેષતાઓ બાદ કરતાં ગુજરાતી જેવું જણાય છે.

એક વ્યાપક દર્શન રૂપે એમ લાગે છે કે ગુજરાતી ભાષામાંથી ચૌધરી બોલીમાં જે શબ્દો કે શબ્દપ્રયોગો પ્રયોજાય છે તેનું સ્વરૂપ ઉચ્ચારણની વિશિષ્ટતાને કારણે બદલાય છે; એટલે ગુજરાતી શબ્દોની ગતિ અપભ્રંશ કે પ્રાકૃત જેવી થતી જણાય છે.

### ૨.૧૬.૧ ચૌધરી બોલીની સ્વરૂપગત કેટલીક લાક્ષણિકતાઓ :

૧. અકારાન્ત શબ્દોમાં સામાન્ય રીતે અંત્ય 'અ' સ્પષ્ટ અને છૂટો બોલાય છે.જેમકે,

ચાર > ચારઅ્

રૂમાલ > રુમાલઅ્

૨.ઘ,છ,ઝ,ધ જેવા મહાપ્રાણ વ્યંજનોમાં ઉચ્ચારણ પર વિશિષ્ટ સ્વરભાર મુકાય છે.જેમકે,

| | |
|---|---|
| ઘર > ખ્હર | ઘામ > ખ્હામ |
| છત્રી > સત્રઅ | ઝાડ > સાડ્અ |
| ધજા > ધ્હજા | ઝભલો > છહ્બલો |

૩. ઉપાંત્ય ‘અ’ ઉચ્ચાર ‘આ’ થાય છે.

અજગર > અજગાર

મગર > મોગાર

૪. ‘ઘ’ નો ઉચ્ચાર ‘ખ’ કે ‘ગ’ જેવો થાય છે.જેમકે,

ઘર > ખર/ ખ્હર

ઘાઘરો > ખાગરો

૫. ‘છ’ અને ‘ઝ’ નો ઉચ્ચાર ‘સ’ થાય છે.જેમકે,

છત્રી > સત્રઅ્

ઝાંપો > સાપો

છાંયડો > સાંયડો

ઝરણું > સરણઅ્

૬. ‘ધ’ નો ઉચ્ચાર ‘થ’ થાય છે.

ધર્મ > થરમ્અ

ધરતી > થરતી

ધજાંબા > થજાંબા

૭. ‘લ’ નો ઉચ્ચાર ‘ન’ થાય છે.

લસણ > નહણ

લીંપવું > નીપવાણઅ

લાવજે > નાવજે

૮. ‘ળ’ નો સામાન્ય રીતે ‘લ’ થાય છે.

દાળ > ડાલ

નળ > નલ

નારિયેળ > નાઇરાલઅ્

૯. ‘સ’ નો ઉચ્ચાર ‘હ’ થાય છે.

સવાર > હવાર

સાંજ > હાંજ

સોનું > હનઅ્

૧૦. ઓકારાન્ત શબ્દો નારીજાતિમાં ઇકારાન્ત બને છે.જેમકે,

નાન્નો > નાન્ની

ટોપનો > ટોપની

વાહડો > વાહડી

૧૧. અકારાન્ત શબ્દો બહુવચનમાં સામાન્ય રીતે એકારાન્ત બને છે.

પાંજરઅ્ > પાંજરે

બલ્જઅ્ > બલજે

વાણગઅ્ > વાણગે

નુંગળઅ્ > નુંગળે

૧૨. ઓકારાન્ત શબ્દો બહુવચનમાં આકારાન્ત બનતા જોવા મળે છે.

મકળો > મકળા

વાંદરો > વાંદરા

પાડો > પાડા

ખોડો > ખોડા

૧૩. છઠ્ઠી વિભક્તિ એકવચનમાં બોલીભેદ પ્રમાણે 'ણ' કે 'ય' પ્રત્યય લાગતો જણાય છે.

ગુલાબનું ફૂલ > ગુલાબણે ફૂનઅ્ / ગુલાબાય ફૂનઅ્

આંબાનું ઝાડ > આંબાણે છાડ/ આંબાય છાડ

૧૪. ભૂતકૃદંતમાં 'લું' ને બદલે 'ન્અ' બોલાય છે.

પાકેલું > પાક્નઅ્

ભાંગેલું > ફાંગ્નઅ્

ભણેલું > ફણીનઅ્

૧૫. ચૌધરી બોલીમાં ક્રિયાના મૂળ રૂપો સામાન્ય રીતે 'વાણઅ્' પ્રત્યયથી ઓળખાય છે.

ઊપણવું > ઊફુણવાણઅ્

વાઢવું > વાડવાણઅ્

લખવું > નખવાણઅ્

૧૬.કેટલાંક રૂપો :

(અ) વર્તમાન કાળ

**(૧) હોવું**

| | એ.વ. | બ.વ. |
|---|---|---|
| પ.પુ. | હાંય હાસેમ | આમે હામ |
| | ( હું છું.) | (અમે છીએ.) |
| બી.પુ. | તું હાસે | તુંમે હા |
| | ( તું છે.) | ( તમે છો ) |
| ત્રી.પુ. | તો હાસે | તે હા |
| | ( તે છે ) | ( તેઓ છે ) |

**૨ વાઢવું**

| | એ.વ | બ.વ |
|---|---|---|
| પ.પુ | હાંય વાળતોમ્ (-તીમ) | આમે વાળતેમ્ |
| | ( હું વાઢું છું) | ( અમે વાઢીએ છીએ) |
| બી.પુ. | તું વાળતો હા ( -તી હા) | તુમે વાળતે હા |
| | ( તું વાઢે છે ) | ( તમે વાઢો છો ) |
| ત્રી.પુ. | તો વાળતો હા / તે વાળતી હા | તી વાળતે |
| | ( તે વાઢે છે ) | ( તેઓ વાઢે છે ) |

( બ) ભૂતકાળ

ઉદા. હાંય હોતનો

( હું હતો )

હાંય વાળતોનો / હાંય વાળતીની

( હું વાઢતો હતો / હું વાઢતી હતી )

( ક) ભવિષ્યકાળ

ઉદા. હાંય હોહી

( હું હોઈશ )

હાંય વાળીહી

(હું વાઢીશ)

(ડ) આજ્ઞાર્થ :

ઉદા. તું ચારઅ્ વાળ

(તું ચારો વાઢ )

તુંમે કામ કરા

(તમે કામ કરો )

માને ખાવાણઅ્ આપ

( મને ખાવાનું આપ )

( ઇ) વિધ્યર્થ :

તોરે કામ કરવા જુજે

(તારે કામ કરવું જોઈએ )

૧૭. ચૌધરી પરિવારોમાં નાના મોટાની ખૂબ જ મર્યાદા રાખવામાં આવે છે.લોહીના સગાને તુંકારથી બોલાવવામાં આવે છે જ્યારે લગ્નથી સગાને માનાર્થે બોલાવવામાં આવે છે.

પાદટીપ :

૧. Gazetteer of Bombay Presidency Vol.IX,p.1

૨. વસ્તી ગણતરી અહેવાલ Vol.xvII,ptP.P.288

૩. ચૌધરી સંસ્કૃતિ ગરિમા,શંકરભાઈ ન.ચૌધરી - પૃ.૨૯૯

૪.Augusta Glatter,Contribution to the Ethnography of Chaudharies,PP.24,25

૫.ચૌધરી સંસ્કૃતિ ગરિમા,શંકરભાઈ ન.ચૌધરી - પૃ.૩૦૦

૬.John Wilson D.P.,Aboriginal Tribes of the Bombay presidency.

૭.ચોધરી અને ચોધરી શબ્દાવલિ,ડૉ.શાંતિભાઈ આચાર્ય - પૃ.૪,૫

૮.ગુજરાતના ચૌધરીઓ,ડૉ.અરવિંદ ભટ્ટ - પૃ.૩૨

૯. Augusta Glatter,Contribution to the Ethnography of Chaudharies,PP.57,58

૧૦. ચૌધરી સંસ્કૃતિ ગરિમા,શંકરભાઈ ન.ચૌધરી - પૃ.૪૯

૧૧. એજન,- પૃ.૬૪

૧૨. આદિમ જાતિઓની સંસ્કૃતિ,ભારતીબેન શેલત - પૃ.૫૩

૧૩.હરખી,ડૉ.અરવિંદ ભટ્ટ - પૃ.૧૦,૧૧

૧૪. દક્ષિણ ગુજરાતના આદિવાસી નૃત્યો,- પૃ.૪